આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૧૫/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૨ ● અંક : ૦૫
સળંગ અંક : ૯૮૧
જુલાઈ-૨૦૨૨

"જે શિક્ષા સઘળે પ્રમાણ ગણી છે ગર્વાણ વાગીશ્વરે,
તે ભાષા ગુજરાતી મધ્ય મુજને આપી રુતિ ઈશ્વરે."

"કહે દલપતરામ રાજા અધિરાજા સુણો,
રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું.

વાણી ગુજરાતી રૂડી રાણી જાણી આજ,
હું વજીર તેનો બની કરું તેનું શુભ કાજ."

દલપતરામ

# સરસ્વતી વિદ્યામંડળ - શૈક્ષણિક શિબિર ૨૦૨૨



**માન. જસ્ટીસશ્રી રવિ ત્રિપાઠી**
ચેરમેન, સરસ્વતી વિદ્યામંડળ
*શૈક્ષણિક શિબિરના ઉદ્‌ઘાટક*



**શ્રી એમ. આઈ. જોષી**
નિયામકશ્રી, ગુજરાત પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય.
*નવી શિક્ષણ નીતિના પરિપ્રેક્ષ્યમાં શિક્ષક તાલીમ*



**શ્રી ઉમાકાંત રાજગુરૂ**
ભાષાવિદ્
*માતૃભાષાનું શિક્ષણ*



**શ્રી જયેન્દ્રસિંહ જાદવ**
મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી
*નવી શિક્ષણનીતિ અમલ અને પડકાર*



**શ્રી સુખદેવ પટેલ**
શિક્ષણવિદ્-એક્ટિવીસ્ટ
*શિક્ષણમાં આકાર લેતો વર્ગભેદ*



**શ્રી મંજીતા વણઝારા**
IPS, કમાંડર SRP, પૂર્વવિદ્યાર્થિની
*જાતીય ગુનાઓમાંથી દીકરીઓને બચાવીએ*




નિવૃતિ શુભેચ્છા કાર્યક્રમ (બૃહદ્સભા)

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓનાં કર્મયોગી ભાઈ-બહેનોનું વ્યક્તિત્વ વિકસે અને રોજિંદા શૈક્ષણિક કાર્યોમાં સતત નવા અભિગમો કેળવાય તે હેતુને ધ્યાનમાં રાખી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ પૉલિટેકનિક, ગાંધીનગર ખાતે તા. ૭ થી ૯ મે-૨૦૨૨ના રોજ શૈક્ષણિક શિબિર કરવામાં આવી હતી. સરસ્વતી વિદ્યામંડળના ચેરમેન માનનીય જસ્ટીસશ્રી રવિ ત્રિપાઠીના વરદ્ હસ્તે શિબિરનો શુભારંભ થયો હતો. આવો આપણા વિદ્યાર્થીને ઓળખીએ શ્રી ચેતનાબેન રાવલ અને શ્રી જયશ્રીબેન ભાવસારે સુંદર વક્તવ્ય તથા રાત્રીસભામાં શ્રી ઉમાકાંત રાજગુરૂએ કુંવરબાઈનું મામેરું વિષય ઉપર આખ્યાન આપ્યું હતું. ગાંધીની નજરે દૂનિયા - શ્રી વનીતાબેન વાચ્છાની અને કાશ્મીરનો ટૂંકો ઈતિહાસ - શ્રી હરીભાઈ ચૌધરીએ પુસ્તક પરિચય આપ્યો હતો. શ્રી સજૂભા ઝાલા અને શ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ સંસ્થા સંચાલનના અનુભવ આધારીત વિચાર ગોષ્ઠી કરી હતી. શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે અને સંસ્થાનું સંગીતવૃંદ દ્વારા 'સરસ્વતીનું સંગીત' કાર્યક્રમ તથા રાત્રિસભામાં સંગીત સંધ્યાનું આયોજન સરસ્વતી સંગીતવૃંદ દ્વારા કરવામાં આવ્યું હતું. નિવૃતિ શુભેચ્છા કાર્યક્રમ (બૃહદ્સભા) નિવૃત થતા કર્મચારી ભાઈ-બહેનોનું સન્માન અને શુભેચ્છા તથા વડીલોના આશીર્વચન, પ્રતિભાવ બાદ સંસ્થાગીત સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. સમગ્ર શિબિરમાં વક્તાશ્રીઓએ તેમનાં વિષય પર માહિતિસભર માર્ગદર્શન આપ્યું હતું જે બધા જ શિક્ષકમિત્રોને ખૂબ ઉપયોગી નિવડશે. સંચાલન શ્રી મૃણાલબેન ઓઝા તેમજ કાર્યક્રમનું આયોજન તથા વ્યવસ્થા શ્રી કે.ડી.પટેલ દ્વારા કરવામાં આવી હતી.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૨

સળંગ અંક : ૯૮૧ | જુલાઈ-૨૦૨૨



સ્થાપક તંત્રીઓ : હરભાઈ ત્રિવેદી, રઘુભાઈ નાયક

તંત્રીઓ : જશીબહેન નાયક, જ્યોતીન્દ્રભાઈ દવે, સજુભા ઝાલા

પરામર્શ : મૃદુલાબહેન ત્રિવેદી, અમીતાબહેન પાલખીવાલા, અશોકભાઈ સોમપુરા, હેતલબેન શાસ્ત્રી, કે. ડી. પટેલ

ડિઝાઈન : મનીષ પટેલ


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત ₹ | પરદેશ $ | પરદેશ £ |
|---|---|---|---|
| વાર્ષિક | ૧૫૦ | ૪૦ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦ | ૨૦૦ | ૧૦૦ |

## અનુક્રમ


આયુષીને ભણવાનું ગમશે — ઋતુ શાહ / ૪

સંપાદકીય — જ્યોતીન્દ્ર દવે / ૫

શિક્ષણના સિતારા — ડૉ. ઈશ્વર પરમાર / ૮

અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી — હીરજીભાઈ નાકરાણી / ૧૪

ધરતીના જીવ, આકાશે આંખ કસ્તૂરી નાભિ માંહિ — મનસુખ સલ્લા / ૧૯

એક વિશિષ્ટ આનંદજનક પીડા ! — હરેશ ધોળકિયા / ૨૦

પ્રેરણાદાયી પુસ્તક — રણછોડ શાહ / ૨૩

શિક્ષણક્ષેત્રના અનુભવો — ડૉ. અરૂણ કક્કડ / ૨૮

પ્રભુ સાથેનો સંપર્ક સેતુ : પ્રાર્થના — ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા / ૩૦

ગ્રંથાલય સ્થાપન-વિસ્તરણનો વૈજ્ઞાનિક અભિગમ નવી પેઢીને વાંચન અભિમુખ કરી શકશે — ડૉ. નાનક ભટ્ટ / ૩૨

કસ્તૂરી : વ્યક્તિ પરિચય - પંડિત શિવકુમાર શર્મા — હેતલબેન શાસ્ત્રી / ૩૪

સ્કૂલ બેગ લેસ ડે : એક નુતન અભિગમ — ડૉ.સંજય આર. તલસાણીયા / ૩૬

મહાભારતમાંથી વિદ્યાર્થીઓએ અપનાવવા જેવા આઠ ગુણ — ડૉ. મિનાક્ષીબેન સી વાણિયા / ૩૮

શિક્ષણસંસ્થામાં આયોજનનું મહત્ત્વ — અશોક સોમપુરા / ૪૦



કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# આયુષીને ભણવાનું ગમશે

ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના
૩૦૨, યશ ઍક્વા કૉમ્પલેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર, વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

વિદ્યાદાનમાં ભણવા આવતાં બાળકો અવનવાં હોય. તેમનો દેખાવ પણ જુદો અને સ્વભાવ પણ જુદો. તેમનાં રસ-રુચિ જુદાં અને શક્તિઓ પણ ભિન્ન-ભિન્ન.

આયુષી નામની સાતમા ધોરણમાં ભણતી એક છોકરીને ભણવાનો કંટાળો આવે. તે આખો દિવસ શૂન્ય-ચોકડી રમ્યા કરે. પોતે તો ના ભણે, પરંતુ પોતાની આજુબાજુ જે બેઠું હોય તેને પણ શાંતિથી ના ભણવા દે. ભણવા સિવાયની બધી હરકતો કરે. ભણે નહીં એટલે ભણવામાં કાચી. ભણે સાતમામાં, પરંતુ બીજા ધોરણનો દાખલો પૂછો તોય ના આવડે.

આયુષીને અભ્યાસ અભિમુખ કેમ કરવી તે વિદ્યાદાનની ટીમ માટે પડકાર બની રહ્યો. હવે શું કરવું ? એક રસ્તો મળી ગયો. વિદ્યાદાનમાં એક દિવ્યાંગ છોકરો ભણવા આવતો હતો. પોતાની તમામ વિકલાંગતાને તેણે ઠેબે ચડાવી હતી. હાથ-પગ યોગ્ય સ્થિતિમાં નહોતા તો પણ તે ખૂબ સારી રીતે ભણીને આગળ વધ્યો હતો. વિદ્યાદાનની ટીમે એક વખત આયુષીને કહ્યું કે આપણા આ સાથીદાર ભણવામાં તેજસ્વી છે. ભગવાને તેમને બરાબર હાથ-પગ નથી આપ્યા. તેમને મગજનો પણ થોડો પ્રોબ્લેમ છે. ભગવાને તને આ બધું સારું આપ્યું છે, પરંતુ તને તે કામનું લાગતું નથી. જો તને વાંધો ના હોય તો આપણે એક સારા ડોક્ટરને બોલાવીને તારા હાથ-પગ અને મગજ એ ભાઈને આપી દઈએ. તેમનું કામ થાય.

પહેલાં તો આયુષીએ હા પાડી, પરંતુ પછી કહ્યું કે ના, ના હોં, હું મારું કશું નહીં આપું.

વિદ્યાદાન તરફથી કહેવામાં આવ્યું કે તો પછી તું એનો ઉપયોગ કર. નહીંતર આપણે કોઈને આપી દઈશું. આયુષીએ જવાબ આપ્યો કે હું આજથી જ તેનો ઉપયોગ ચાલુ કરું છું.

ક્યારેક છોકરાઓનો કાન સીધી રીતે નહીં તો આમ આડકતરી રીતે પકડવો પડે.

## સાચી કેળવણી

*કોઈ એક અંગની નહીં પરંતુ સર્વ અંગોની કેળવણીને સાચી અને સંગીન કેળવણી ગણવામાં આવે છે. પરંતુ એ સર્વ અંગોનો સમન્વય સાંધી શકાય તેવો ક્રમ શિક્ષણમાં દાખલ કરવામાં ન આવે તો કેળવણી પણ અપૂર્ણ જ રહે. શિક્ષણ સંસ્થા દ્વારા અપાતી કેળવણી એ વૈજ્ઞાનિક ઢબે રોજબરોજના વ્યવહારો સાથે સમન્વય પણ સાધવાનો રહેશે. એવો સમન્વય જ ભણનાર બાળકમાં સૈદ્ધાંતિક દૃષ્ટિ રોપશે. અને તેની સાથે વ્યવહારું તાલીમ આપીને પોતાનાં જીવનને જીવવા જેવું સ્વરૂપ દેશે.*

**હરભાઈ ત્રિવેદી**

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## શિક્ષણમાં સ્વાયત્તતા

વર્ષો પહેલાનો પ્રસંગ આજે યાદ આવે છે. શાળાનું ઈન્સ્પેક્શન હતું. એક અધિકારી શાળાના હિસાબો તપાસી રહ્યા હતા. મુ.શ્રી રઘુભાઈ તે દિવસોમાં આચાર્ય કમ હેડક્લાર્ક હતા. અધિકારી શાળાએ કરેલા ખર્ચ અંગે ઓડિટ કરી રહ્યા હતા. આ ખર્ચ કેમ કર્યો છે ? આ ખર્ચ અમાન્ય છે તમે કરી શકો નહીં. તેવી ટિપ્પણી કરી પ્રશ્નો કરતા હતા. શરૂઆતમાં તો રઘુભાઈએ શાંતિથી જવાબો અને ખુલાસા આપ્યા. પરંતુ જરા વધુ પડતું થયું એટલે રઘુભાઈએ કહ્યું, 'જોવો સાહેબ હું શિક્ષક છું, શિક્ષણનો માણસ છું, શિક્ષણ અંગે કયા ખર્ચ કરવા જરૂરી છે અને કયા બિનજરૂરી છે તે અંગે મારી વિવેકબુદ્ધિથી ખર્ચ કર્યા છે. સરકારના નિયમમાં આવતા હોય તેવા ખર્ચ માન્ય રાખો અને નિયમમાં ન હોય તેવા ખર્ચ અમાન્ય કરો. પણ હવે વારંવાર મારી પાસે ખુલાસા માંગશો નહીં.' આટલું કહી રઘુભાઈ ઓફિસમાંથી બહાર નીકળી ગયા.

બીજો એક પ્રસંગ - ગુજરાતના જાણીતા કેળવણીકાર, સાહિત્યકાર અને ચિંતક શ્રી મનસુખભાઈ સલ્લાના મુખે સાંભળેલો પ્રસંગ. તે દિવસોમાં શ્રી મનસુખભાઈ ખડસલીની લોકશાળાના વિદ્યાર્થી હતા. પરીક્ષાનો દિવસ હતો. વિદ્યાર્થીઓ વર્ગમાં ગોઠવાઈ ગયા. પરીક્ષાખંડમાં પ્રશ્નપત્રો આપવામાં આવી રહ્યાં હતાં. અને સમાચાર આવ્યા કે સીમમાં વરસાદ ઘેરાયો છે, શાળાનાં ભોજનાલયનું બળતણ અને ગૌશાળાનું નિરણ (ઘાસ) બહાર ખુલ્લામાં પડ્યું છે. તે સાચવવું જરૂરી છે. તાત્કાલિક નિર્ણય લેવામાં આવ્યો આજની પરીક્ષા સાંજના ભોજન પછી લેવામાં આવશે. વિદ્યાર્થી અને શિક્ષકો લાકડાં અને ઘાસનાં પૂળાને અંદરના રૂમમાં મૂકવાનાં કામમાં જોડાયા. ઝાઝા હાથ રળિયામણા. કામ પૂરું થયું. રાત્રી ભોજન પછી સૌ પરીક્ષા માટે વર્ગખંડમાં ગોઠવાયા. પ્રશ્નપત્ર સવારનું જ હતું. પ્રશ્નપત્રની જાણ હોવા છતાં સૌએ સહજ રીતે પરીક્ષા આપી.

આ હતી શિક્ષણના સ્વાયત્તતાની ખુમારી અને શિક્ષણના સ્વાતંત્ર્યની પાઠશાળા.

આજે શિક્ષણના સ્વાયત્તતાનો વિચાર અમને એટલા માટે આવ્યો કે તાજેતરમાં અશોક યુનિવર્સિટી, ઉચ્ચ શિક્ષણમાં સ્વાયત્તતા અંગે ચર્ચાનું કેન્દ્ર બની છે. વિશ્વકક્ષાની સ્વાયત યુનિવર્સિટીની સ્થાપના બે વિદ્વાન શિક્ષણપ્રેમી શ્રી અશોક ધવન અને શ્રી પ્રતાપભાનુ મહેતાએ કરી છે. બંને શિક્ષણવિદ્ અને શિક્ષણપ્રેમી વિશ્વકક્ષાની યુનિવર્સિટીમાંથી શિક્ષિત અને દીક્ષિત થઈને આવ્યા છે. આપણા દેશમાં ઉચ્ચશિક્ષણમાં વિશ્વકક્ષાની સંસ્થા કાર્યરત થાય તેવા ઉમદા વિચારથી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી અને છેલ્લા એક દસકાથી

ખૂબજ ઉમદા કાર્ય કરે છે. વિશ્વ-વિદ્યાલયના અધ્યાપકો, ફેકલ્ટીસ અને વહીવટકર્તાઓ પણ વિશ્વકક્ષાની યુનિવર્સિટીમાંથી અભ્યાસ મેળવી જોડાયા છે. યુનિવર્સિટી સંપૂર્ણ સ્વાયત્ત અને મુક્તશિક્ષણ માટે સંકલ્પબદ્ધ છે.

સંજોગોવસાત બન્યું એવું કે યુનિવર્સિટીના સ્થાપક સભ્ય અને પૂર્વ વાઈસ ચાન્સેલર શ્રી પ્રતાપભાનુ મહેતા દેશના જાણીતા અખબારમાં નિયમિત કોલમ લખે છે, તેમના વિચારો વ્યક્ત કરે છે. અને હાલની સરકારની કામગીરી અને નીતિ વિષયક નિર્ણયોની ટીકા કરે છે. યુનિવર્સિટી સંપૂર્ણ સ્વાયત્ત છે પણ સંસ્થાના આશરે ૧૫૦ ડૉનર (દાનવીર) નારાજ થયા અને યુનિવર્સિટીને ફંડ આપવાનું બંધ કર્યું. યુનિવર્સિટીના ફંડ ઉપર અસર થઈ. શ્રી પ્રતાપભાનુ ઘણા સમયથી ક્ષોભ અનુભવતા હતા. પરિણામે રાજીનામું આપ્યું. તેમની સાથે ભારત સરકારના પૂર્વ આર્થિક સલાહકાર અને જાણીતા અર્થશાસ્ત્રી શ્રી અરવિંદ સુબ્રમણિયમે પણ રાજીનામુ આપ્યું.

કેટલાકનો મત એવો છે કે સરકાર અને શાસક પક્ષના આડકતરા દબાણને કારણે દાનવીરોએ ફંડ આપવાનું બંધ કર્યું છે. શ્રી પ્રતાપભાનુના સમર્થનમાં યુનિવર્સિટીના અધ્યાપકો અને ફેકલ્ટી મેમ્બરોએ પણ રાજીનામાં આપ્યાં છે તેમના મતે યુનિવર્સિટીની સ્વાયત્તતા ઉપર હુમલો થયો છે. આપણે વિવાદમાં નહીં ઊતરીએ પણ ખાનગી યુનિવર્સિટીની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે. સરકારી યુનિવર્સિટી કે ખાનગી યુનિવર્સિટી ઉચ્ચશિક્ષણમાં સ્વાયત્તતાનો પ્રશ્ન વધુ જટિલ બન્યો છે.

ઉપરના પ્રસંગો ઉપરથી એક વાત નિર્વિવાદ છે કે શિક્ષણમાં સંસ્થાઓની, શિક્ષકોની, અધ્યાપકોની, વહીવટીપાંખની અને સંચાલક મંડળની સ્વાયત્તતા ઘટતી જાય છે.

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં તો સરકારનું સંપૂર્ણ કાબું છે જેમ કે :

શું ભણાવવું - ક્યારે ભણાવવું - અભ્યાસક્રમ - અભ્યાસના દિવસો - દિવસના કેટલા તાસ - વિદ્યાર્થીદીઠ શિક્ષકોની સંખ્યા - વર્ગદીઠ શિક્ષકોનો રેશિયો - પરીક્ષાનું સમયપત્રક - પ્રશ્નપત્રો - તેનું પરિરૂપ જવાબોની કિ.નોટ - ફીનું ધોરણ - રજાઓ - વેકેશન આ બધું સરકારના આદેશ મુજબ ચાલે છે. આટલું ઓછું હોય તેમ આદેશ કે પરિપત્રના અંત ભાગમાં શાળાની માન્યતા રદ કરવાની ધમકી તો હોય જ. અમારા મતે પ્રાથમિક / માધ્યમિક શિક્ષણમાં આપણે સૌ શિક્ષણવિદ્ / શિક્ષણપ્રેમીઓ સરકારના હુકમનું પાલન કરનારા વેઠિયા મજૂર બની ગયા છીએ. ગીરમિટિયા બની ગયા છીએ.

ઉચ્ચ શિક્ષણમાં તો પરિસ્થિતિ વધુ ખરાબ છે. થોડા સમય પહેલા વિશ્વબેંકે આપણી યુનિવર્સિટીઓમાંથી કેટલાક અર્થશાસ્ત્રીઓ અર્થશાસ્ત્રના અધ્યાપકોને એક ખાસ અભ્યાસક્રમ માટે આમંત્રિત કર્યા હતા. અભ્યાસક્રમનો હેતુ યુનિવર્સિટીના અધ્યાપકો, ફેકલ્ટીના સભ્યો, અર્થશાસ્ત્રીઓ રાજ્ય સરકારના બજેટનો અભ્યાસ કેવી રીતે કરવો ? તેના ઉપર Critical Analysis કેવી રીતે કરવું ? બજેટના આંતરિક માળખાની શું વિશિષ્ટતા છે ? શું નબળાઈ છે ? તેનો અભ્યાસ કરવાની પ્રયુક્તિ શીખવવાનો હતો.

દેશના જાણીતા અર્થશાસ્ત્રી શ્રી સ્વામીનાથન અંકલેશ્વરિયા આ અભ્યાસશાળામાં ઉપસ્થિત હતા. તેઓ જણાવે છે કે હાજર રહેલા મોટાભાગના અધ્યાપકો, યુનિવર્સિટીના ફેકલ્ટી મેમ્બર્સ, અને વિભાગના વડાઓએ જણાવ્યું કે રાજ્યસરકારના બજેટની ટીકાઓ કે પૃથક્કરણ કરી દુઃખી થવાની જરૂર નથી કારણકે અમારી નિમણૂંક / પસંદગી / પ્રમોશન બધાનો આધાર રાજ્ય સરકાર ઉપર છે. રાજકારણીઓ અને તેમના દ્વારા નિમાયેલા કે ચૂંટાયેલા સભ્યો, અને ઉચ્ચ હોદ્દેદારોને નારાજ કરવાનું અમને પોષાય નહીં. ઉચ્ચશિક્ષણના આગેવાનોની આવી ભિરુતા છે.

આપણે શિક્ષણની સ્વાયત્તતા સરકારને ત્યાં ગીરો મૂકી છે. તેના કારણો પણ છે. આપણા દેશમાં રામાયણના સમયથી ઋષિઓની બે વિચારધારા હતી. (૧) બ્રહ્મર્ષિ

અને (૨) રાજર્ષિ.

બ્રહ્મર્ષિ એટલે માત્ર સત્યની શોધ કરવી. લાધેલા સત્યને વહેંચવું બીજા શબ્દોમાં કહીએ તો શીખવું અને શીખવાડવું. રાજર્ષિ એટલે રાજ્યને આશ્રિત ગુરુ-શિષ્ય પરંપરા આપણને રાજ્ય આશ્રિત શિક્ષણ વ્યવસ્થા ફાવી ગઈ છે. સૌ પ્રથમ આ વ્યવસ્થામાંથી આપણને ગુરુદ્રોણ મળ્યા. જ્ઞાન/સત્યના ઉપાસક. રાજ્યાશ્રયને કારણે મહાભારતના યુદ્ધમાં કૌરવપક્ષ (અસત્ય) સાથે રહ્યા કારણકે હસ્તીનાપુરના રાજ્યનું અન્ન (પગાર) પેટમાં હતું.

શિક્ષણમાં સ્વાયત્તતા માટે શિક્ષણવિદો / શિક્ષણશાસ્ત્રીઓ અને શિક્ષણપ્રેમીઓએ ટટ્ટાર ઊભા રહેતા શીખવું પડશે. પ્રતિભા અને ચારિત્ર્ય વિકસાવવું પડશે. સાચા અર્થમાં સત્યના ઉપાસક બનવું પડશે. નવી શિક્ષણનીતિમાં સ્વાયત્તતાનો પ્રસ્તાવ છે. એક આશાનું કિરણ છે. તેનો અમલ કરવો મુશ્કેલ છે કારણ બંને પક્ષે સ્વાયત્તતાની સજ્જતા નથી.

•

## Academic Freedom

"By academic freedom I understand the right to search for truth and to publish and teach what one holds to be true. This right also implies a duty : One must not conceal any part of what one has recognised to be true."

- Albert Einstein

## શૈક્ષણિક સ્વાતંત્ર્ય

મારી સમજ પ્રમાણે શૈક્ષણિક સ્વાતંત્ર્ય એટલે સત્યની શોધનો હક્ક અને જે સત્ય સાંપડ્યું (લાધ્યું) છે તે સત્યને શીખવવાનો અને પ્રકાશિત કરવાનો હક્ક. સત્યની શોધના આ હક્ક સાથે જે સત્યની સ્વીકૃતિ મળી છે તેને ઉજાગર કરવાની ફરજ પણ પરોક્ષ રીતે અભિપ્રેત છે.

**- આલ્બર્ટ આઈનસ્ટાઈન**

## શિક્ષણના સિતારા

**ડો. ઈશ્વર પરમાર**
દેવભૂમિ દ્વારકા.

***વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે ''શિક્ષણના સિતારા'' પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે ''શિક્ષણના સિતારા''ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.***

### પરબ માંડી જેણે હેતની
### સુમતિબહેન પ્રા. વૈદ્ય

'નવજીવન', ૧૩, શિક્ષક કોલોની,
ભક્તિનગર સર્કલ પાસે, વાણિયાવાડી નજીક, રાજકોટ-૨

કન્યાઓને કેળવણી આપતી સૌરાષ્ટ્રની એક ધ્યેયનિષ્ઠ સંસ્થાના એક સમર્પિત સ્વયંસેવિકા તેમજ આચાર્યા હીંચકે બેઠાં હતાં. એમનું ઘર સંસ્થાની વસાહત (કેમ્પસ)માં હતું એટલે અવલોકન તો સતત ચાલુ જ હોય. એમની નજર આજેય બાળઅધ્યાપન મંદિરની એક તાલીમાર્થી બહેન પર પડી એટલે પૂછ્યું : ''તમે રોજ વહેલા કેમ આવો છો ?''

''બહેન, મેં ગામમાં સીવણના વર્ગો શરૂ કર્યા છે, એટલે ત્યાં સવારનો વર્ગ ભરીને સીધી અહીં આવું છું.''

''પણ રોજ આમ વહેલાં આવો તો તમારું જમવાનું શું થાય ?''

''સાંજે ઘેર જઈને જમું છું.''

''વિદ્યા, તમે રોજ આમ ભૂખ્યાં આવો તે ઘેર તેમને કોઈ કંઈ કહેતું નથી ?''

આ પ્રશ્ન થતા જ વિદ્યાની આંખો વરસી પડી. એને પોતે પરિણીત હોવા છતાં મજબૂરીથી કેન્સરગ્રસ્ત પિતાને ઘેર રહેવું પડતું હતું. તેની કરુણ કથની સાંભળીને આચાર્યાએ હેતપૂર્વક કહ્યું, ''આજે તો અમારી સાથે જ જમી લો. તમારી જે કંઈ જરૂરત હોય તે કહેજો. કંઈક ઉપાય કરીશું.'' ને ઘટતા ઉપાયો કરીને વિદ્યાનું ભણતર પાર પાડ્યું.

આવી રીતે સહાય પામતી બહેનો આચાર્યને અને સંસ્થાને કેમ ભૂલે ? દીન-હીન દશામાં મુકાઈ ગયેલી એક બહેન કાંખમાં માંદલું છોકરું લઈને આવી પહોંચી. ''બહેન, અમને સંસ્થામાંથી વિદાય આપતી વખતે તમે કહેતા હતા ને કે આ સંસ્થા તમારી છે, જ્યારે જરૂર પડે ત્યારે આવજો. સાસરીનાં અસહ્ય દુ:ખથી વેઠતાં વેઠતાં તમારા આ શબ્દો કાનમાં ગૂંજતાં હતાં. બસ, તેથી આવી છું.''

આમ કહીને મેના આ સંસ્થાનાં બાલઅધ્યાપન મંદિરમાં ભણીને પ્રથમ વર્ગમાં પાસ થઈ હતી. પોતાની કરુણ કથની વિસ્તારથી કહીને ઉમેર્યું, ''બહેન, મારું પ્રમાણપત્ર પણ એમણે ફાડી નાખ્યું.''

આચાર્યાએ તત્કાળ તો મેનાને નાસ્તો કરાવ્યો. બસો રૂપિયા આપ્યા. કામચલાઉ પ્રમાણપત્ર લખી આપીને નોકરી મેળવવામાં પણ સહાય કરી.

વિદ્યા-મેના જેવી યુવા-પ્રૌઢ વિદ્યાર્થિનીઓ જ નહીં, સંસ્થાનાં બાલમંદિરમાં આવતાં બાળકો પણ તેમના હેતાળ ઝરણાંમાં ધુબાકા મારે ! મુન્ની ને તેના પપ્પા સાંજે આઠેક


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

વાગ્યે આ બહેનને ઘેર આવ્યાં. બીમાર પડી જવાથી મુન્ની વીસેક દિવસ બાલમંદિરે આવી શકી ન હતી. આજે સહેજ સાજી થતાં હઠ લીધી, ''મારે બાલમંદિરે રમવું છે. હાલ ને હાલ !''

બાળહઠવશ વાલી સસંકોચ મુન્નીને લઈને સંસ્થામાં આવ્યા. મુન્ની તો બહેનને જોતાં ખુશ ખુશ થઈ ગઈ ને ટહુકી, ''ચાલો બેન, મારે બાલમંદિરમાં રમવા જવું છે.''

બાલમંદિર માટેનો બાળકનો પ્રેમ જોઈને બહેને રાત્રે બાલમંદિર ખોલ્યું. મુન્ની ધરાઈને રમી. હીંચકે ઝૂલી, લપસિયે લસરી, ટેકરી ચઢીને ઊતરી. તેની આનંદવિભોર આંખો ઘેરાવા માંડી ત્યારે વાલી તેને ખભે સુવડાવીને ઘેર લઈ ગયા.

એ આચાર્યાને ત્યાં ઘર-કામ કરવા આવતા એક બહેનની સાથે એમની બારેક વર્ષની દીકરી પણ આવે. એ ગરીબ છોકરી વાસણ માંજતી મા પાસે બેઠી બેઠી સંસ્થાના પ્રાંગણમાં રમતાં-ભમતાં બાળકોને ઉદાસ ચહેરે જોયા કરતી. આ જોઈને આચાર્યાએ પેલી બાળાને પોતાની પાસે બેસાડીને ભણાવવા માંડી. ભણવામાં તેનું ચિત્ત જ ચોંટે. પછી તો તે બાળાએ કોઈ ન જુએ તેમ રમતાં-ભમતાં બાળકોને ડરાવવાનું અને મારવાનું શરૂ કર્યું. ફરિયાદ આવી. હેતાળ આચાર્યને ખ્યાલ આવી ગયો કે પોતાના જેવડાં જ બાળકોને અહીં જે સુવિધા મળે છે, તેનાથી વંચિત રહેતી એ બાળાનું આ વિકૃત્ત વર્તન છે. બહેને તે બાળાને સંસ્થાની શાળામાં દાખલ કરી ને તે દીકરી ડાહી થઈ ગઈ.

વાલીઓને પણ સાચી સમજ આ આચાર્યા પાસેથી મળી. એક વાલી કહે, ''બહેન તમારું બાલમંદિર બધી રીતે સારું ગણાય છે; પણ મારું બાળક ચાર માસથી દાખલ થયેલ છે છતાં તેને એકડા-બગડા તો આવડતા જ નથી. આવું કેમ ?''

''અહીં મોકલ્યાં પછી બાળકમાં બીજો કંઈ ફેરફાર જણાય છે ?''

''હા, બહેન, સ્વચ્છતા ને સહકાર ને વિવેક તો તેનામાં વિકસ્યો હોય તેવું જરૂર જણાય છે.''

''બાળકને સારી ટેવો પડે, સારી રીતે વર્તે, માતાથી છૂટું પડે એ બધી બાબતો પણ શિક્ષણનો જ એક ભાગ છે. માત્ર અક્ષરજ્ઞાનને તમે શિક્ષણ માની લો છો એટલે જ તમને આવો પ્રશ્ન થયો છે. મેં કહ્યું તે રીતે બાળકની પ્રગતિ મુલવશો તો પછી આ બાલમંદિરમાં કંઈ શીખવવામાં આવતું નથી એમ તમને નહીં લાગે.''

આમ અનેક વાલીઓ, બાળકો અને વિદ્યાર્થિનીઓ તેમજ શિક્ષણ-સંસ્કારપ્રેમીઓની શ્રદ્ધાને પાત્ર થઈ ચૂકેલા આચાર્યા તે સુશ્રી સુમતિબહેન વૈદ્ય અને સંસ્થા તે રાજકોટનાં વલ્લભ કન્યા કેળવણી મંડળનું શિક્ષણસંકુલ.

આ સંસ્થામાં લગભગ ચાર દાયકા રહીને તેને ઉછેરનાર અને વિકસાવનાર પાંચ સ્વયંસેવિકા બહેનોમાંનાં એક તે સુમતિબહેન. એમનો જન્મ વડોદરા મુકામે તા. ૨૯-૧૦-૧૯૧૮ના રોજ થયો હતો. માતા નવલબહેન અને પિતા ડૉ. પ્રાણજીવનભાઈ પોતાના સંતાનો ખૂબ સંસ્કાર અને શિક્ષણ મેળવે તે માટે ઉત્સાહ આપતાં રહેતાં હતાં. પિતાજીએ દાક્તરીવિદ્યા શીખીને વડોદરા રાજ્યની નોકરી સ્વીકારી હતી.

સુમતિબહેને પ્રાથમિક શિક્ષણ આંતરસુબા અને જેતપુરમાં લીધું હતું. મેટ્રિકમાં ભણતા મોટાભાઈ બાબુભાઈ સાથે મોડી રાત લગી વાંચતા સુમતિબહેન પાંચમા ધોરણમાં પહેલે નંબરે પાસ થયાં અને સિત્તેર ટકાથી વધુ ગુણ મળેલ હોવાથી ડબલ-પ્રમોશન મળ્યું. છઠ્ઠાને બદલે સાતમા ધોરણમાં મુકાયા. સાતમાં ધોરણની છ માસિક પરીક્ષામાં પણ સિત્તેર ટકાથી વધુ ગુણ મળતાં તે જ વર્ષે બીજા સત્રથી આઠમા ધોરણમાં પ્રવેશ અપાયો.

સાતમા ધોરણમાં હતા ત્યારે પિતાજીની બદલી વડોદરાથી ડભોઈ થઈ. વડોદરામાં જ ભણતર ચાલુ રાખવા માટે સુમતિબહેન સરકારી કન્યા છાત્રાલયમાં દાખલ થયાં અને તેમાં રહીને પાંચેક વર્ષ ભણ્યાં. આ અનુભવ ભવિષ્યમાં છાત્રાલય તેમજ શિક્ષણસંસ્થાનું સંચાલન કરવામાં કામે લાગ્યો જ હોય ને ! નવમા ધોરણ વખતે ટાઈફૉઈડ થતાં અભ્યાસ છોડીને ઘેર આવવું પડ્યું.

તે વરસે પરીક્ષા ન આપી શકાઈ તો ચિત્ર સિવણનો અભ્યાસ કર્યો જે આગળ જતાં ઉપયોગી થયો. પછીથી નવમા ધોરણની વાર્ષિક પરીક્ષામાં પણ સિત્તેર ટકાથી વધુ ગુણ મળવાને લીધે એમને દસમા ધોરણમાં ભણવું જ ન પડ્યું. સીધા મેટ્રિકમાં. આ પરીક્ષામાં પણ સારા ગુણ મળ્યા. એમની ઇચ્છા તો એલ.સી.પી.એસ. થઈને દાક્તર થવાની હતી પણ માતાએ તત્કાળ સ્નાતક થવા સૂચવ્યું અને તેથી તેઓ કર્વે યુનિવર્સિટીની સ્નાતિકા (જી.એ.) થયાં. (૧૯૩૭)

તે સમયમાં નાજિદ મુકામે ચાલતા વિઠ્ઠલ કન્યા કેળવણી મંડળના કન્યા વિદ્યાલયના રાષ્ટ્રીય ભાવનાથી તરબતર ભાવાવરણથી પ્રભાવિત થયેલાં ખાદીધારી સુમતિબહેન તે સંસ્થામાં સ્વયંસેવિકા તરીકે જોડાયા. તે પછીને વર્ષે (૧૯૩૮) યોજાયેલ હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં તાલીમબદ્ધ સ્વયંસેવિતા સુમતિબહેને મથક નાયક તરીકે ખૂબ પરિશ્રમયુક્ત સેવાઓ આપી. નડિયાદના કન્યા વિદ્યાલયે સુમતિબહેનને શારીરિક શિક્ષણની તાલીમ લેવા કાંદીવલી (મુંબઈ) મોકલ્યાં અને તેથી તેઓ ડી.પી.એડ્. થયાં. (૧૯૪૦)

યુવા સુમતિબહેનનાં લગ્ન અંગેના વિચારો આ મતલબના બંધાયાં હતાં : લગ્ન કરીએ તો તો જીવન એક ઘરકુટુંબમાં ને તેની જવાબદારીઓમાં જ રોકાઈ જવાનું થાય અને એ બધી ફરજોમાં આપણે મુક્તપણે દેશની આઝાદીની લડતોમાં કે એવા પ્રકારના કાર્યોમાં ભાગ ન લઈ શકીએ. માતા નવલબહેને પણ લગ્ન અંગે પૂછ્યું ત્યારે પોતાના આ વિચારો જણાવ્યાં. જીવન અને જાગૃત્ત દીકરી લગ્ન અંગે પોતાની રીતે નિર્ણય લે તેમાં માતા-પિતાને કશું હરકત સરખું લાગ્યું નહીં.

'હિંદ છોડો' આંદોલન ૧૯૪૨માં શિક્ષણસંસ્થાઓને બંધ રાખીને આંદોલનમાં જોડાવાની છૂટ સરદાર વલ્લભભાઈ તો આપી જ ચૂક્યા હતા. સુમતિબહેને પણ તેમાં જોડાવાં માટે માતા-પિતાની સંમતિ મેળવી.

'હિંદ છોડો' આંદોલનમાં જોડાઈ શકવા માટે વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની સ્વયંસેવિકાઓએ સાથે મળીને નિર્ણય લીધો કે અત્યારે તો સંસ્થા બંધ કરી દેવી અને છાત્રાઓને તેમને ઘેર મોકલી આપવી. સંસ્થા પર સરકારની જપ્તી ન આવે તે માટે જેણે આંદોલનમાં જોડાવું હોય તેમણે સંસ્થામાંથી રાજીનામું આપી વ્યક્તિગત રીતે નિર્ણય લેવો. આ રીતે સુમતિબહેન આંદોલનમાં જોડાયાં અને ત્રણ માસ જેલમાં પણ રહ્યાં.

જેલમાં તલાશી થતા તેમની થેલીમાંથી વાઘનખ નીકળ્યો ! જેલર કહે, ''તમે તો અહિંસક લડતમાં જોડાયાં છો. આ શા માટે ?''

''આ તો સ્વરક્ષણ માટે છે. પોલીસો તો અમને પકડીને અધવચ જંગલમાં પણ ઉતારી દે છે. આવા સંજોગોમાં આવું સાધન કંઈક કામ તો લાગે ને !''

''તો તો મને પણ એક વાઘનખ મેળવી દો.''

અને બહેનાએ 'તથાસ્તુ' કહ્યું ને કર્યું પણ ખરું !

ચારેક માસ પછી આંદોલન સમેટાયા પછી સુમતિબહેન વડોદરા માતા-પિતા પાસે આવી ગયાં. હવે ફરી વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં જોડાવા માટે નવેસરથી અરજી કરવાનું સંસ્થાએ જણાવ્યું. આ વ્યવહાર ખટકવાથી નડિયાદ ન જતાં સુમતિબહેન બોરીવલી ગયાં અને ત્યાં કસ્તુરબા સ્મારક નિધિ અન્વયે યોજાયેલ કાર્યકર શિબિરમાં ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવાઓ આપી. તે પછી ઘાટકોપરમાં ચાલતી રાષ્ટ્રીય શાળામાં યશદાયી કામગીરી ચાલી. (૧૯૪૪-૪૫) આ જ વર્ષે માર્ચમાં માતાનું અવસાન થતાં મુંબઈ છોડીને વડોદરા આવવું પડ્યું. હવે ઘેર પિતાજીને સાચવવાની સાથે ન્યૂ ઈરા હાઈસ્કૂલમાં જોડાયાં. (૧૯૪૪-૪૫)

આ શાળામાં શિક્ષકોએ સંચાલન મંડળ તરફથી થયેલ કોઈ અન્યાય સામે દાદ મેળવવા હડતાલ કરી. પાંચેક દિવસ થઈ ગયા એટલે સંચાલન મંડળના પ્રમુખે કેટલાક આગેવાન શિક્ષકોને તેડાવ્યા. એમની વાતચીતની રીત એવી કે શિક્ષક જાણે એમના ઘરનોકર. એમણે કહ્યું, ''જુઓ, આવી તો કંઈક મિલહડતાલો અમે જોઈ નાખી

છે. તમે માસ્તરો શું કરી શકવાના છો ?''

સુમતિબહેનથી ન રહેવાયું : ''આપે મજૂરોની હડતાલ જોઈ હશે, પણ આ તો શિક્ષકોની હડતાલ છે.''

''શિક્ષક હોય તો શું થયું ? પગાર તો સાઠ રૂપરડી જ મળે છે ને ?''

''કોઈ સટોડિયા પાસે બે-ચાર લાખ રૂપિયા હોય તેથી કંઈ શિક્ષકની વિદ્વતા સાથે એની તુલના ન જ થઈ શકે. પૈસો અને વિદ્વતા એ બે જુદી બાબતો છે.''

પ્રમુખશ્રી અકળાઈ ગયા : ''આ બહેન કોણ છે ? એમની સાથે વાત કરતાં મારું બી.પી. વધી જાય છે.''

''વડીલ, આપની તબિયત બગડી જતી હોય તો ચાલ્યા જઈએ. બાકી, આપે વાત કરવા બોલાવ્યાં એટલે અમે આવ્યાં છીએ.''

ગરમ ચર્ચા કરીને સૌએ કડક ચા પીધી ને છૂટા પડ્યા. પ્રમુખશ્રીનાં મનમાં સુમતિબહેનનાં સ્વમાની શબ્દો પડઘાયા કરતા હતા. એટલે એમણે બે સિનિયર શિક્ષકોને રોકીને કહ્યું, ''પેલા બેન કોણ ?''

''નવા આવ્યાં છે - સુમતિબહેન વૈદ્ય.''

''એને સ્કૂલમાં ન ચલાવી લેવાય. શાળાના પહેલા દિવસની સવારે છૂટા કરી દેવા જોઈએ.''

''આપની ઈચ્છા. હા, એટલું ખરું કે તેમને માટે વિદ્યાર્થીઓને ખૂબ આદર છે. એમને જો છૂટા કરશો તો સાથોસાથ વિદ્યાર્થીઓની પણ હડતાલ આવી પડશે.''

આ સાંભળીને પ્રમુખશ્રી સૂનમૂન !

નડિયાદમાં સુમતિબહેનનાં સહકાર્યકર રહી ચૂકેલાં સુભદ્રાબહેન પણ એ વર્ષે વડોદરાની એક હાઈસ્કૂલમાં જોડાયાં હતાં. આ બંને સહિયારો લગભગ દરરોજ મળે એ ભાવિ કાર્ય અને જીવન વિશે સહવિચારણા ચાલે. ''કોઈ ભડ દાનવીર એક લાખ રૂપિયા આપી દે અને કહે કે મેં આપ્યા તને. ફાવે તો કંઈ સર્જન કર, ને ન ફાવે તો ચીંથરે બાંધીને કૂવે નાખી દે - તો કેવી મઝા પડે ! આપણે જો કોઈ નવી શાળા શરૂ કરીએ તો તે કેવી હોય ?'' પછી બંને બહેનો સંભવિત શાળાના કાર્યક્રમોનું આયોજન વિચારે ને નોંધ પણ કરે. આમ સમય પસાર થતો હતો. એપ્રિલ માસ આવ્યો. બંનેની શાળાઓની વાર્ષિક પરીક્ષાઓ પૂરી થવામાં હતી તેવામાં આ બંને બહેનનાં જીવનમાં વળી એક વળાંકની વેળા આવી રહી હતી તેમાં એમને તો અણસારેય ક્યાંથી હોય ?

એમની સુવાસ તો સૌરાષ્ટ્રના એક ત્યાગી રાજવી શ્રી દરબાર ગોપાલદાસ અને નિકટ ભવિષ્યના સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી શ્રી ઢેબરભાઈ સુધી પહોંચી ગઈ હતી. આ બંને મહાનુભાવો નડિયાદના જેવી જ હેતુલક્ષી કન્યા કેળવણી સંસ્થા રાજકોટમાં શરૂ કરવા ઈચ્છતા હતા. આ સ્વપ્ન સાકાર કરવા માટે આ સુ'બહેનોની સેવાઓ મેળવવી તેમને જરૂરી લાગી. સંપર્ક પણ કર્યો.

વડોદરાના સયાજીગંજમાં, મગનભાઈ પટેલના મકાનમાં દરબારસાહેબે બંને બહેનોને તેડાવ્યા. સંભવિત સંસ્થાની વાત કહીને પૂછ્યું, ''તે માટે તમે રાજકોટ આવશો ?''

આમ તો દોડવું હતું ને ઢાળ મળી ગયો ! વડીલોને પૂછીને જ દી' બંને બહેનો સંમતિ આપી આવ્યાં. વહાલી અને સુપરિચિત સંસ્કાર-નગરી વડોદરા છોડીને તે સમયના રૂઢિચુસ્ત અને અપરિચિત રાજકોટ વિસ્તારમાં બેસવાનો પડકાર ઝીલી લીધો.

મે, '૪૬માં રાજકોટ આવીને ઉક્ત મહાનુભાવોના માર્ગદર્શન નીચે ધીમેધીમે સંસ્થા-સંચાલનનો ભાર બંને બહેનોએ પોતાના ખભે લઈ લીધો. ફોર્મ્સ, રજિસ્ટર્સ, વાસણો, ફર્નિચર તૈયાર કરાવ્યાં અને ખાસ તો કન્યાઓના રૂઢિચુસ્ત વાલીઓનો વિશ્વાસ મેળવવા સંપર્ક કર્યો. શરીર અને સમયની પરવા કર્યા વિના સતત સૂઝપૂર્વકનો શ્રમ કરીને પૂજ્ય ભક્તિબાની અનન્ય ચાહના મેળવી.

નવમી જૂન, ૧૯૪૬ના સુવર્ણ દિને રાષ્ટ્રીય શાળામાં કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલયનો શુભ આરંભ થયો. સુભદ્રાબહેન સાથે સુમતિબહેન તેમજ તેમના નાનાં બહેન સુશીલાબહેન અને અન્ય બે બહેનોએ તો સંસ્થાના આદ્ય સ્વયંસેવિકા બનીને બાર વર્ષ તો અચૂક સંસ્થામાં રહેવાનું

સ્વીકાર્યું હતું અને ત્યાર પછી તો એ સૌ એવાં સંસ્થામય થઈ ગયાં કે જીવનના ચાર દાયકા (૧૯૪૬-૮૮) કેમ વહી ગયાં તેની તેમને ખબર ન રહી !

સુમતિબહેન સંસ્થા-વલ્લભ કન્યા કેળવણી મંડળની વ્યવસ્થાપક સમિતિનાં મંત્રીપદે (૧૯૪૭-'૮૫), કન્યા વિદ્યાલયના ઉપાચાર્યપદે (૧૯૪૬-'૫૯) અને બાલઅધ્યાપન મંદિરના આચાર્યપદે (૧૯૫૯-'૭૮), એમ વિવિધ હોદ્દે રહ્યા પણ તે એક વ્યવસ્થા ખાતર; વાસ્તવમાં તેઓ સમગ્ર સંસ્થાના અંગભૂત બની રહ્યાં. આ શિક્ષણ-સંકુલમાં એમણે અનેક શૈક્ષણિક પ્રયોગો કર્યા અને પ્રણાલિકાઓ પાડી. તે સમયના રૂઢિચુસ્ત વાતાવરણમાં નવા ચીલા પાડવાના હોવાથી સુમતિબહેન અને તેમના સહકાર્યકરોએ ધીરજપૂર્વકના પ્રયત્નો સતત ચાલુ રાખવા પડ્યા.

નાની બાળાઓ પણ કસરત કરતાં શરમાતી. સુમતિબહેન એમને કસરત કરાવતી વખતે દોડે તો ગ્રામ્ય જ નહીં, નગર વિસ્તારમાંથી આવેલી બાળાઓ જીભ બહાર કાઢે ! અન્ય શિક્ષિકાઓ પણ રમતમાં જોડાય ત્યારે તેઓ રમવાનું માંડ મન કરે અને પછી તો સુમતિબહેનની સિસોટી વાગતાં ને આદેશ થતાં સમૂહ વ્યાયામના આકર્ષક દાવા શિસ્તબદ્ધ ઢબે થવા માંડ્યા !

કન્યા છાત્રાલયમાં સ્વાવલંબનની તાલીમ અપાય. રક્ષાબંધન, શરદોત્સવ, પ્રવાસો અને વાલીદિનની પણ પ્રણાલિકા પડી. શાળેય શિક્ષણ ઉપરાંત સિવણ, ચિત્રકળા અને હસ્તઉદ્યોગની તાલીમની પણ વ્યવસ્થા ગોઠવાઈ. સોમનાથ મંદિરના જિર્ણોદ્ધાર પછીના સમારંભ ઉત્સવ (૧૯૫૦) વખતે સુમતિબહેને એકસો છાત્રાઓ-સ્વયંસેવિકાઓને લઈને પચીસેક દિવસ સેવા-સહકાર આપ્યો હતો.

અમુક વર્ષો સુધી પ્રાર્થના પછી સમૂહ કાંતણનો કાર્યક્રમ રહેતો. કેટલીક વિદ્યાર્થિનીઓ શિક્ષણ ફીનો અમુક હિસ્સો પોતે બનાવેલ આંટી વેચીને આપતી પણ પછી આંટી વણવાની સગવળ સુલભ ન રહી. બહેનોની સંખ્યા પણ વધી ને શાળેય અભ્યાસક્રમનું ભારણ પણ વધ્યું તેથી કાંતણ કાર્યક્રમનો પ્રયોગ નભી ન શક્યો.

શિક્ષણક્ષેત્રે મૂલ્યોની જાળવણી માટે સુમતિબહેન સદાય જાગૃત રહ્યા. તેઓ બાલઅધ્યાપન મંદિરનાં આચાર્યા હતાં ત્યારે તાલીમાર્થી બહેનોએ હસ્તવ્યવસાયના વિષયમાં જુદા જુદા નમૂનાઓ તૈયાર કરવાના રહેતા. કેટલીક બહેનો બીજા પાસેથી નમૂના મેળવીને છેલ્લે તે રજૂ કરી દેવાની ચતુરાઈ અજમાવે ખરાં પણ ફાવે નહીં. એમને ફરી નમૂના તૈયાર કરવા પડતાં - ઑફિસમાં બેસીને.

સુમતિબહેને તે વિદ્યાર્થીને નાપાસ કરી પણ તેના પિતાએ ખાતામાં જઈને વગના જોરે પુત્રીને પરીક્ષામાં પાસ જાહેર કરાવી. આમ કેમ બન્યું ? સુમતિબહેને ખાતાનો ખુલાસો માંગ્યો - "મેં જેને નાપાસ કરેલ છે તે પાસ શી રીતે થયાં ? હસ્તવ્યવસાય, સંગીત, વ્યાયામ તેમજ પ્રાયોગિક પાઠોના નિયત ગુણ અમારે મૂકવાના હોય છે; તો આ કિસ્સામાં અમે આપેલ પરિણામમાં ફેરફાર કરવાનો ખાતાને અધિકાર ખરો ?"

વાત શિક્ષણાધિકારી સુધી પહોંચી. વાલી કોર્ટે ચડ્યા. છેવટે, નમૂના ન આપનાર બહેન નાપાસ થયાં અને બીજા બહેનો માટે નમૂનારૂપ બન્યા !

પ્રાયોગિક પાઠોના બાહ્ય પરીક્ષકો વાર્ષિક પાઠો ચાલતા હોય ત્યારે જોતા કે નબળા પાઠ આપનારને ખુદ સુમતિબહેન નાપાસ કરતાં હતાં. એક પરીક્ષકે તો કહ્યું પણ ખરું, "આમ નાપાસ કરશો તો બહેન, તમારી સંસ્થાના પરિણામના ટકા ઓછા થઈ જશે."

સુમતિબહેનનો કાયમી જવાબ - "મને મારી સંસ્થાનું ઓછા ટકા પરિણામ આવે તેની ચિંતા નથી; પણ મારા હાથ નીચે તૈયાર થયેલ શિક્ષિકા અણિશુદ્ધ, નિષ્ઠાવાન અને ટકોરાબંધ હોવી જોઈએ. ખોટી રીતે પાસ થયેલ તાલીમાર્થી ત્રીસ વર્ષ શિક્ષક તરીકે કામ કરે અને હજારો બાળકોનું ભવિષ્ય બગાડે તે એક પ્રકારની કુસેવા છે. આપણને એવા શિક્ષકો બહાર પાડવાનો શો અધિકાર ?"

સંસ્થાના પાયાના પથ્થર સમાન સુમતિબહેન સંસ્થાવિકાસનાં સતત સહભાગી રહ્યાં. બાલમંદિર, પ્રાથમિક શાળા, કન્યા વિદ્યાલય, ઉચ્ચતર માધ્યમિક શાળા અને બાલઅધ્યાપનમંદિર જેવી સંસ્થાઓથી વિદ્યાનો જાણે વલ્લભ વડલો છવાઈ રહ્યો. ભાડાના મકાનમાં અગિયાર કન્યાઓથી આરંભાયેલી સંસ્થામાં આજે બે હજારથી વધુ બાળાઓ શિક્ષણ અને સંસ્કાર પામી રહી છે. આ એક શાંત છતાં ક્રાંતિકારી સાંસ્કૃતિક ઘટનાની નોંધ ગુજરાતના શૈક્ષણિક ઈતિહાસમાં તેના પાયાના પથ્થરોના નિર્દેશ સહિત આલેખ્યા વિના કેમ ચાલશે ?

સાહિત્ય, ઈતિહાસ, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, શારીરિક શિક્ષણ, આપકથા, સિવણ અને ચિત્રકામ જેવા વિષયોનો સૂઝભર્યો રસ દાખવતા સુમતિબહેને બાળઉછેર અંગેનાં પાંચ માર્ગદર્શક પુસ્તકો પણ લખ્યા છે જે વાલીઓ અને શિક્ષકોને ખૂબ ઉપયોગી થાય તેવા છે. પ્રૌઢશિક્ષણ, હરિજન-સેવા અને સ્ત્રી ઉન્નતિનાં ક્ષેત્રે પણ તેઓ સક્રિય રહ્યાં. બાલઅધ્યાપન મંદિરના આચાર્યપદેથી વયમર્યાદાને કારણે તેઓ નિવૃત્ત થયાં. (૧૯૭૮) પ્રત્યક્ષ વર્ગશિક્ષણનો આનંદ હવે સરકી જનાર હતો તેથી તેમની આંખોમાં આંસુ આવી ગયા નવી નેતાગીરીને આવકારવા અને પોતાની શારીરિક મર્યાદાનો હવે અહેસાસ થતાં સંસ્થાના મંત્રીપદેથી પણ નિવૃત્ત થયાં. (૧૯૮૬) રાજકોટના શિક્ષણપ્રેમી નાગરિકો તેમજ સંસ્થાઓ તરફથી તા. ૩૦-૧૧-૧૯૮૮ના દિને સુ'બહેનો (સુભદ્રાબહેન, સુમતિબહેન અને સુશિલાબહેન)નાં કાર્ય-સાતત્યની કદર રૂપે એક ભવ્ય સન્માન સમારંભ યોજાયો હતો. સુમતિબહેનથી હવે પ્રવૃત્તિશીલ રહી શકાતું ન હતું. તેમને થયું કે સંસ્થાની વસાહતમાંનું એક મકાન હવે રોકી રાખવું તે કરતાં ગામમાં રહેવા જવું તે વધુ યોગ્ય કહેવાય. જોકે સંસ્થાએ તો વર્ષો પહેલાં જ સુભદ્રાબહેન અને સુમતિબહેન માટે ઠરાવ કર્યો હતો કે આ બહેનો રહે છે તે મકાન તેઓ કાયમ માટે વાપરી શકશે. પણ વ્યક્તિ કરતાં સંસ્થા મહાન છે. છેવટે તો બોજો સંસ્થા પર જ ને ? આથી સંસ્થામાંથી હવે નિવૃત્ત થયેલ નાની બહેન સુશીલાબહેન સાથે સને ૧૯૮૮ના ઓક્ટોબરમાં નિજ નિવાસ 'નવજીવન'માં રહેવા ગયાં.

હવે લીંચન, પુસ્તક-લેખનની પ્રવૃત્તિ તો યથાવત્ અધ્યાત્મ અને જીવનમૂલ્યાંકનની ક્ષણો તેમાં ભળી છે. તાજેતરમાં ગ્રામસ્વરાજ મંડળ સેવા ટ્રસ્ટ, પારડી તરફથી સુમતિબહેનને દસ હજાર રૂપિયાનો પુરસ્કાર અને સન્માનપત્ર અર્પણ કરીને અભિવાદન કર્યું. (૧૯૯૪)

સહકાર્યકરો અને વિદ્યાર્થીઓની કાળજી પામતાં સુમતિબહેન કહે છે કે નિવૃત્તિનો આનંદ પણ માણવા જેવો છે; અને તેમાંયે વરસો પહેલાની વેણુ બજી ઊઠે તેનો આનંદ તો અધિક !

વીસ વર્ષ પહેલાં બાલઅધ્યાપન મંદિરમાં ભણી ગયેલી ને શ્રીમંત સાસરિયામાં સમાઈ ગયેલી ભૂતપૂર્વ વિદ્યાર્થિની વેણુ અણધારી સુમતિબહેનને ત્યાં આવી ચડે છે ને કહે છે : "બહેન, ખૂબ સુખી છું. હમણાં સરસ નવો બંગલો બાંધ્યો છે. તેમાં હરતાં-ફરતાં મને હંમેશાં કંઈક ખૂટતું લાગે છે. વારંવાર મને તમારી યાદ આવે છે બહેન. ઘણીવાર મનમાં એમ થાય છે કે મારા સુખનો આધાર તો તમે બધાં છો. તમે જ સારા સંસ્કાર અમારામાં સીંચ્યા છે; તેના પરિણામે જ આ સંસારની નાવ સુખેથી સહીસલામત ચાલે છે."

આગળ વાત કરતાં વેણુ અટકી, વળી બોલી : "બહેન, ઘણી વાર એવા વિચારે ચઢી જાઉં છું કે બહેન તો સાવ એકલાં છે. સાજામાંદા કે વૃદ્ધ થાય તો એમનું કોણ ? એટલે આજે એ જ કહેવા આવી છું કે મારું ઘર તમારું જ છે. અમે તમારાં જ સંતાન છીએ. આ અધિકારથી મારે ઘેર આવો. પછી જુઓ, હું તમને બંનેને કેવા સાચવું છું. બોલો બહેન, મારે ઘેર આવશો ને ?"

"હા, હા, જરૂર પડે તો જરૂર આવીએ. તારી લાગણીમાં અમને પૂરો વિશ્વાસ છે."

વળી જતાં જતાં ભેટીને વેણુ કહે, "બહેન, મારી વાત માનજો હોં !"

# અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી

હીરજીભાઈ નાકરાણી
મો. ૯૧૦૬૦૭૭૦૭૬, ૯૪૨૭૬૫૨૦૯૯

પૂરા ૩૬ વર્ષનાં વાણાં વાઈ ગયા. ૨૨મી ઓગસ્ટ-૨૧ના રોજ સંધ્યા ટાણે મારા મોબાઈલની ઘંટડી રણકી. મેં પૂછ્યું, 'કોણ ?'

'મને ન ઓળખ્યો ?'

'ના'

૧૯૮૫માં તમારી પાસે પી.ટી.સી.નો અભ્યાસ કરી ગયેલો એક ભૂતપૂર્વ વિદ્યાર્થી.

'ભલા, નામ કહેશો ?'

'રાજુ'

'કયો રાજુ ?'

'બીડીવાળો રાજુ.'

હું આશ્ચર્યચકિત થઈ ગયો. ૩૬ વર્ષ પહેલાના ભૂતકાળમાં ગરક થઈ ગયો. ઘણી સ્મૃતિઓના ભંડારમાં એક સ્મૃતિ જેમની તેમ પડી રહેલી તે બહાર આવી.

'અરે, વાહ રાજુ ?'

'મારો, નંબર તેં મેળવ્યો કોની પાસેથી ?'

'આપણા વિજ્ઞાન અધ્યાપક ઘામીસાહેબ પાસેથી.'

'આટલા વરસે હજુ પણ તું તારી ઓળખ બીડીવાળા તરીકે આપે છે ?'

'કેમ ન આપું ?'

'શરમ નથી લાગતી ?'

'એમાં શરમ શાની ?' તમે મને જીવવાનો સાચો રાહ બતાવ્યો છે એ કેમ ભૂલી શકું ? બીડીવાળા રાજુ તરીકેની તારી ઓળખ તેં હજુ સાચવી રાખી છે. કમાલ છે તું. તારી હિંમતને દાદ આપું છું. તારા નિખાલસ સ્વભાવને પણ તેથી વિશેષ દાદ આપું છું. તને અભિનંદન આપતા મારું હૈયું પણ પ્રસન્નતા અનુભવે છે.

'મારું પણ.' તમે મને તંદુરસ્તીભર્યું જીવન કેમ જીવાય તે શીખવ્યું છે. તમારા આશીર્વાદથી તો હું ભટકી ગયેલા માર્ગથી સાચા માર્ગ પર આવી શક્યો છું.

'જો રાજુ, આશીર્વાદ આપનારો હું કોણ ? મારામાં આશીર્વાદ આપવાની ક્ષમતા નથી. એ ક્ષમતા ઈશ્વરે પોતાની પાસે અકબંધ રાખી છે. એટલે આશીર્વાદ ઈશ્વરના અને પુરુષાર્થ તારો. તેનાથી જ તું ઊજળો બની રહ્યો છે એ ન ભૂલીશ.

ઈશ્વર સિવાય આશીર્વાદ આપવાનો કોઈને અધિકાર નથી. હા, શુભેચ્છા જરૂર આપી શકે. વડીલો, ગુરુજનો અને આપણું કલ્યાણ ઇચ્છનારા આપણા સગા માત્ર શુભેચ્છા જ આપી શકે. આશીર્વાદ આપવાનો બીજો અધિકાર માતા-પિતાને આપ્યો છે. એમાંય મા એટલે કે જનેતાનું નામ પ્રથમ આવે છે.

કેટલોક ભૂતકાળ ભૂલવા જેવો હોય છે અને કેટલોક ભૂતકાળ જિંદગીભર પ્રેરણા આપનારો હોય છે. તારો છાત્રાલય જીવનનો ભૂતકાળ વર્તમાનમાં ખડો કરીને તું પ્રસન્નતા અનુભવે છે તેમ એક આચાર્ય તરીકે હું પણ એટલી જ પ્રસન્નતા અનુભવું છું.

ભૂતકાળનું સત્ય વર્તમાનમાં જ્યારે પ્રકાશ પાથરતું હોય ત્યારે તેના અજવાળે વર્તમાનનો રાહ ઊજળો બનતો હોય છે.

રાજુ કામઢો ઘણો, તરવરિયો પણ એટલો જ. કેટલાંક કામો રાજુને જ સોંપવાનું મન થાય. કેટલાક વિદ્યાર્થીઓ એવા હોય છે જે કામથી દૂર ભાગતા હોય છે. કેટલાકને કામ સોંપો તો જ કરે, કેટલાક તો સામેથી કામ માગે અને જવાબદારીપૂર્વક સમયસર સંતોષકારક કામ કરીને ઊજળો બનતો હોય છે. રાજુને હું આ કક્ષામાં મૂકતો હતો.

જમવાનો બેલ પડે એટલે છાત્રાલયમાંથી પહેલો બહાર નીકળે રાજુ. જમીને પહેલા બહાર પણ રાજુ જ નીકળે. આવું તો ઘણા દિવસો સુધી ચાલતું જ રહ્યું.

સવારે નાસ્તામાં, બપોરે જમવામાં અને સાંજે વાળુ ટાણે મારો એક આંટો બિનચૂક હોય જ. એટલે રાજુ અંગે મનોમન મેં એક સમાધાન મેળવ્યું.

કદાચ નવો સ્ટૉક પેટમાં પડ્યા પછી તરત દબાણ થતું હશે અથવા પાઠ આપવાની લાયમાં પૂર્વતૈયારી નહીં થઈ હોય ? એટલે પણ જલદી ઊઠી જતો હશે.

'આ રાજુ, દરરોજ ઉતાવળે જમીને સૌથી પહેલો કેમ જતો રહે છે ?'

આ સાંભળીને કેટલાંક મૂછમાં હસ્યા, કેટલાંક અંદરોઅંદર કાનાફૂસી કરવા લાગ્યા. હું આ અકબંધ રહસ્યને પામી ન શક્યો. મારા મનમાં પણ આ રહસ્યને ઉકેલવાની મથામણ થવા લાગી. બધા વિદ્યાર્થી જમીને જતા રહ્યા પછી છેલ્લે એક વિદ્યાર્થી રહ્યો. એટલે મેં તેને હસાવી, પટાવીને પૂછ્યું એટલે તેણે મને જવાબ તો સાચો આપ્યો પણ 'મારું નામ ક્યાંય જાહેર ન થાય' એ શરતે મને જવાબ આપ્યો.'

આ એક બંધ રહ્યાનો તાગ તો મને મળી ગયો. થોડા દિવસ હજુ ધીરજથી મૌનમાં આ બધું હું જોતો રહ્યો.

એક દિવસ રાજુ જમીને ઊભો થઈ ગયો. વાસણ સાફ કરી છાત્રાલય તરફ મારી મૂકી. તે ઉતાવળે જતો હતો અને હું તેની પાછળ ધીમેધીમે જતો હતો. તે છાત્રાયમાં પહોંચ્યો. થાળી, વાટકી મૂકીને સીધો સંડાસ તરફ વળ્યો. એને ખબર નહીં કે પાછળ પાછળ આવું છું. પાછું વળીને જુએ તો બાજી બગડી જાય. તેણે સંડાસનું બારણું બંધ કરી બીડી સળગાવી. ટેસથી એક પછી એક ઘૂંટ લેવા લાગ્યો. ધુમ્રપાનની સુગંધ તો બહાર પણ આવી. હું બહાર ઊભો રહ્યો. કામ પતાવી તેણે બારણું ખોલ્યું ને મને તેણે જતો જોયો. એક વિદ્યાર્થી આ બધો તાલ જોઈ ગયો. તેણે રાજુને વાત કરી દીધી. છતાં તેની ગંભીરતા રાજુને ન લાગી. એકાદ અઠવાડિયું નિત્યક્રમ પ્રમાણે જતું રહ્યું.

સામાન્ય રીતે રાતના ૯ થી ૧૦ મૌન અધ્યયન વર્ગખંડમાં ગોઠવાયેલું હતું. દસ વાગે છૂટવાના બે ડંકા વાગે એટલે છાત્રાલયે સૌ વિદ્યાર્થી સૂવા માટે પહોંચી જતા. છાત્રાલયમાં વાંચી શકાય એટલો પ્રકાશ ન રહેતો. માત્ર નાઈટ લેમ્પના પ્રકાશે સૌ પોતાનો બિસ્તર પાથરી લંબાવી દેતા. પરસ્પર વાતોનો ઘોંઘાટ જરૂર થાય પણ અરધો-પોણા કલાકમાં તે પણ શમી જતો.

શિયાળાના દિવસો હતા. ઠંડી વધવા લાગી હતી. એક કલાક પછી નીરવ શાંતિ પથરાઈ જતી. સામાન્ય રીતે અગિયાર પછી છાત્રાલય તરફ નિત્ય એક આંટો લગાવતો હતો. આજે બરાબર સાડા અગિયાર વાગે નીકળ્યો. સર્વત્ર શાંતિ છવાઈ ગઈ હતી. છાત્રાલયમાં પેસવાનો દરવાજો જાહેર રસ્તા પર હતો તેથી બહારની અવરજવરને છાત્રાલયમાં સામે બેઠેલા વિદ્યાર્થી જોઈ શકે.

હું ચક્કર મારવા નીકળ્યો ત્યારે દરવાજો ખુલ્લો હતો. છાત્રાલયમાં લબકઝબક થતું લાલ પ્રકાશનું ટપકું મારી નજરે ચડ્યું. એક ક્ષણ ઊભો રહ્યો મને આ ટપકા સિવાય અંદરનું કંઈપણ દેખાતું ન હતું. બહાર જાહેર લાઈટનો પ્રકાશ એટલે ટપકાવાળો મને જોઈ ગયો. તેણે ટપકાને સોડમાં લઈને ઓલવી નાખ્યું. પણ ધુમાડાની ગંધ થોડી દબાયેલ રહે ? તેણે બીડીનું ઠૂંઠું માથા નજીક જ બહાર મૂકી દીધેલું. પછી તો આખી રાત મન ચકરાવે ચડી ગયું. આખી રાત અલપજલપ નીંદરમાં કાઢી. વહેલી સવારે પાંચ વાગે વાદ્યસંગીત શરૂ થાય. ઘણા વાદ્યસંગીત સાંભળવા પથારીમાં પડ્યા રહે. પણ રાજુ આજે પડી ન રહ્યો. બિસ્તર પેક કરી યથા સ્થાને મૂકી બ્રશ કરવા બહાર નીકળી ગયો. પછી સૌની સાથે ગૃહકાર્યમાં જોતરાઈ ગયો.

એક મિત્રએ તેને વાત કરી, આચાર્ય સાહેબે તને જોઈ લીધો છે. આ સાંભળી રાજુ મુંઝાયો. ઘાંઘો થયો પણ કોઈને કહી ન શક્યો. મારી પાસે આવી સાચી વાત કરવાનો તેને ડર લાગતો હતો. હિંમત ન ચાલી. એના મનમાં ચાર ફડક પેસી ગયેલી.

- મારની બીક લાગી અને છૂટા કરી દેવાની પણ બીક લાગી.
- એક દિવસ નહીં જમવાની કે પૈસા લેવાની બીક લાગી.

- સાંજની પ્રાર્થનામાં કે કૉલેજની પ્રાર્થનામાં સૌ સમક્ષ ઘટના જાહેર થશે તો શું મોઢું બતાવીશ ?
- મારા વાલીને પત્ર લખી તેડાવશે અથવા મને ઘરે મોકલી વાલીને તેડી લાવવાનું કહેશે.

આમાંની એક પણ સજા રાજુને ન થઈ એટલે વધુ મૂંઝવણમાં પડ્યો. કોઈને કહેવાય નહીં અને સહેવાય નહીં એવી સ્થિતિ પેદા થઈ ગઈ.

છાત્રાલયની સાયં પ્રાર્થનામાં સંસ્કાર પોષક વિવિધ પ્રવૃત્તિઓ અને વાતો થતી. આજની પ્રાર્થના પછી જીવન ઉપયોગી કેટલીક જરૂરી વાતો કરી. રાજુ ક્યારેય સમૂહમાં આગળ બેસતો નહીં. તે હંમેશાં છેલ્લે જ બેઠો હોય. મેં કહ્યું, આજે તમને એક અગત્યની વાત કહેવી છે;

'આપણે તથા મોટેભાગે ગામડાના વિદ્યાર્થી આવે છે. તેઓ પોતપોતાના કુટુંબનાં કે માતા-પિતાનાં સંસ્કારો લઈને આવે છે. કેટલીક વખત કુટેવો લઈને પણ આવે છે. કોઈને બીડીનું વ્યસન હોય, કોઈને તમાકુ ખાવાનું વ્યસન હોય, કોઈને ચા પીવાનું વ્યસન હોય. આમાંનું એક પણ વ્યસન અહીં સંતોષાતું ન હોય એટલે વ્યસનીને મૂંઝવણ થાય. કેટલાક સમજીને છોડી દે છે, કેટલાક છોડી ન શકે તે માટે છાને ખૂણે વ્યસનને નિભાવતા હોય છે. હું છાત્રાલય આગળથી ગઈકાલે સાડા અગિયાર વાગે નીકળ્યો. ત્યારે મારી નજર છાત્રાલયમાં સુખનીંદ્રા લઈ રહેલા વિદ્યાર્થીમિત્રો તરફ ગઈ. અંદર અંધારું ઘોર હતું. બહાર પ્રકાશ હતો. અંધારામાં મેં એક લાલ ટપકું લબૂકઝબૂક થતું જોયું. એટલે તેણે ટપકુ સોડમાં લઈ લીધું. અંદર બંધ કરીને મોજથી સૂઈ ગયો.'

મેં બૅટરીનો પ્રકાશ નજીક જઈને તેના પર ફેંક્યો. નસકોરા બોલાવવાનો અવાજ સંભળાયો. મને આશ્ચર્ય થયું. બીડીનું ઠૂંઠું માથા નજીક જ મેં જોયું. કશું જ બોલ્યા વગર અંદરથી બહાર નીકળી ગયો. કદાચ ગોદડું ખોલીને મારી તરફ તેણે જોયું પણ હોય. હું આ ઠૂંઠું જોઈ ગયો છું એવી શંકા પણ આવી હશે.

તેની બાજુમાં સૂતેલો વિદ્યાર્થી હજુ ઊંઘી નહોતો ગયો પણ મારી હિલચાલ તો તેણે ગોદડામાંથી માથું બહાર કાઢી જોઈતો લીધી હતી. એટલે તે વાત કર્યા વગર રહે ખરો ? મારી નજર છેલ્લે બેઠેલા વિદ્યાર્થી તરફ ગઈ. તેમાંનો એક વિદ્યાર્થી મોં નીચે ઢાળી બેઠો હતો. કદાચ ચાર આંખ ભેગી ન થઈ જાય તેની ખાસ કાળજી રાખતો હશે.

મારો ઉદ્દેશ કોઈને ગુનેગાર ગણી ઊભો કરવાનો કે પકડવાનો નહોતો. આ કામ તો પોલીસનું હોય છે. આ તો શિક્ષણ અને સંસ્કાર આપતી શાળા છે. અહીં સંસ્કાર ઘડતરનું કામ ખાલી ઉપદેશથી નહીં પણ જીવાતા જીવન સાથે સાથે જીવી જાણીને દોષિતને ખબર ન પડે તે રીતે સહજીવન થકી આપોઆપ વિચાર પરિવર્તન થઈ જાય, વર્તન પરિવર્તન થઈ જાય તેજ સંસ્કાર ઘડતરનો સાચો રસ્તો છે એવું હું અંગત રીતે માનનારો છું.

બસ આટલું કહી પ્રાર્થના બેઠક સંકેલી ત્યાંથી હું નીકળી ગયો. વિદ્યાર્થીઓ અંદરોઅંદર ગણગણાટ કરતા રાત્રિ અધ્યયન ખંડમાં જતા રહ્યા. કલાક મૌન અધ્યયન ચાલ્યું. આ પ્રવૃત્તિ સ્વયં શિસ્તથી થયા કરતી હતી.

ત્રીજા દિવસે સાંજની પ્રાર્થનામાં મેં હાજરી આપી જરૂરી સૂચના આપી હું ઊભો થઈ ઘર તરફ ચાલી નીકળ્યો.

આ સમયે એક વિદ્યાર્થી અધ્યયન ખંડમાં ન ગયો. હું મારા આંગણામાં ખુરશી પર બેઠો હતો ત્યાં મારી પાસે આવ્યો અને નતમસ્તકે મૌન ઊભો રહી ગયો. મેં પૂછ્યું, 'દોસ્ત તારે કંઈ કહેવું છે ?' આટલું કહેતાં જ તે હીબકે ચડી ગયો. આંખ સજળ થઈ ગઈ. ગળે ડૂમો ભરાઈ ગયો. હૈયાફાટ રડી ન શક્યો. પગે પડી ક્ષમા માંગવા લાગ્યો. મેં તેને મારી નજીક બોલાવી માથે હાથ મૂકી પીઠ પર હાથ ફેરવતો રહ્યો. એની તમામ બીક જતી રહી. મેં કહ્યું, મુંઝાઈશ નહીં મારે આ વાત કોઈને કહેવાની નથી. તને ઠપકો પણ આપવાનો નથી. બધા સામે તને ખુલ્લો પણ પાડવો નથી. તારા વાલીને તો આ વાતની ગંધ પણ આવવા દેવાની નથી.

મારે તને એટલું જ કહેવાનું છે : તું છાના ખૂણે બીડી પીએ છે તે મને પસંદ નથી વળી જે બીડીનો ધુમાડો તને


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

વધારે નુકસાન કરે તેવી બીડી પીએ છે. એની મને ચિંતા છે. પહેલા તો તું નિર્ભય બની જા. તને બીડીનું વ્યસન થઈ ગયું છે તે હું જાણું છું. એટલે જ તને હું નુકસાન ન થાય તેવી નિર્દોષ બીડી લાવી આપું. તું ખુલ્લમ-ખુલ્લા છાત્રાલયની બહાર મેદાનમાં અને મારી સામે બેસીને બીડી પીવે એટલે હું રાજી. આચાર્ય તરીકે તને સામેથી અપવાદ ગણી છૂટ આપું છું. તારી આ ટેવ કેમ પડી તે તું મને કહી શકીશ ? જે હોય તે દિલ ખોલીને વાત કરજે.

'તબિયત તો સારી છે ને ? કંઈ તકલીફ છે ?'

'ના'

'તો કેમ કંઈ બોલતો નથી ?'

'શું બોલું ? બોલવા જેવું રહ્યું હોય તો ને ? તમે મને બીડી પીતા બે વખત જોઈ ગયા એની મને તકલીફ છે. તે વખતે તમે મારી પથારી પાસે આવ્યા છતાં તમે મારું ગોદડું ખેંચી વઢ્યા કેમ નહીં એથી મને મૂંઝવણ થાય છે.'

'દોસ્ત, એમાં મુંઝાવાની જરૂર નથી. મારે તને વઢવાની પણ જરૂર નથી. દોષ તારો નથી. દોષ તારી કુટેવનો છે. એટલે તને શા માટે વઢું ? મારે વઢવું હોય તો તારી કુટેવને ન વઢું ? તું સાવ નિર્દોષ છે. આ દોષ તને તારા મિત્રો કે સગા-સંબંધીઓના સંપર્કથી તારામાં પેસી ગયો છે. એમાં તારો વાંક નથી. હજુય કહું છું તું નિર્દોષ છે. તું ઉત્તમ શિક્ષક થવાની તાલીમ લેવા માટે અહીં આવ્યો છે. તારે ઉત્તમ શિક્ષક થવું છે કે સફળ શિક્ષક થવું છે ?

'બંને થવું છે.'

'તો તારે હજુ વધુ નિખાલસ થઈને, નિર્ભય બનીને તારે મારી સાથે વાત કરવી પડશે.'

'શાની વાત કરવાની ?'

'હું તને પૂછું તેના તારે સાચા જવાબ આપવા પડશે. તને મારે ઠપકો નથી આપવો, તને કોઈ સજા નથી કરવી કે તારા પિતાને અહીં બોલાવી ઠપકો અપાવવો છે એવું પણ તું ન સમજીશ.'

'તો શું કરશો ?'

'બસ, એટલું જ કે તું જે બીડી પીએ છે, તેનાથી તને ભયંકર નુકસાન થઈ રહ્યું છે તે હું જોઈ રહ્યો છું, એટલે તને નાની ઉંમરે ચેતવી દેવા માગું છું.'

'તને આ કુટેવ કઈ રીતે પડી ? તે મારે જાણવું છે. તારા ઘરમાં કોઈને ખબર છે ?'

'ના' તો આ લત તને વળગી કઈ રીતે ?

'સાચું કહું ?' મારા પિતાજી બીડીના બંધાણી છે. તેઓ ક્યારેક મને બીડી સળગાવવા મોકલતા હતા. હું હોંશે હોંશે બીડી સળગાવી લાવતો હતો. રસ્તામાં ઓલાઈ ન જાય એટલે બે-ત્રણ સટ લગાવી લેતો હતો. આ છે મારી બે ઘૂંટ ભર્યાનું મૂળ.

'બોલ તારે આ કુટેવ છોડવી છે ?'

'છોડવી તો છે પણ છૂટશે ?'

'તને શંકા છે ? છોડવાનો મેં પ્રયત્ન કરી જોયો છે, પણ છતાં છૂટતી નથી.'

'મારા પ્રશ્નનો જે સાચો જવાબ હોય તે આપજે. તને કુટેવે પકડ્યો છે કે તેં કુટેવને પકડી છે ?'

મનોમંથન શરૂ થયું. ઘડીક તો જવાબ ન આપી શક્યો.

'મેં ફરી તેને કહ્યું; સામે જો, મારો પલંગ પડ્યો છે તેનો એક પાયો તું પકડી લે. એવો પકડજે કે છૂટી ન જાય. પછી પલંગને કહેજે, મને છોડી દે, મને છોડી દે પલંગ તને છોડશે ? તે તારે પાયો છોડવો પડશે ?'

'એ તો મારે જ છોડવો પડે ને ! એ કંઈ થોડો મને છોડે ?'

'બસ, રાજુ, તારે આ રીતે જ કુટેવને છોડવી પડશે. તારે મનથી મક્કમ બનવું પડશે. આજે મન તારા પર આધિપત્ય ભોગવે છે. તે નચાવે તેમ તું નાચે છે. હવે તારે મન પર આધિપત્ય જમાવવું પડશે જેથી તું તેને નચાવે તેમ તેને નાચવું પડશે. જો તું દૃઢ મનોબળ કેળવીશ અને નક્કી કરીશ કે આગળ જે પરિસ્થિતિ પેદા થશે તેનો હિંમતથી સામનો કરીશ. નિર્બળ થઈને એનો ગુલામ તો નહીં જ બનું એવો દૃઢ સંકલ્પ કરીને તું જીવીશ તો કોઈ કુટેવની તાકાત નથી તને ઝૂકાવી શકે.'

ધારો કે તું એક દિવસ બીડી પીવાનું બંધ કરી દે તો

શું થાય ?

'પેટ ચડી જાય, પેટ સાફ ન આવે. પેટમાં દુખાવો થઈ આવે. મન મુંઝાવા લાગે, અકળામણ વધી જાય, ક્યાંય ચેન ન પડે. કોઈની સાથે વાત કરવી ન ગમે, કોઈ મને બોલાવે તે પણ ન ગમે. કોઈની સાથે બેસવું, ઊઠવું ન ગમે. પગ ઢીલા પડી જાય. શરીર પાણી પાણી થઈ જાય છેવટે બીડી પીઉં એટલે આ બધું ગાયબ થઈ જાય. કોઈ ફરિયાદ ન રહે.'

'જો રાજુ, આ ઉપરથી એમ લાગે છે કે તું બીડીનો સાવ ગુલામ બની ગયો છે. એમાંથી છૂટવા માટે તારે તારા મનને મક્કમ બનાવ્યા વગર છૂટકો નથી. શું એક નાનકડી બીડી તને આખી જિંદગી ગુલામ બનાવી દે તે તને મંજૂર છે ?'

'ના'

'તો તું હૈયામાં હામ રાખીને મક્કમ થઈ જા. તારી જાત ઉપર આત્મવિશ્વાસ કેળવી લે તો બધું જ તારું ધાર્યું થશે. તારે તો શાળાનાં અનેક બાળકોના તારણહાર બનવાનું છે. શાળાના બાળકો તારી આ કુટેવને જાણી જશે પછી તારું વજન તેના પર નહીં પડે. તને સતત ખટક્યા કરશે. તને તારી જાત પર અભાવ ઊભો થશે. નફરત પેદા થશે. એટલે તારે તારી પ્રાણપિયારીને છોડ્યા વગર છૂટકો નથી. બોલ, ખરેખર તારે ત્યાગ કરવો છે ? આજે અને અત્યારે જ દઢ સંકલ્પ કરી નાખ અને સાચા દિલથી પ્રતિજ્ઞા કરી લે કે જિંદગીભર બીડીને સ્પર્શ નહીં કરું. બોલ છે તૈયારી. તને કંઈ થાય તો હું બેઠો છું. તને આયુર્વેદની દવા આપું ?'

'તેનાથી છૂટી જશે ?'

'કેમ નહીં છૂટે, મનને મક્કમ બનાવીને માત્ર પાંચ દિવસ જે થાય તે સહન કરી લઈશ તો કુટેવ તને છોડીને જતી રહેશે.'

મારી વાતો સાંભળીને થોડીવાર સાવ મૌન થઈ ગયો. અંતરબોજ શરૂ થઈ સમુદ્રમંથન શરૂ થયું. માયલાને ઠોકર મારી જાગૃત્ત કર્યો ને બોલ્યો.'

'બસ, આજથી બીડી મૂકી દઉં છું. મેં મારા મનને દઢ બનાવી લીધું છે. ભલે ખાટલે પડું, ભલે પેટ ચડી જાય. બધું જ સહન કરી લઈશ પણ બીડીનો સ્પર્શ નહીં કરું. હવેથી બીડી હાથમાં પકડે ઈ બીજા.' મારી વાત સમજ્યા પછીનું ડહાપણ આવ્યું. બીજા દિવસે બીડી બંધ ઈ એટલે તેના લક્ષણો પ્રમાણે પેટ ચડી આવ્યું. અકળામણ થઈ એટલે મારી પાસે આવ્યો. મેં તેને એક ફાકી આપી. તે ફાકી ગયો. નવશેકુ પાણી પાયું. હિંગાષ્ટક અને શંખવટી આપી. રાત્રે સૂતી વખતે હરડેની ચાર ગોળી આપી તે લઈને સૂઈ જવા કહ્યું.

બીજા દિવસે પેટ એકદમ સાફ થઈ ગયું. હલકા થઈ ગયેલા પેટની પ્રસન્નતા તેના મુખ પર મેં જોઈ. મોં પર આનંદ છવાયેલો જોયો. આમ બે-ત્રણ દિવસ સતત ચાલુ રખાવ્યું. પરિણામે પેટની તમામ ફરિયાદો દૂર થઈ ગઈ. ધીમેધીમે બીડી આપોઆપ છૂટી ગઈ. આ હતી રાજુના સંકલ્પબળની જાદુઈ છડી.

રાજુ પરીક્ષા આપી ઘેર ગયો. તેણે ઘરે જઈને પણ ક્યારેય બીડી ન પીધી. થોડા દિવસ પછી સારા સમાચાર આપવા ફરી મળવા આવ્યો. મેં તેને પૂછ્યું, તારા મિત્રોને જાણ થઈ ?

'હા જાણ કરી. તેમણે મને લપસાવવાનો પ્રયત્ન તો કરી જોયો પણ મેં બિલકુલ દાદ ન આપી.'

'કદાચ પરાણે તને બે ઘૂંટ મારી લેવાનો મિત્રોએ આગ્રહ તો કર્યો જ હશે.'

'આગ્રહ તો ઘણો કર્યો પણ હવે લપસી પડે એ બીજા રાજુ નહીં. હવે તો કોઈ પણ સંજોગોમાં બીડીની લપમાં પડવાનો નથી.'

'શાબાશ, તને અભિનંદન આપતા મને અત્યંત આનંદ થાય છે. તું અહીં સફળ અને ઉત્તમ શિક્ષક થવા માટે આવ્યો છે. તું સફળ શિક્ષક તો થઈશ જ પણ તે પહેલાં તારે એક સારા માણસ બનવાનું છે એ ન ભૂલીશ.'

રાજુનો ચહેરો દઢ આત્મબળના પ્રકાશથી ચમકવા

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપર)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ધરતીના જીવ, આકાશે આંખ
# કસ્તૂરી નાભિ માંહિ

- મનસુખ સલ્લા

શોધ કરવી જરૂરી છે, એટલી જ સાચી જગ્યાએ શોધ કરવી જરૂરી છે. એટલે સાચી જગ્યાની પરખ કરવાની જરૂર હોય છે. મૃગની નાભિમાં કસ્તૂરી હોય છે, એની સુગંધથી મૃગ ઘેલું બને છે, એને પામવા આકુળ વ્યાકુળ બને છે, વનવન ભટકે છે. પણ એને ખબર નથી કે જેને શોધવા વનવન ભટકે છે એ કસ્તૂરી તો ભીતરમાં, નાભિમાં છે. આ જેવીતેવી કરુણતા નથી - હોય ભીતરમાં અને ઓળખ નહીં હોય.

મનુષ્યનું પણ આમ બની શકે છે. આ સૃષ્ટિના અસંખ્ય જીવોમાં મનુષ્ય વિકાસની સૌથી વધુ શક્યતાવાળો જીવ છે - શ્રીકૃષ્ણ, બુદ્ધ કે ગાંધી માનવજાતમાં જન્મી શકે છે. પણ પ્રત્યેક મનુષ્યને આ શક્યતાનું જ્ઞાન નથી હોતું. એટલે છીંછરાં સુખો માટે માણસ દોડાદોડી કરે છે. તેને ઉત્તમની અણસાર તો મળે છે કે કસ્તૂરી ભીતરમાં છે, પણ માણસ તેને પામી શકતો નથી. કારણ કે નજર બહાર છે. પ્રસન્નતા-શાંતિ-આનંદ-તૃપ્તિ ખુદ પોતાનામાં જ છે એનાથી અનભિજ્ઞ હોવાથી માણસ એને બહાર કે બીજે ક્યાંય શોધે છે અને થાકે છે.

બીજા કોઈ જીવને નથી મળ્યું એવું વરદાન મનુષ્યને મળ્યું છે : સ્વઅવલોકનનું અને સ્વપૃથક્કરણનું, બાકીના જીવોને આવેગો મળ્યા છે, એના પ્રેર્યા તેઓ વ્યવહારો કરે છે. મનુષ્ય જાતને જોઈ શકે છે. પોતાના ઈષ્ટ-અનિષ્ટ નિર્ણયોનું અવલોકન કરી શકે છે. એનું પૃથક્કરણ કરીને વિવેકપૂર્વક નિર્ણયો કરી શકે છે. આવું પરમ ભાગ્ય મનુષ્યને મળેલું છે. પરંતુ અજ્ઞાનતા, રાગ, દ્વેષ, અહંકાર અને સરખામણીમાં અટવાયેલો રહેવાથી મનુષ્ય પારખી શકતો નથી કે કસ્તૂરી (જીવનનું મહત્ તત્વ) તો પોતાની ભીતર છે.

જેને પોતાની ભીતરની કસ્તૂરીની ભાળ મળી જાય એ આમતેમ અથડાયા ન કરે. એ સ્થૂળ, ઉપલક, બિનટકાઉમાં અટવાઈ ન જાય. એની આંખનાં પડળ ઊતરી જાય છે. એનું દર્શન સ્વચ્છ હોય છે. એટલે તે દરેક વસ્તુ, સ્થિતિ કે સંબંધને યથાર્થ રીતે જોઈ શકે. કોઈ લાભ, કોઈ પ્રતિષ્ઠા કે ઈર્ષા તેને નીચે ભણી તાણી ન જઈ શકે. આ મહત્ તત્વને પામે તેને પછી કશું પામવાનું બાકી ન રહે. એ સ્વયંતૃપ્ત તો હોય જ, પણ સમગ્ર સૃષ્ટિ માટે કલ્યાણકાર હોય છે. પૃથ્વી ઉપર થયેલા મહાપુરુષોના જીવનમાં એ પ્રમાણી શકાય છે. એટલે સૌએ પોતાની કસ્તૂરી જાતમાં શોધવાની હોય છે.

●

*દરેક બાળકને મુક્તપણે પોતાના વ્યવહારો કરવાનું ખૂબ ગમતું હોય છે.*
*મુક્ત વ્યવહાર એ જ તેના જીવનનો પ્રાણ હોય છે.*

**હરભાઈ ત્રિવેદી**

# એક વિશિષ્ટ આનંદજનક પીડા !

- હરેશ ધોળકિયા

૨૦૨૧નો 'ઈન્ડિયન આઈડોલ'નો કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ વખતે એક અદ્‌ભુત ઘટના બની છે કે બધા જ સ્પર્ધકો માત્ર વીસ બાવીસ વર્ષના હોવા છતાં - એક એકથી ઉત્તમ ગાયકો છે. કોણ વધારે સારું ગાય તે નક્કી જ નથી કરી શકાતું. અંજલિ સારી કે સવાઈ ભાટ કે પવનદીપ કે મહમદ દાનીશ - નિર્ણાયકો પણ મૂંઝાય છે. દરેક ગાયક 'મોસમ બદલી નાખનાર' બને છે. દર શનિ રવિની આતુરતાપૂર્વક રાહ જોવાય છે.

એક રવિવારના મહેમાન તરીકે એક સમયના પ્રખ્યાત સંગીત નિર્દેશક તરીકે કામ કરેલ અને એક એકથી ઉત્તમ ફિલ્મી ગીતો આપેલાં એવા લક્ષ્મીકાંત પ્યારેલાલજી આવ્યા છે. જ્યારે પણ કોઈ પણ કાર્યક્રમમાં પ્યારેલાલ આવે અને તે સંગીતના કાર્યક્રમમાં જ આવે, ત્યારે સમગ્ર કાર્યક્રમનો 'મૂડ' બદલી જતો હોય છે. આઠમા દાયકામાં પણ એવા જ રસિક, એવા જ સર્જનાત્મક અને એવા જ હકારાત્મક ! સાથે તેમનાં આજે પણ સૌંદર્યમંડિત એવા જાજરમાન વૃદ્ધ પત્ની હોય. અને તેમના સમયના વાદ્યકારોનો કાફલો હોય. આ વખતે સાથે મહમદ રફીના પુત્ર પણ હાજર છે. અનેક મિષ્ટાન સાથે મળે તો કેટલી મીઠાશનો અનુભવ થાય ? બસ, અહીં પણ એવું જ છે. અને તેમાં આ તરુણ યુવાન ગાયકો, જેઓ લક્ષ્મીકાંત પ્યારેલાલનાં જ ગીતો ગાય છે. આજે વર્ષો પછી પણ એવાં જ મીઠાં મધ જેવા ગીતો છે તેમના. સૂર, તાલ, વાદ્યોની હાર્મની (સંવાદ) ! અહાહા ! જાણે સાંભળ્યા જ કરીએ. પચાસ પચાસ વાયોલીન સાથે વાગે, વચ્ચે બંસરી કે મેન્ડોલીનના સૂર ગુંજે, સમાધિમાં સરી જવાય. સાંભળનારા લગભગ બધાની ભીની આંખો આનંદ અને સંગીતના રોમાંચથી છલકાય છે. સમગ્ર વાતાવરણમાં મધુરતાની અનુભૂતિ થાય છે, તે બસ, અવર્ણનીય છે ! જાણે ગીત ચાલુ જ રહે એવું થયા કરે. સમગ્ર સ્ટેજ પર, ટી.વી.ના પડદા પર કે આપણા ડ્રોઈંગ ખંડમાં સાતે સૂરો ઘેરા થઈ નૃત્ય કરતા દેખાય છે. અનુભવાય છે. શ્રોતાઓનાં શરીર-મન-બુદ્ધિ કલ્પનાતીત, એક નિર્વચનીય આનંદમાં તરે છે.

રિયાલિટી શૉના કે લાખો ઘરોના શ્રોતાઓ બસ, આ જ પર્યાવરણમાં સ્નાન કરી રહ્યા છે. બધા સ્તબ્ધ છે. આનંદમય છે. સમાધિસ્થ છે. શરીર, મનથી પર થઈ કેવળ અસ્તિત્વમય બની ગયા છે.

એક હિત પૂરું થાય છે. અચાનક એન્કર આદિત્ય નારાયણ લક્ષ્મીકાંત પ્યારેલાલના જે અદ્‌ભુત ગીતોના ગીતકારો થયા છે તેમાંના એક સંતોષ મોહનનો પરિચય આપે છે. પછી તેમનો વીડિયો બતાવે છે. વીડિયો આઘાતનજક છે. આજે તે નિર્ધનતાની સ્થિતિમાં જીવે છે. તે વૃદ્ધાવસ્થાની તકલીફોમાં ફસાઈ ગયા છે. તેમના પુત્ર-પુત્રવધૂએ અચાનક આપઘાત કર્યો છે. તેમના સંતાનોને આ ગીતકારને નિર્ધનતાના અભિશાપ વચ્ચે આઠમા દાયકામાં સાચવવા પડે છે. વીડિયો હચમચાવી જાય છે અને પછી આદિત્ય તેમને સ્ટેજ પર લઈ આવે છે. ઓહ ! આ ગીતકાર તો વ્હીલ ચેર પર છે. અત્યંત વૃદ્ધ દેખાય છે. પાર્કીન્સનના રોગના કારણે સમગ્ર શરીર ધ્રુજે છે. એક પળ પણ સ્થિર રહી શકતા નથી. ચહેરા પર એક અવ્યક્ત લાચારી દેખાય છે. અલબત્ત, બધાને જોઈ ખુશ થાય છે. તેમાં પણ પ્યારેલાલજીને જોઈને તો ખુશ ખુશ થાય છે. ગળગળા થઈ જાય છે. પોતાની વાત કરે છે. સમગ્ર શ્રોતાગણની આંખોમાંથી આંસુની ધાર વહેતી દેખાય છે. એક અદ્‌ભુત ગીતકારની સ્થિતિ બધાને હલબલાવી નાખે છે.

સંતોષ મોહન પોતાની સ્થિતિની તો વાત કરે છે, પણ પછી અચાનક બોલે છે, ''આ બધું તો ઠીક છે, પણ મારે હજી તો ઘણું કરવાનું છે જે હું કરી શકતો નથી. તેનો મને અફસોસ છે.'' આ બોલતી વખતે તેમના ચહેરા પર લાચારી પ્રગટ થાય છે તે તેમની આર્થિક કે કૌટુંબિક


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

સ્થિતિનું વર્ણન કરેલ ત્યારે નહોતી જોવા મળી. બધા તો વધારે સ્તબ્ધ થઈ જાય છે.

સંતોષ મોહને વ્યક્ત કરેલી પીડા એક વિશિષ્ટ પીડા છે. આવી પીડા બહુ ઓછા સદ્‌ભાગીઓના નસીબમાં હોય છે. શારીરિક કે કૌટુંબિક કે આર્થિક પીડા કે વેદનાને તો સમજી શકાય છે. તે તો દેખાય છે. અનેક લોકોને આવી પીડાઓ હોય છે. તેના તો કદાચે આશ્વાસન કે આર્થિક મદદ જેવા કોઈ ઉપાયો પણ છે. પણ સર્જનાત્મક પીડાના તો કોઈ જ ઉપાયો નથી. એક વ્યક્તિ સર્જનાત્મકતાથી છલકાતી હોય, મન બુદ્ધિમાં હજારો સર્જનાત્મક વિચારો કે કલ્પનાઓ રમતી હોય, તેને વ્યક્ત કરવાની હોય, તે કરવાની જબરદસ્ત આવડત પણ હોય (કારણ કે આજ સુધી તે વ્યક્ત કરી હોય), અને છતાં આ પળે તેને વ્યક્ત ન થઈ શકતી હોય. કારણ બાહ્ય હોઈ શકે - તક ન મળવાની - કે શારીરિક પણ હોય - કામ કરવાની સ્થિતિ જ ન હોય. તે જે હોય તે, પણ આ મનના પેટાળમાં જ્વાળામુખી જેમ ધગધગતી અને લાવારૂપે વિસ્ફોટ થવા તત્પર સર્જકતાને બહાર આવવા, પ્રગટ થવા, વ્યક્ત થવાનો જ્યારે મોકો ન મળે, ત્યારે આ સર્જક વ્યક્તિ અસ્વસ્થ થઈ જાય છે, હલબલી ઊઠે છે, મુંઝાઈ જાય છે, ગૂંગળાવા લાગે છે, જાણે કે પાણીમાં ડૂબતી હોય અને શ્વાસ લેવાની મથામણમાં તરફડતી હોય એવો અનુભવ કરે છે. તે એક કહી ન શકાય તેવી, ખૂબ જ મીઠી છતાં સહન ન થઈ શકે તેવી, પીડા ભોગવે છે. શારીરિક કે આર્થિક પીડા કરતાં પણ આ સર્જનાત્મકતાની પીડા વધારે અસહ્ય હોય છે. પેલીના તો કદાચે ઉપાય હોઈ શકે છે, પણ આ પીડાના તો કોઈ જ ઉપાય નથી. જ્યાં સુધી તે વ્યક્ત ન થાય, ત્યાં સુધી તેનો છૂટકારો જ નથી.

આ પીડાનો એક બીજો પણ પ્રકાર છે. તેમાં કદાચે સર્જકતા વ્યક્ત થાય, તો પણ વ્યક્તિ ઇચ્છે તે રીતે તે ન થાય. વ્યક્તિ પોતાની સર્જકતાને જે ઊંચાઈએ વ્યક્ત કરવા માંગતી હોય, તે ઊંચાઈએ જ કદાચ તે વ્યક્ત કરે, પણ તેની કલ્પનામાં જે ઊંચાઈ હોય છે તેવી વ્યક્ત નથી થઈ તેવો તે સતત અનુભવ કરે છે. આ માટે તે સતત, વારંવાર પ્રયાસ કરે છે, ખૂબ મથે છે અને આપણી દૃષ્ટિમાં તો એક એકથી ઉત્તમોત્તમ કૃતિ કે અભિવ્યક્તિ પ્રગટ કરે છે.આપણે તેનાથી સ્તબ્ધ થઈ જઈએ છીએ, પણ તેને પોતાને સંતોષ નથી થતો તે તો સતત અસંતોષમાં જ, તેની પીડીમાં જ, જીવ્યા કરે છે, તરફડે છે.

રવીન્દ્રનાથ ટાગોર મરણ પથારીએ છે. કોઈ તેમને પૂછે છે, "ગુરુદેવ, તમે તો પાંચેક હજાર શ્રેષ્ઠ કાવ્યો લખ્યાં છે, તેમાંથી આપના મતે શ્રેષ્ઠત્તમ કયું ?" ટાગોર અર્ધ ખુલ્લી આંખે પૂછનાર સામે જુએ છે અને ધીમેથી, નબળા અવાજે જવાબ આપે છે "શ્રેષ્ઠત્તમ કાવ્ય પ્રગટ થવાનું તો હજી બાકી છે."

સાંભળનાર તો ચકિત થઈ જાય છે. આ વળી કેવો જવાબ ! પાંચ હજાર શ્રેષ્ઠત્તમ કાવ્યો અને કવિ કહે છે કે તે તો લખવું બાકી છે ? તે કહે પણ છે કે, "ગુરુદેવ, આપે તો એક એકથી શ્રેષ્ઠ કાવ્યો લખ્યાં છે." ટાગોર જવાબ આપે છે, "એ તમારા મતે હશે, પણ મારા મતે તો શ્રેષ્ઠ લખવાની મથામણમાં એ લખાયાં છે. શ્રેષ્ઠત્તમ કાવ્ય તો હજી આવવાનું બાકી છે." કદાચ તેમના ચહેરા પર તેની પીડા પણ વ્યક્ત થઈ હશે. વાચકના મતે એક એકથી શ્રેષ્ઠ કાવ્યો, પણ કવિના મતે તે તો મથામણનું પરિણામે શ્રેષ્ઠ તો વ્યક્ત થવું બાકી હતું.

શહેનાઈ વાદક બિસ્મીલ્લાખાન સાહેબ એક શ્રેષ્ઠત્તમ વાદક. તેમના જીવનના સફળ આઠમા દાયકામાં તેમને પણ સવાલ પૂછાય છે કે તેઓ આવા સર્વોત્તમ વાદક કેમ બની શક્યા છે ? બિસ્મીલ્લાખાન સાહેબ પણ હસીને કહે છે કે, "સર્વોત્તમ ! અરે બેટા, હજી તો શહેનાઈ શીખવાની શરૂઆત થઈ છે. શ્રેષ્ઠત્તમ આવવાનું તો બાકી છે. આજ સુધી તેની જ મથામણ ચાલે છે." કદાચ સ્મિત વચ્ચે આ પીડા પણ વ્યક્ત થઈ હશે.

યુરોપના એક ઉત્તમ શિલ્પી અને ચિત્રકાર માઈકલ એન્જેલો ! "વેટીકનમાં તેના ચિત્રો અને શિલ્પ જોઈએ

તો માની ન શકાય કે એક વ્યક્તિ આટલી શ્રેષ્ઠતા, આટલી પ્રતિભા વ્યક્ત કરી શકે. તેનાં ચિત્રો જોઈને એવા જ બીજા પ્રતિભાશાળી ચિત્રકાર લિયોનાર્દો-દ-વિન્ચીએ ઠપકો આપેલ કે અલ્યા, ભવિષ્ય માટે થોડી કલ્પનાઓ રાખી જજે.'' એવો અદ્‌ભુત કલાકાર. પણ તે પણ, એકથી એક સર્વોત્તમ શિલ્પો અને ચિત્રો પછી પણ, છેલ્લા શ્વાસ સુધી તરફડતો રહ્યો. ક્યારેક તો તેને જે વ્યક્ત કરવું હોય તે, તેના મતે, યોગ્ય રીતે વ્યક્ત ન થાય તો, ગુસ્સે થઈ જતો અને પીંછી ઘા કરતો અને ભીંતમાં પછાડતો. અલબત્ત, કહેવાય છે કે, પીંછી પછડાય ત્યાં ઉત્તમ ચિત્ર બની જતું. એક તદ્દન નાની ડિઝાઈન બનાવે તો પણ તેને કલાકો સુધી જોયા કરતો અને પછી અસંતોષ વ્યક્ત કરી ફરી ફરી સુધારા કરતો. સાથી કહે કે તે ઉત્તમ જ છે, તો પણ તે ન માનતો. સમગ્ર જીવન શ્રેષ્ઠતમ કામ કર્યા પછી અને ત્યારથી આજ સુધી કરોડોને તેની કળાથી સ્તબ્ધ કરી જનાર પોતે અસંતોષમાં મર્યો - એમ કહીને કે શ્રેષ્ઠત્તમ કામ ન કરી શક્યો.

તો, આ છે સર્જનાત્મક વ્યક્તિની પીડા. તે પોતે ધારે તેવું, પોતાની કલ્પના મુજબનું, 'શ્રેષ્ઠત્તમ' વ્યક્ત નથી કરી શકતા - તની પીડા. સીતારવાદક પંડિત રવિશંકર જ્યારે સીતાર વગાડતા હોય તે દૃશ્ય જોઈએ તો સમાધિસ્થ અવસ્થામાં દેખાય અને સાથે તેમની આંખઓમાંથી આંસુઓની ધાર નીકળતી દેખાય. આ આંસુ શેનાં છે ? એક બાજુ - સામેના શ્રોતાઓના મતે શ્રેષ્ઠત્તમ કળાની અભિવ્યક્તિ થાય છે અને બીજી બાજુ તેમની ''ઈચ્છા મુજબની'' કલ્પનાની 'અભિવ્યક્તિ' વ્યક્ત નથી થતી ! આ આંસુ આનંદમાં પણ છે અને પીડાના પણ છે. આ બધા હંમેશા એમ જ માને છે કે ''શ્રેષ્ઠત્તમ બરાબર વ્યક્ત નથી થઈ શક્યું. તે તો હજી બાકી છે.'' (બેસ્ટ ઈઝ યેટ ટુ કમ !)

પાર્કીન્સનના રોગની ભયંકર પીડાથી સમગ્ર શરીરથી ધ્રુજતા સંતોષ મોહનની પીડા આ હતી. તે જે લાચારી વ્યક્ત કરતા હતા, તે આ ઈચ્છા મુજબની સર્જકતા પૂરી વ્યક્ત ન થવાની હતી. એટલે બોલતા હતા કે હજી તો કેટકેટલું કરવાનું બાકી રહી ગયું છે. આજે લતા મંગેશકર, પ્યારેલાલ, અમિતાભ, વિરાટ, અનેક વિજ્ઞાનીઓ, લેખકો, કવિઓ, નૃત્યકારો, અરે, સંતો પણ આ પીડાથી હેરાન થતા હશે. કબીર તેને જ ''ગૂંગે કેરી શર્કરા'' કહે છે. ગૂંગાને સાકર ખૂબ મીઠી લાગે છે. તેને તેનો આનંદ વ્યક્ત કરવો છે. પણ કરવો કેમ ? એની જે ગૂંગળામણ છે તે જ ગૂંગળામણ સર્જનાત્મક લોકોની છે.

કાશ ! મહત્તમ લોકોને આવી પીડાનો અનુભવ થાય !

પિતા પોતાના અળવીતરા સંતાન સાથે કાયમ માટે છેડો ફાડી શકે. માતા માટે આમ કરવાનું શક્ય નથી. સંતાન માટે એના હ્રદયમાં સંપૂર્ણ સ્વીકાર છે. માતાનું મૃત્યુ થાય ત્યારે જગતમાં એક એવી વ્યક્તિ અદૃશ્ય થઈ જાય છે જે આપણને ગમે તેવા હોઈએ અને ગમે તે પરિસ્થિતિમાં હોઈએ તોય વહાલ જ વરસાવતી હોય. આ વ્યક્તિ તે માતા.

**- ગુણવંત શાહ**

સામાન્ય રીતે બાળક જેટલો ભરોસો માતામાં મૂકે છે, એટલો પિતામાં મૂકતું નથી. પિતાને કોઈ વાત પહોંચાડવાની હોય તો એ મોટા ભાગે માતા દ્વારા જ પહોંચાડાય છે. પિતાની હાક અને ધાક હોય છે, માતાનો ભય હોતો નથી. સૌથી પહેલું, શબ્દો વિના અપાયેલું અભયવચન એ માતાનું હોય છે. પિતાનો પ્રેમ સૂર્ય જેવો છે. માતાનો પ્રેમ ચંદ્ર જેવો છે.

**- સુરેશ દલાલ**

પિતા ગમે તેટલો પ્રેમાળ હોય તોપણ માતાની ખોટ પૂરી કરી શકતો નથી. માતા એ માતા જ છે. તેનો કોઈ વિકલ્પ જ નથી. નાના બાળકને ઉછેરીને મોટો કરવો એ લોઢાના ચણા ચાવવા કરતાં પણ અઘરું કામ છે.

**- સ્વામી સચ્ચિદાનંદ**

પિતા ક્રોધી, માતા સહનશીલ ; ક્વચિત્ જ મનનો ઉકળાટ ઠાલવે એવી. મન પરથી એ મૂર્તિઓ કદી અળગી ન થઈ. એ મૂર્તિઓએ અનુક્રમે ભય અને

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપર)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# પ્રેરણાદાયી પુસ્તક : માનવતાના ભેરુ

રણછોડ શાહ
મેનેજિંગ ટ્રસ્ટી, ઍમિટી શૈક્ષણિક સંકુલ, ભરૂચ
મો. ૯૯૭૯૮૬૧૬૩૧

**પુસ્તક :** 'માનવતાના ભેરુ'
**લેખક :** ભગીરથ બ્રહ્મભટ્ટ
**પ્રકાશક :** 'ડિવાઈન પબ્લિકેશન' ૩૦, બીજા માળે, કૃષ્ણ કોમ્પલેક્ષ, ગાંધી રોડ, અમદાવાદ.
**ફોન :** ૯૮૨૫૧૭૨૮૧૮/૯૮૨૫૦૫૭૯૦૫
**મૂલ્ય :** રૂ. ૧૨૫/-

પુસ્તકો સૌથી વધુ વફાદાર મિત્રો છે. જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારવાના પાયામાં સારા પુસ્તકોનું વાચન રહેલું છે. પુસ્તકો જ શિક્ષણના પાયાને મજબૂત અને લાંબા સમય સુધી ચાલે તેવો પ્રબળ બનાવે છે. આ વિચારોને મધ્યવર્તી રાખીને ઍમિટી શાળા, ભરૂચ તેના સ્થાપના (તા. ૧૧-૦૬-૧૯૮૬)ના વર્ષથી પુસ્તક પ્રચાર અને પ્રસારનું ઉમદા કાર્ય ખૂબ મોટા પ્રમાણમાં કરે છે. ધો. ૧થી ૯ના વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તક ઉપરાંત એક વિશિષ્ટ પુસ્તક પ્રતિવર્ષ અભ્યાસક્રમમાં સામેલ કરે છે. આ પુસ્તક વિદ્યાર્થીની વય, કક્ષા અને કિંમતને ધ્યાનમાં રાખી પસંદ કરવામાં આવે છે. બાળવાર્તાઓ, સાહસકથાઓ, કાવ્યો, નાટકો, આત્મકથાઓ, જીવનચરિત્રો વગેરે પસંદ કરવામાં આવે છે. આ પુસ્તક કોઈ એક ધોરણનાં બાળકો માટે ખરીદવાનું હોવાથી લગભગ તેની ૧૦૦થી ૧૫૦ નકલ મેળવી વિદ્યાર્થીઓને વહેંચવામાં આવે છે.

શાળામાં કાર્યરત સારસ્વત મિત્રોને વર્ષ દરમિયાન ચારથી પાંચ પુસ્તકો ભેટ આપવામાં આવે છે. શાળામાં પ્રવેશતા નવઆગંતુક શિક્ષકનું સ્વાગત 'સત્યના પ્રયોગો - લેખક ગાંધીજી' પુસ્તક દ્વારા કરવામાં આવે છે. વિશ્વમાં સૌથી વધુ વેચાયેલું અને વંચાયેલું પુસ્તક છે. પ્રતિવર્ષ સારસ્વત મિત્રને તેમની વર્ષગાંઠ નિમિત્તે પુસ્તક આપવાનો રિવાજ છે. શાળા સ્થાપના દિને ૧૧મી જૂને, પાંચમી સપ્ટેમ્બર (શિક્ષક દિન). બીજી ઓક્ટોબર (ગાંધી જયંતી). અંગ્રેજી કે ભારતીય નૂતનવર્ષ અથવા આકસ્મિક સારા પ્રસંગે પુસ્તક પ્રાપ્ત થતાં શાળા પરિવાર આનંદની અનુભૂતિ કરે છે. આ પુસ્તકો લગભગ બસો જેટલી સંખ્યામાં ખરીદવામાં આવે છે. કારણ કે શિક્ષકો ઉપરાંત શુભેચ્છકો તથા કેળવણીપ્રેમી મિત્રોને પણ સહર્ષ મોકલવામાં આવે છે. શાળાની મુલાકાતે પધારતા મહેમાનો તથા વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસંગે અતિથિઓનું સ્વાગત પુસ્તક અર્પણ કરી કરવામાં આવે છે.

પ્રતિવર્ષ આ પુસ્તકોની પસંદગી કરવાની હોવાથી વિવિધ પ્રકાશનોને જાન્યુઆરી માસમાં પત્ર લખી પુસ્તકો મંગાવવામાં આવે છે. કેટલાંક પ્રકાશનોનાં પુસ્તકો અવલોકનાર્થે ભેટ સ્વરૂપે મળે છે તો ક્યારેક શાળા તેની કિંમત પણ ચૂકવતી હોય છે. ૨૦૨૦ના વર્ષમાં આ બાબતે ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદના શ્રી અમૃતભાઈ ચૌધરી સાથે વાત થતાં તેઓશ્રીએ થોડાંક પુસ્તકો ભેટરૂપે અવલોકનાર્થે મોકલ્યાં હતાં. પુસ્તક પસંદગી સમિતિના સભ્યો તે વાંચતા હતાં ત્યાં જ માર્ચ ૨૦૨૦માં લોકડાઉન જાહેર થયું. સમગ્ર ભારત થંભી ગયું. સમયનો ખૂબ અવકાશ પ્રાપ્ત થયો. આ સમય દરમિયાન વાંચનની પ્રવૃત્તિ ખૂબ વધી. એક પુસ્તક ઉપર સૌ મિત્રોનું ધ્યાન સ્થિર થયું અને તે હતું 'માનવતાના ભેરુ' લેખક : ભગીરથ બ્રહ્મભટ્ટ. આમ તો આ પુસ્તક ધો. ૫ કે ધો. ૯ માં પૂરકવાંચન તરીકે દાખલ કરવાનો વિચાર હતો. પરંતુ વર્તમાન સંજોગોમાં વર્ગશિક્ષણ શરૂ થાય તેવી શક્યતા ન હતી. તેથી 'માનવતાના ભેરુ' શાળા સ્થાપના દિને (૧૧મી જૂન ૨૦૨૦) ભેટ આપવાનું નક્કી કર્યું. પુસ્તક મનનીય અને પ્રેરણાદાયી છે. પુસ્તકની બસો નકલ શાળાના સારસ્વત મિત્રો અને શુભેચ્છકોને વહેંચી સ્થાપના દિનની ઊજવણી કરવામાં આવી.

સામાન્ય રીતે પુસ્તકનો પરિચય આપવાનો હોય ત્યારે પુસ્તકના વિષયવસ્તુથી શરૂઆત થાય. પરંતુ આ પુસ્તકમાં લેખકના સ્વભાવથી થાય છે. શ્રી ભગીરથભાઈ સ્વભાવે અને વ્યવસાયે બંને રીતે અધ્યાપક - શિક્ષક છે. પુસ્તકમાં એકત્રીસ વ્યક્તિઓનાં ચરિત્રચિત્રણો છે. સાહિત્યકારોએ તેને શબ્દોચિત્રો, રેખાચિત્રો, વ્યક્તિત્વના વર્ણનો વગેરે કહે છે. પરંતુ ખરેખર તો પ્રત્યેક વ્યક્તિ ઉપર સંશોધનાત્મક કાર્ય કરી ડૉક્ટરેટ થઈ શકાય તેવી વ્યક્તિઓનું તેમને કરેલું વર્ણન હ્રદયસોંસરું ઊતરે તેવું છે. પ્રત્યેક પ્રકરણના અંતે વાચકને અચૂક અનુભવ થશે કે આ તો મારે કરવા જેવું કામ છે... થયું ને શિક્ષણ ! તેથી જ તો ઍમિટી શાળા પરિવારે આ પુસ્તક શાળા સ્થાપના દિને ભેટ આપવાનું નક્કી કર્યું.

'માધિયાની વહુ'નું રેખાચિત્ર દોરતાં-દોરતાં તેમને કેટલીક ગંભીર વાતોનું શિક્ષણ સહજ રીતે આપ્યું છે. લેખક નવમા ધોરણમાં અભ્યાસ કરે છે. ગામની ભાગોળે આવેલી પાણીની ટાંકી ઉપર 'ગંદવાડ ત્યાં મંડવાડ' સૂત્ર લખે છે. ગામની ટાંકીએ પાણી ભરતાં આવતી માધિયાની વહુ અશિક્ષિત છે, અભણ છે, વાંચી શકતી નથી. લેખકને પૂછે છે કે આ શું લખ્યું છે. લેખક વાંચી સંભળાવે છે. માધિયાની વહુનો પ્રત્યુત્તર : 'ભૈ, હાવ હાચી વાત છે તમારી, પણ મૂઉં લોકમહીંથી સુધરે તો હાચી ચોખ્ખાઈ આવે ને ?' અહીંયા વપરાયેલ શબ્દ 'મહીંથી' કેવો ધારદાર છે ! આપણે સૌ બહારથી ચોખ્ખા દેખાઈએ છીએ પણ અંદરથી કેવા છે તે તો સૌ જાણે છે. લેખકના શબ્દોમાં : 'અંદરથી સુધરવાની, સાફ રહેવાની એની એ ઉક્તિએ મારા જીવનમાં પ્રામાણિકતાનો પહેલો એકડો ઘૂંટાવ્યો છે.' કેટલું મોટું અવૈધિક શિક્ષણ થયું ! વર્તમાનમાં પણ 'સ્વચ્છ ભારત' અભિયાન ચાલે છે. લેખક જણાવે છે કે 'ખરેખર હું તો 'માધિયાની વહુ'ને ગામનું મોણ સમજું છું. એની વૃત્તિ-પ્રવૃત્તિથી ગામના આરોગ્યમાં, મનરોગ્યમાં સ્વસ્થતા કેળવાય છે એટલે ગામની સંસ્કૃતિમાં આવા પાત્રોની પ્રવૃત્તિઓનો ફાળોય નોંધપાત્ર હોય છે.' 'માધિયાની વહુ' તો સ્વચ્છતાનું પ્રતીક છે.

લેખકના નાના માણસો સાથેનો માનવીય અને આત્મીય સંબંધો તેમની સમાજ સાથેની નિસ્બતને ઉજાગર કરે છે. પ્રામાણિક, મહેનતુ, નિઃસ્વાર્થી અને કાર્યદક્ષ વ્યક્તિઓને શોધવાનું કાર્ય ખૂબ કઠિન છે પરંતુ લેખકને હાથવગું છે. તેઓ જ્યાં જાય ત્યાં તેવી વ્યક્તિઓને શોધી કાઢે છે. એક કૉલેજમાં નવા-નવા અધ્યાપક હોવા છતાં 'ચંદુ'ને ઓળખવામાં અગ્રેસર બને છે. શિક્ષણમાં કાર્ય કરતાં કાર્યકરોમાંથી બહુ જ ઓછાને શિક્ષણ સંસ્થાના નોટિસ બોર્ડ નિયમિત રીતે જોવાની ટેવ હોય છે. ત્યાં તો નકામા સરક્યુલર પડી રહે તેવી સમજ છે. નોકરીના પ્રથમ દિવસે જ લેખકની નોટિસ બોર્ડ ઉપર નજર પડી અને કૉલેજના પ્રેમમાં પડી ગયા - 'Love at first sight' થઈ ગયું. અત્યંત સુંદર મરોડદાર અક્ષરમાં લખાયેલા સુવિચાર : 'દુઃખનું એક દ્વાર બંધ થાય ત્યારે બીજું ખૂલે છે. પરંતુ આપણે બંધ થયેલા દ્વાર તરફ એટલી બધી વાર તાકી રહીએ છીએ કે ખૂલેલા દ્વારનો ખ્યાલ આવતો નથી.' આ એક ફિલોસોફીકલ વાત સંસ્થામાં નવા જોડાયેલ અધ્યાપકના મનમાં સોંસરી ઊતરી ગઈ અને શરૂ થઈ શોધખોળ સુવિચાર લખનારની ! અને તેમને પ્રાપ્ત થયો કૉલેજનો સેવકભાઈ ચંદુ. તેમને ચંદુ સાથે મૈત્રીનો નાતો કેળવી દીધો. ચંદુ કૉલેજમાં આવે ત્યારે ઘડિયાળમાં દસના ટકોરા હોય જ ! નિષ્ઠાવાન પ્રાધ્યાપક જ સેવકભાઈની મહેનત, ખંત, સમયપાલન અને વફાદારીને ઓળખી શકે. અહીંયા પણ તેમજ બન્યું. નિયમિત રીતે ઉમદા, મંથનયુક્ત અને ચિંતનશીલ સુવિચારો લખતા ચંદુનું એક વર્ષે કૉલેજના વાર્ષિકોત્સવ નિમિત્તે મુખ્ય મહેમાનને હસ્તે સન્માન કરવાનું નક્કી થયું અને તે પ્રમાણે થયું. લેખક, આચાર્યશ્રી અને સંચાલક મંડળને અભિનંદન આપવા ઘટે કારણ કે આવી પાયાની કેળવણી આપતી વ્યક્તિઓની વાતોને ભાગ્યે જ કોઈ શિક્ષણ જગતમાં નોંધ લેવાય છે. લેખકે ચંદુના એટલા બધા સુવિચારોના અમીછાંટણા કર્યા છે કે કોનો ઉલ્લેખ કરું અને કોને ટાળું ? તેમ છતાં (૧)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

બોલવાની પીડા કરતાં ચૂપ રહેવાની પીડા ઘણી વધારે સારી છે. (૨) વ્યક્તિ પોતાની દૃષ્ટિ છોડીને બીજાની દૃષ્ટિથી જગત જુએ તો અડધું જગત શાંત થઈ જાય. બીજા સુવિચારને પકડીને લેખકે ચંદુ ઉપર વીતેલ વાતને સુપેરે વર્ણવી છે. પુસ્તકમાં તે વાંચવાનું કામ વાચક ઉપર છોડી દઉં ? ચંદુ સમયપાલન અને જ્ઞાનના પ્રસારનું પ્રતીક છે.

પ્રત્યેક વ્યક્તિ વિશે વાંચતા શરૂઆત કંઈક અલગ રીતે થાય છે અને અંત અણધાર્યો આવે છે. લેખકની ભાષા ઉપરની પકડ અને તેનો સુયોગ્ય ઉપયોગ વાચકને પુસ્તક વાંચવા મજબૂર કરે છે. ગામમાંથી કે શહેરમાંથી - લેખક જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાંથી આવા ઉત્તમ પાત્રો તેઓ શોધી શક્યા છે. લેખકનું વ્યક્તિત્વ માયાળું, ખંતીલું અને માનવીય અભિગમાત્મક છે. સાથીઓના ઉત્કર્ષમાં રસ ધરાવે છે. પ્રત્યેક વ્યક્તિમાં કાંઈક સારું પડ્યું જ છે તેવી જબરદસ્ત શ્રદ્ધા ધરાવતા હોવાથી આપણને એક ઉત્તમ પુસ્તક પ્રાપ્ત થયું છે. વિવિધ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં સામેલ પામ્યું છે તે જ તેના ઉત્તમપણાની સાબિતી છે.

લેખકે માત્ર મિત્રો કે સાથીઓના જ નહીં પરંતુ સ્વજનોના પણ ચરિત્રચિત્રણો કર્યા છે. તેઓશ્રીએ તેમના દાદા 'શંકરજી'નું કરેલું રેખાચિત્ર વાંચ્યા પછી તો લેખકનાં પિતા અને દાદાને પ્રણામ જ કરવા પડે. શંકરજીને ગામના લોકો 'ઢબોભા'ના નામથી ઓળખે. શીર્ષક વાંચવામાં તકલીફ પડે તેમ છે કારણ 'ઢબોભા' શબ્દ થોડો અટપટો લાગે છે. ઢબોભા પાગલ પત્નીને જાત રસોઈ બનાવી ખવડાવતા. પોતે તો એક ટંક જમતા. પરંતુ પત્નીની ખૂબ કાળજી રાખતા. બહારગામ જાય તો પાડોશીને ત્યાં જમવાનું બનાવીને મૂકી આવે અને પત્નીને યોગ્ય સમયે ખાવાનું મળે તેની કાળજી રાખતા. પત્નીને 'મેમાંન હેંડો, ખાઈ લ્યો' કહીને પ્રેમથી જમાડે. આખું ગામ કહે 'ઢબોભા' એટલે 'ઢબોભા'. જમીન-જાગીર ખરાં પણ દોલો જીવ. માકોરમાએ કરેલી વાત પરથી લેખકને દાદાની શાંત પ્રકૃત્તિનો પણ ખ્યાલ આવેલો. ગામમાં આવતા રામલીલાવાળાઓ, બજાણિયાઓ, ખેલ કરવાવાળા, બહુરૂપી, નાગાબાવા, વહીવંચા, તરગાળા, મદારી અને વસવાયા તમામ ઢબોભા પાસે આશાએ આવતા અને આશા પૂરી કરતા. એક દિલેર દાદાના પુત્રએ આપણને એક ઉત્તમ પુસ્તકની ભેટ આપી ! ઢબોપા એટલે આદર્શ દાંપત્યજીવનનું પ્રતીક.

સામાન્ય રીતે છેલ્લા ત્રણ-ચાર દસકામાં 'નાનું કુટુંબ, સુખી કુટુંબ'નું સૂત્ર ખૂબ ચાલ્યું, અમલીકરણ પણ થયું. આપણે સંયુક્ત પરિવારની વિભાવના, આદર્શને કારણે મૂકી બેઠા. લેખકે 'જાડિયો જમાદાર'ના પાત્રલેખન દ્વારા સૌને ભેગા રહી પ્રેમ વહેંચવાનો આદર્શ સમજાવ્યો છે. ગામની અલ્પ પછાત જ્ઞાતિમાંથી આવતો જાડિયો સમાજના અન્ય લોકોથી અલગ તરી આવે છે. અનેક પ્રકારની કુટેવો સાથે પણ તે પોતાની મહેનત - પ્રામાણિકતાને કારણે ગામમાં સૌનો પ્રીતિપાત્ર બને છે. બે પત્ની અને નવ બાળકોનો મોટો સંસાર નિભાવતો આ જાડિયો તમામને અદ્‌ભુત રીતે સાચવે છે. લેખકના શબ્દોમાં : 'જૂની લાડુ અને નવી કાન્તા. આ બે સદ્‌ભાગી સ્ત્રીઓને પણ મેં જોઈ છે - ઓળખું છું. નવી-જૂની-ડાહ્યો ત્રણેયને સાથે બીડીઓ પીતાં જોયાં છે. હસતાં જોયાં છે ત્યારે 'જીવનરથનાં બે પૈડાં'ની વાત મને એમના સંદર્ભે ખોટી લાગી છે.' બે સ્ત્રીઓ શોક્ય હોય તો ઈર્ષાળુ જ હોય તે વાત અહીંયા ખોટી પડે છે. બંનેના હળીમળીને રહેવાના વ્યવહારો વાંચતા આંખ ભીની થાય છે. બીજી સ્ત્રી સાથે લગ્નની પરિસ્થિતિ કેવી રીતે ઊભી થઈ તેમ વાંચીએ ત્યારે તો જાડિયો આપણને એક સદ્‌ગૃહસ્થથી પણ વધારે ઊંચો છે તેમ સમજાય છે. લેખકના શબ્દો :

'બે જણીઓ ઘડે ખરી ?'

'એ તો એવું છ ન... બે અજાણ્યાં કૂતરાં ભેગા થાય તો થોડું ભહેઅ - પસી બધું રાગે પડી જાય...'

જાડિયો પોતાના દોષોથી જાણકાર છે તે જ તો તેનું જમા પાસું છે. છેલ્લે લેખકના કેટલાંક નોંધનીય વાક્યો :
● કેટકેટલી મુદ્રાઓમાં મેં એને જોયા છે. ● એના સંયુક્ત કુટુંબનું જબરદસ્ત આકર્ષણ મને રહ્યું છે. ●બધાં એક બીડીમાં

સંયુક્ત એક્ક ફૂંક મારીને એવી તો લિજ્જત માણે છે.

જાડિયો જમાદાર સંયુક્ત કુટુંબના વડીલનું ખાનદાન પ્રતીક છે.

અગાઉના સમયમાં ગામડાંઓમાં નાટક મંડળીઓ આવતી. હરિભાઈને નાટક જોવાનો ગાંડો શોખ. તે સમયનું પ્રખ્યાત નાટક 'શેણી વિજાણંદ'નું હરિભાઈને ઘેલું લાગેલું. સત્તરવાર જોયેલું. તેઓને શેણીનું પાત્ર કરતી 'રેણુકા' ખૂબ ગમી ગયેલી. તે રેણુકાનાં એકતરફી પ્રેમમાં પડી જાય છે. પોતાના ખેતરમાં લીમડાના થડિયે તેનું નામ કોતરેલું. મંદિરની ભીંત ઉપર પણ નામ લખેલું. તે ગાતી હતી તે ગીત 'હટા દે ઘૂંઘટ દિખા દે મુખડા'ના હરિભાઈ આશિક. સૌ હરિભાઈ પાસે 'હટા દે ઘૂંઘટ'વાળું ગીત ગવડાવી તેને ચીડવતા. ત્યારે વાંઢા રહી ગયાની તેમને વેદના થતી. પરંતુ 'એમના જીવનમાં ક્યારેય કોઈ ડાઘ પડ્યો નથી.' રેણુકાનાં તમામ નાટકનાં સંવાદો તેમના મોઢે છે. થોડાક સમય બાદ બાજુનાં ગામમાં આવેલી નાટક મંડળી 'શેણી વિજાણંદ' ભજવે છે. લેખક અને હરિભાઈ જોવા જાય છે. શેણીના પાત્રમાં રેણુકાને ન જોતાં હરિભાઈ નિરાશ વદને નાટક મંડળીના માલિક પાસે જઈ રેણુકાની તપાસ કરતાં જાણવા મળે છે કે તેનું અવસાન થઈ ગયું છે. હરિભાઈની આંખ આંસુથી છલકાઈ ઊઠી. લેખક : 'ડોકી હલાવતા હરિભાઈના ચહેરા પર વ્યાપી વળેલી નિરાશા, વેદનાને હું આજેય ભૂલી શક્યો નથી.' હવે તેને કોઈ વાંઢો કહી ચીડવતું નથી. એકપક્ષી ઉદાત પ્રેમ, લાગણી, સન્માન, એક ઓછી બુદ્ધિના વ્યક્તિના જીવનમાં પણ ભારોભાર હોય છે તે વાતની હરિભાઈએ સાબિતી આપી છે. હરિભાઈ એક નિષ્ફળ-વાસના રહિત પ્રેમનું પ્રતીક છે.

લેખકના જિજ્ઞાસાવૃત્તિ અને સંશોધનાત્મક માયાળુ સ્વભાવ બહુ નાની ઉંમરે વિકસેલો નજરે પડે છે. તેઓ કૉલેજનો અભ્યાસ કૉલેજની હૉસ્ટેલમાં રહીને કરતા હોય છે ત્યારે ત્યાંના 'ગુરખાજી'ના પરિચયમાં આવે છે. ગુરખો તેમનો મિત્ર, કેરટેક્ટર અને મદદનીશ પણ બને છે. ગુરખાજીની નોકરીની શરૂઆત કૉલેજના સ્થાપના સમયથી થયેલી છે. સંસ્થા સાથે એક આત્મીય સંબંધ બંધાઈ ગયો હોય છે. તેથી સીધી જવાબદારી નહીં હોવા છતાં તે સંસ્થાના બગીચાની જાળવણીની જવાબદારી પણ નિભાવે છે. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થી જેટલા વાગે વાંચવા ઊઠવાનું જણાવે તેટલા વાગ્યે તે રૂમને ખખડાવી વિદ્યાર્થીને જગાડતો. ગુરખાજી સતત તેની સાથે એક નેતરની સોટી - લાકડી રાખતા હતા. તેઓ તે લાકડી કોઈને આપતા નહીં. તેનો કદી કોઈને મારવામાં ઉપયોગ કરતા નહીં. લેખકે તે આપવા માટે ગુરખાજીને વારંવાર વિનંતી કરી. છેવટે ન આપવાનું રહસ્ય જાણવાનો પ્રયત્ન કરતાં દર્દભરી દાસ્તાન જાણવા મળી. ગુરખાની એક દીકરી હતી. જેને આ લાકડી ખૂબ ગમતી હતી. તે તેનાથી રમતી હતી. દીકરી ખૂબ પ્યારી હતી. તેને પેટની બીમારી લાગુ પડી ગઈ. ખૂબ દવા કરી પરંતુ કમનસીબે તે મૃત્યુ પામતાં તે લાકડી તેને માટે પુત્રી બનીને સચવાઈ રહી હતી. ગુરખાની ફિલસૂફીની વાતો : (૧) સાબ કરમકા બદલા યહાં હી મિલનેવાલા હૈ. (૨) પૈસેવાલે કે ઘરસે હી ખરાબી શુરૂ હોતી હૈ. (૩) દુનિયા મેં સબ જગહ અંધા કાનૂન હૈ લેકિન ઉપરવાલે કી કોરટ બરાબર મજબૂત હૈ, ક્યા સા'બ બરાબરને ! લેખક કહે છે – 'જીવનનું સાચું સત્ય હું એની પાસેથી શીખ્યો હતો.' ગુરખાજી એક ફિલસૂફીનું પ્રતીક છે.

કેટકેટલા વ્યક્તિત્વોની રસલ્હાણ લેખકે કરાવી છે ! તેમાંથી ક્યાં લઉં અને ક્યાં છોડું તે મને સમજાતું નથી. પરંતુ છેલ્લે 'મનસુખ મદારી'ની દરિયાદિલીની વાત કરીને અટકીશ. મનસુખ મદારી ગામની તમામ સમસ્યાઓનો ઉકેલ લાવતો ન્યાયાધીશ. માત્ર એક વ્યક્તિના લશ્કર જેવો મનસુખ મદારી. એક નાસી ગયેલી સ્ત્રીની મિલકત બાબતે મનસુખ મદારી ઉપર ખોટો કોર્ટ કેસ થાય છે. પરંતુ તેમાં તેની જીત થાય છે. તે ગામના સૌ નાગરિકોની માફી માગે છે અને મેળવેલ સંપત્તિ રામજી મંદિરને અર્પણ કરી દે છે. તે દિવસથી તેનું મહત્વ વધી ગયું. ત્યારબાદ તે વિસ્તારના


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ગમે તેવા વણ ઉકલ્યા પ્રશ્નોનો, ઝઘડાઓનો એ ઉકેલ લાવે છે. તે ગ્રામજનોના વિશ્વાસનો દુરુપયોગ કરવાનું સ્વપ્નમાંય વિચારતો નથી. પરંતુ તેના દીકરાઓ વચ્ચે મિલકત બાબતે ઝઘડાઓ થાય છે. કોઈ તેને પૂછે છે કે તારા કુટુંબમાં જ આવું કેમ બન્યું ? ત્યારે ખિન્ન મનથી તે ઉત્તર આપે છે : 'ભૈ, જ્યારે હથેળીમાં કાંટો વાગે છે ત્યારે એ હાથનો અંગૂઠો એ કાંટો કાઢવા કોમમાં આવતો નથી.' કેટલું મોટું સનાતન સત્ય છે ! મનસુખ ખરેખર મન-સુખ છે. મનસુખ એક સાચા સમાજસેવકનું પ્રતીક છે.

મોટા માણસોનાં જીવનચિત્રો લખવા સરળ છે. કારણ કે તેમના જીવનમાં ઘણું નોંધવા જેવું પડ્યું હોય છે પરંતુ 'નાના માણસોની મોટી વાતો' શોધનાર તો ધૂળધોયાનું કામ કરવું પડે છે. તેમાં લેખકશ્રી ભગીરથભાઈ સંપૂર્ણપણે સફળ થયા છે. તેનો આનંદ અને અભિનંદન તો ખરો જ ! 'અભ્યાસ લેખો' શીર્ષક હેઠળ ગુજરાતના સુપ્રસિદ્ધ લેખકોએ પુસ્તક વિશે લેખ લખ્યા છે.

એકત્રીસ પ્રકરણોમાં એકત્રીસ શબ્દચિત્રો છે. પ્રત્યેક વ્યક્તિ કોઈક એક આદર્શનો પ્રતીક છે. અત્યંત પ્રેરણાદાયી વ્યક્તિચિત્રો મારફત લેખકે સમાજને ખૂબ મોટો સંદેશો પહોંચાડ્યો છે. વર્તમાન સમયમાં મૂલ્યોનું ધોવાણ થઈ ગયું છે. પ્રામાણિકતા અને નિષ્ઠા અદશ્ય થઈ ગયા છે અને નીતિમતા ખાડે ગઈ છે ત્યારે તો આ પુસ્તક અત્યંત ઉપકારક બને છે. આવું 'પ્રેરણાદાયી પુસ્તક' બે દસકા પહેલાં સાહિત્ય જગત અને સમાજને ચરણે ધરવા બદલ શ્રી ભગીરથભાઈને ખોબલે ખોબલે અભિનંદન પાઠવતાં અત્યંત આનંદની લાગણી અનુભવું છું.

## અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી

લાગ્યો. અસામાન્ય વર્તન વ્યવહારમાંથી મુક્ત થઈ સામાન્ય વર્તન વ્યવહાર પર આવી ગયો. તે ફેફસાંના અનેક રોગોમાંથી બચી ગયો.

૧૯૮૮ના શિયાળામાં તેના લગ્ન થયા. તે નવોઢાને લઈને અમને મળવા આવ્યો. નીચે નમી પગે લાગ્યો. તેની પત્ની જોઈ રહી એટલે બોલ્યો, 'ભાઈને પગે લાગ, તે ગુરુજી મારા છે. તેણે મને સાચા જીવનની સમજ આપી છે. જીવન જીવવાનો સાચો રાહ બતાવ્યો છે. તેની પત્ની રંજન પણ આ સંસ્થાની પ્રિ.પી.ટી.સી.માં ભણી ગયેલ એટલે વાતાવરણથી પરિચિત હતી. તે પણ રાજુની જેમ હસમુખી મળતાવડી જણાઈ. તેના મુખ પર પણ રાજુ જેટલી જ પ્રસન્નતા જોવા-અનુભવવા મળી. રાજુનું પેટ બેસી ગયેલું હતું. ઉત્સાહ અને તરવરાટ પહેલા જેટલો જ જોવા મળ્યો. શરીર ભરાવદાર થઈ ગયું હતું. બંનેની પ્રસન્નતા જોઈ અમે બંને રાજી થયા.

કહેવાય છે કે,

અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી,
નિર્બળ મનના માનવીથી પથ્થર પણ નથી હટતો.'

## એક વિશિષ્ટ આનંદજનક પીડા !

સમભાવ પ્રેર્યા તે પણ સદૈવ જળવાઈ રહ્યા હૃદયતલમાં. મારી પ્રકૃત્તિ જ અતડી. તેથી માતા-પિતા સાથે બહુ નિકટતા નહીં.

**- ભગવતીકુમાર શર્મા**

નર્મદાની જાત્રા કરી વળતી વખતે કોઈક સ્ટેશને આઈસક્રીમ જોઈ મારાં બાને ખાવાનું મન થયું. ચાર આનાની પ્લેટ. મારા પિતાને કહ્યું, "આઈસક્રીમ લઈ દ્યો ને." પિતાજી કહે, "આપણને એવા ચાર આના નાખી દેવા ન પોષાય." આ વાત મારી બાએ મને કહેલી અને મારી છાતી વીંધાઈ ગયેલી. વર્ષો પછી દક્ષિણામૂર્તિમાં મહિને સાડાબાર રૂપિયાના પગારે જોડાયો. પહેલો પગાર મળતાં તે લઈને વઢવાણ ઊપડ્યો. સ્ટેશનેથી ઊતરીને સીધો આઈસક્રીમવાળાને ત્યાં. આખો સંચો ભરી આઈસક્રીમ લીધો, તે દી' તો તેનો દોઢ રૂપિયો બેસે. સંચો લઈને ઘરમાં દાખલ થયો. - "બા, આઈસક્રીમ લાવ્યો છું." પિતાજી કહે, "આટલો બધો ?" અમે મા-દીકરો જ સમજીએ.

**- મનુભાઈ પંચોળી 'દર્શક'**

# શિક્ષકની ચેતના

ડૉ. અરુણ જે. કક્કડ
બી-૪૦૩, મોતીપેલેસ પ્લસ, વંથલી રોડ,
ટીંબાવાડી, મુ. જૂનાગઢ.
મો. ૯૯૨૫૨૬૦૬૪૮

## શિક્ષણક્ષેત્રના અનુભવો

શિક્ષણ તેમજ સમાજ વિશેની શ્રી અમૃતલાલ યાજ્ઞિકની વિચારણાને પ્રગટ કરતું તેમનું પુસ્તક 'જગગંગાના વહેતા નીર' ઈ. સ. ૧૯૭૦માં પ્રગટ થયેલું. આ દળદાર પુસ્તકની બીજી આવૃત્તિ સમયે તેને પાંચ-છ પુસ્તિકારૂપે પ્રગટ કરવાનું નક્કી થયું. તેના પ્રથમ પ્રવાહરૂપે 'શિક્ષણ સૃષ્ટિમાં પ્રવેશ' પુસ્તિકા પ્રગટ થઈ. ઓગસ્ટ ૧૯૮૨માં પ્રગટ થયેલી આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિમાં કુલ સાત લેખો સમાવાયા છે.

'જનસંદેશ' સાપ્તાહિકમાં 'શિક્ષણપ્રિયની નોંધપોથી' નામે લેખમાળા શરૂ થયેલી. પછી 'જન્મભૂમિ' અને 'અખંડ આનંદ'માં પણ અમૃતલાલ યાજ્ઞિક દ્વારા શિક્ષણ અને સમાજ વિશેના લેખો પ્રગટ થતા. આ લખાણોમાંથી 'જળગંગાના વહેતા નીર' ગ્રંથ પ્રગટ થયેલો. 'શિક્ષણ સૃષ્ટિમાં પ્રવેશ' પુસ્તિકામાં લેખકના અનુભવો પ્રગટ થયા છે. લેખકના શિક્ષણને લગતા આ પ્રકારના અનુભવોના પ્રાગટ્યમાંથી આપણને ઉપયોગી સામગ્રી મળી રહે છે.

આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિકને શિક્ષણક્ષેત્રની પ્રવૃત્તિ દરમિયાન થયેલા અનુભવ અને વિચાર. આપણને જીવનમાં માર્ગદર્શક બને તે માટે આ લેખોનો અભ્યાસ કરવો આજે પણ જરૂરી બને છે. ચાલુ શિક્ષણપદ્ધતિ કરતાં અહીં સુસંસ્કાર ઉપર વધુ ભાર મુકાયો છે. નવી પેઢીને કર્તવ્યનિષ્ઠ, દક્ષ અને શીલસંપન્ન બનાવવામાં આ લેખો ઉપયોગી બની રહે તેવા છે.

પ્રથમ લેખ 'દક્ષિણામૂર્તિ' સંસ્થા અને લેખકના સ્વાનુભવના સુમેળરૂપ છે. લેખક જ્યારે ભાવનગરની કૉલેજમાં ભણતા હતા ત્યારે 'દક્ષિણામૂર્તિ'ની કેળવણીનાં નવા પ્રયોગોમાં તેમને રસ પડ્યો હતો. તેમાં થતા મૉન્ટેસરીના શૈક્ષણિક સિદ્ધાંતોના પ્રયોગોથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. લેખકે મૉન્ટેસરીના મૂળ અંગ્રેજી ગ્રંથો વાંચ્યા ન હતા, પરંતુ ગિજુભાઈ દ્વારા આ પદ્ધતિનું જે રીતે વિવરણ થતું તેટલા પૂરતું જ લેખકને આ પદ્ધતિનું જ્ઞાન હતું.

બાળશિક્ષણમાં નવો પ્રાણ પૂરનારા ગિજુભાઈ શિક્ષણને બાળવિકાસના આનંદનું રસપ્રદ સાધન બનાવે છે. આ બધું લેખક જાણે છે તેની વાત કરી પછી લેખક પોતાની જિંદગીનો શિક્ષક તરીકેનો પહેલો અનુભવ વર્ણવે છે. આ અનુભવને આધારે લેખકને કેળવણીના મૂળભૂત સિદ્ધાંતો કેવી રીતે સમજાયા તેનું વિવરણ પણ થયું છે.

૩૧ વર્ષના શિક્ષણકાર્યની ફલશ્રુતિરૂપે લેખક દ્વારા કેટલાંક તારણો પણ રજૂ થયા છે. શિક્ષા ન કરવી, ભયથી નહીં પણ પ્રેમથી શિક્ષણમાં રસ ઉત્પન્ન કરવો વગેરે સિદ્ધાંતો સમધારણ વિદ્યાર્થીને લક્ષમાં રાખીને તારવ્યાં છે, જ્યાં વિદ્યાર્થીમાં વિકૃતિ હોય ત્યાં શિક્ષા કરવી અનિવાર્ય બને છે, પણ તે તો માત્ર એ સમધારણ કક્ષાએ પહોંચે ત્યાં સુધી જ. ગમે તેવા તોફાની કે ગુંડા જેવા રીઢા બની ગયેલા કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓમાં ક્યાંક ને ક્યાંક સારપ, કાંઈક માનવીયપ્રદયનો ઉદાત્ત અંશ રહ્યો જ છે. તે અંશને સ્પર્શી બહાર કેમ કાઢવો, તેને આકાર કેમ આપવો અને એમાં શક્તિ કેમ લાવવી એ કેળવણીનું કામ છે.

વિદ્યાર્થીએ એક-બે વાર ગમે તેવું ખરાબ વર્તન કર્યું હોય તો યે તેના પ્રત્યે પૂર્વગ્રહ રાખવાને બદલે તે સુધર્યો છે, સુધરવાની વૃત્તિવાળો છે, એવી રીતે તેની જોડે વર્તવાથી તેના સારાં પરિણામ આવે છે. વિદ્યાર્થી તરફ તમને દ્વેષ નથી, તમને તેનું હિત ગમે છે, એ વિદ્યાર્થીને સમજાય તો તે તમારા પ્રત્યે પ્રેમાદર રાખશે. કોઈ પણ વિદ્યાર્થીને

વ્યક્તિગત રીતે મળીને સમજાવવાથી તેની ઉપર શુભ અસર થાય છે. ટૂંકમાં કેળવણીના આટલા સિદ્ધાંતો લેખકને સ્વાનુભવના પ્રસંગોમાંથી પ્રાપ્ત થાય છે.

વિદ્યાર્થીઓ તરફથી મળતા પ્રેમને કારણે જે પ્રકારનો સાત્ત્વિક આનંદ મળે છે તેને લગતાં પ્રસંગો બીજા લેખમાં આપવામાં આવ્યા છે. શિક્ષક જીવનનું ગૌરવ અનુભવવા મળે તેવા આ પ્રસંગો છે. મહારાષ્ટ્રના સંસ્કાર વિભૂતિ શંકરવામન દાંડેકર વ્યવસાયે કૉલેજના પ્રાધ્યાપક હતા. ત્રીજો લેખ તેમના વિશે છે. સાધુચરિત્ર શિક્ષક તરીકેનું તેમનું વ્યક્તિત્વ અલગ રીતે નિરૂપાયું છે. તેમની નિઃસ્પૃહતા અને સાત્ત્વિકતા જનસમૂહના ચારિત્ર્યઘડતરનું પ્રેરકબળ બને તેવા હતા. સાત્ત્વિકવૃત્તિથી શિક્ષણકાર્ય કરવાની દાંડેકરસાહેબની આજ્ઞા લેખકે સ્વીકારી છે.

ચોથો લેખ વિદ્યાર્થીઓના ટોળાશાહી માનસ વિશે છે. પોતાની કૉલેજમાં પડેલી હડતાળના પ્રસંગને આધારે આ માનસને સમજવા-સમજાવવાનો પ્રયત્ન અહીં લેખકે કર્યો છે અને તારણ આપ્યાં છે કે, લાગણી દ્વારા ઉશ્કેરાયેલી હીનવૃત્તિ એ ટોળાશાળી માનસનું વલણ છે. આવું માનસ જાગૃત્ત કરવા અનિષ્ટ તત્ત્વો વ્યવસ્થિત કે સંગઠિત બને છે. વેરવિખેર પડેલાં શુભતત્ત્વો મૂંગા કે નિષ્ક્રિય થઈ જાય છે. યુવાન વિદ્યાર્થીઓની ભાવનાશીલતાનું સૌંદર્ય પ્રગટ કરતો પાંચમો લેખ જુદી જ ભાવભૂમિવાળો છે. યુવાનોને વિશે નિરાશા સેવવાનું ખરેખરું વાજબી કારણ હોતું નથી એવું નિદાન અહીં અપાયું છે. વિદ્યાર્થીના મુગ્ધચિત્તમાં કેવી દિવ્ય ભાવનાઓ કુદરતે આપી છે તે સમજવા માટે લેખકે પોતાના જીવન અનુભવનો એક પ્રસંગ અહીં આપ્યો છે.

છઠ્ઠો લેખ બાળકેળવણી વિશે છે. કેળવણીના પાયાની વાત અહીં થઈ છે. લેખકનો મતે બાળમાનસની ઉત્સુકતાને યોગ્ય વહનમાર્ગ પૂરો પાડવો તે તેના ચિત્ત વિકાસને સાચી દિશા ઉઘાડી આપ્યા બરાબર છે. શ્રમગૌરવ વિશેના સાતમા લેખમાં લેખકે નોંધ્યું છે કે, બાળકને શારીરિક કામ કરવામાં ખૂબ મજા આવે છે. બાળકેળવણીમાં કેળવણીની પદ્ધતિનું મહત્વ છે તેના કરતાંયે કેળવણી આપનાર શિક્ષકનું વિશેષ મહત્વ છે.

'શિક્ષણસૃષ્ટિમાં પ્રવેશ' પુસ્તિકામાં આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિકના અનુભવો તથા શિક્ષણ વિષયક વાંચન-મનન વગેરેના ફળસ્વરૂપ કેટલુંક મહત્વનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. શિક્ષણસૃષ્ટિમાં પ્રવેશેલા શિક્ષકો-અધ્યાપકોને આ અનુભવો ઉપયોગી નીવડે તેવા છે.

---

## મહાભારતમાંથી વિદ્યાર્થીઓએ અપનાવવા જેવા આઠ ગુણ

પણ કબૂલે છે કે કર્ણ એક મહાન યોદ્ધા હતા. માત્ર દુર્યોધનને આપેલા વચનને ખાતર એ દુર્યોધને કરેલ ખરાબ કર્મ વિશે જાણતા અને એના કર્મ બાબત સંમત ન હોવા છતાંય યુદ્ધમાં એનો સાથ આપે છે. જરા વિચારીએ, જો કર્ણ એક મિત્ર તરીકે દુર્યોધનનું સાચું માર્ગદર્શન કરી શક્યો હોત! એને દ્રૌપદી ચીરહરણ કરતાં રોક્યો હોત તો!

મહાભારતની મુખ્ય કથા, આ વાર્તા કથાઓ, એના પાત્રો અને પરિણામો પરથી જીવનમાં શીખવા જેવી ઘણી બધી બાબતો છે... ઘણાં મૂલ્યો ઉજાગર થાય છે. કોઈ પણ વ્યક્તિ જીવનમાં રામાયણ મહાભારત જેવા ધર્મગ્રંથોમાંથી જીવન ઘડતરના પાઠ શીખી જીવનમાં ઉતારે તો જીવન કલ્યાણકારી બને છે. વિદ્યાર્થી કાળ જીવનનો સુવર્ણ કાળ છે. આ કાળમાં બાળકો, તરુણો અને યુવાનો ખરાબ સંગતે ચડી જાય અથવા તો કોઈ કારણસર હતાશા અનુભવે અને યોગ્ય દિશાસૂચન ન મળે તો અનિષ્ટ પગલાં પણ ભરી બેસે છે. મહાભારત આમ તો ગંગોત્રી સમાન છે. પરંતુ, ઉપરોક્ત આઠ ગુણ અપનાવે તો પણ જીવન મંગલમય બની રહે.

(પ્રસ્તુત લેખ શ્રી આર. પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશનમાં તા. ૨૨/૦૩/૨૦૨૩ના રોજ યોજાયેલ રાજ્યકક્ષાના પરિસંવાદ 'મહાભારત એક ગ્રંથ સૌરભ' માં રજૂ કરેલ સંશોધનપત્રનો અંશ છે.)

# પ્રભુ સાથેનો સંપર્ક સેતુ : પ્રાર્થના

**ડો. ઈશ્વરભાઈ વાઘેલા**
(એસો. પ્રોફેસર) વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ,
વલ્લભ વિદ્યાનગર, તા.જિ. આણંદ
મો. ૭૭૭૮૦૬૯૨૩૫

'પ્રાર્થના આત્માનો ખોરાક છે.' આત્માને જાગતો રાખવા, આત્માને પ્રભુ શરણમાં લઈ જવા, આત્મા દ્વારા વ્યક્તિને સદ્માર્ગે લઈ જવા પ્રાર્થના કરતાં રહેવું જોઈએ. કહેવાય છે કે, 'આત્માના અવાજને અનુસરો.' પણ જે દૂષણોમાં - પ્રભુની સીમા બહાર જતો રહ્યો હોય તેને તે અવાજ સંભળાતો નથી, આથી વિશ્વમાં દૂષણો વધતા જાય છે. પ્રભુનો કોપ પણ ઊતરી આવે છે. તેમાંથી બચવાનો ઉપાય છે પ્રાર્થના કરતા રહેવું અને પ્રભુના માર્ગે જ ચાલતા રહેવું જોઈએ.

સ્વામી રામતીર્થ કહે છે કે, 'પ્રાર્થના એટલે પરમાત્મા સાથે ગોષ્ઠિ, પરમાત્માનું ચિંતન અને અનુભવ. આમ પ્રાર્થના એટલે પરમેશ્વરની અવિરત કૃપા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર, પરમેશ્વરની નજીક જવાની તક. સ્વામી શિવાનંદ સરસ્વતીના મને, 'પ્રાર્થના એટલે ઈશ્વર સાથે વાતચીત કરવાનો પ્રયાસ.' એટલે કે માન અને ભગવાન વચ્ચેનો અંગત વાર્તાલાપ. કાકાસાહેબ કાલેલકરના મતે, 'પ્રાર્થના એટલે પોતાના આદર્શ મુજબ પોતાનું જીવન ઘડીને ઈશ્વરને તે સમર્પણ કરવાની ક્રિયા.' ઋગ્વેદમાં કહેવાયું છે કે, 'જીવનની માવજત એ જ ઉપાસના.' આમ પ્રભુને જીવન અર્પણ-સમર્પણ કરવાનું છે. નિર્ભેળ હૃદયથી થતું સમર્પણ મનને આધ્યાત્મિક આનંદથી છલકાવી દે છે. જીવન અર્પણ કરવા માટે પ્રભુના માર્ગે-પ્રભુની આજ્ઞાઓ પ્રમાણે જીવન જીવવું પડે. પ્રાર્થનામાં લાગણી હોય, માંગણી ના હોય. કશું આપીને લેવાની ભાવના ન હોય. પ્રાર્થનાનો પ્રત્યેક શબ્દ આરતથી મિચોવાતા હૃદયરૂપી વસ્ત્રમાંથી ટપકતા બિંદુ જેવો હોવો જોઈએ. જેની ભીનાશથી 'સ્વ' સાથે 'પર' પણ ભીંજાય. પ્રાર્થનામાં વ્યક્તિ સ્વયં ઓગળી જવો જોઈએ તે માટે ઈચ્છાઓને ઓગાળી દઈ, સ્વાર્થી માગણીઓને બદલે પરમાર્થનો માર્ગ પકડવાનો પોકાર કરવો પડે.' પ્રાર્થના = પ્ર + અર્થના = વિશેષ હેતુ માટેની અરજ. જેમાં સ્વાર્થ નહીં પરમાર્થનો ભાવ હોય તે પ્રાર્થના. કુસુમાનતિમાં કહ્યું છે કે, 'ભગવાન પાસે શ્રેષ્ઠ અને ઉચ્ચત્તમ ઈચ્છાથી વિનંતી કરવી એનું નામ પ્રાર્થના.' શ્રેષ્ઠ અને ઉચ્ચત્તમ ઈચ્છા એટલે સ્વાર્થ નહીં પણ પરમાર્થી ઈચ્છા. પ્રાર્થના એટલે પરમાત્મા પાસે સામાજિક અને આધ્યાત્મિક પથ પર ચાલીને સારા સાત્ત્વિક ભાવની યાચના કરવી. પ્રાર્થના એટલે હૃદયના ઊંડાણમાંથી નીકળેલો આર્તનાદ. પ્રાર્થના એટલે આપણામાં રહેલા સંકોચ મનોવિકારને ધોવા માટેની અરજ. પ્રાર્થના એટલે ઈશ્વર તરફ કૃતજ્ઞતાથી કરેલી અભિવ્યક્તિ. ઈશ્વર સાથે એકાંતમાં, નિજમંદિરમાં મનની પલાંઠી વાળીને થતો મૂકસંવાદ. ગાંધીજીના મતે, 'પ્રાર્થના સાવરણી છે. આપણા મનના ઓરડામાં રોજને રોજ કચરો ભરાતો હોય છે એને સાફ કરવા માટે નિત્ય હરહંમેશ પ્રાર્થના કરવી જોઈએ.'

ઉપરોક્ત ચર્ચાના પરિપાક સ્વરૂપે વિચારીએ તો પ્રાર્થના એટલે ભક્તિભાવપૂર્વક કરેલું ઈશ્વરનું સ્મરણ, મનનો ઉપાડ, આત્માને સ્વચ્છ કરવાનું માધ્યમ, પ્રભુ મારો છે અને હું તેનો છું તેમ સૌ પણ તેના છે તેવા પ્રેમની પરિભાષા, દુષ્ટાચારોને નાબૂદ કરવાનું દૈવી ઔષધ, શિષ્ટાચારોના આવરણનું વ્યાકરણ, સૃષ્ટિનો સંચાલક છે જ તેવી શ્રદ્ધાની સાબિતી, જીવન સંજીવની પ્રભુને પામવા ખુદને ભૂલી જવાની ચેષ્ટા, જીવ અને શિવ એક બની જવાનો કીમિયો, સ્વપ્રયત્ને જીવને શિવ પામવાનો પવિત્ર પ્રયાસ, અંતઃકરણરૂપી અંતર્યામીને આદર આપીને આભાર માનવાનો અવસર, જીવનનાં દુઃખોનું મારણ, હૃદયને શુદ્ધ કરનારું રસાયણ, ભવસાગરનું તારણ.

પ્રાર્થના કરવી એ જીવનનું સૌથી મહત્વનું અને પ્રથમ કર્તવ્ય છે, તેથી પ્રાર્થના કરતાં પહેલાં આપણા મન-મગજમાં રહેલી ગંદકીને દૂર કરવી પડે. હજરત મહંમદ

પયગમ્બર કહે છે, 'જે માણસની બંદગી દુષ્ટ કર્મોથી તેને અટકાવતી નથી તે કંઈ નથી.' કબીર પણ ગાય છે કે,

***'માલા તો કરમેં ફિરે, જીબ ફિરે મુખમાંહી,***
***મનુવા તો દહું દિશ ફિરે, યહ તો સુમરિન નાંહી.'***

પ્રાર્થના કરતાં કરતાં મન ચકડોળે ચઢે તે પ્રાર્થના પ્રભુ પાસે જતી નથી. પ્રાર્થના એકાગ્રતાથી કરવી પડે. પ્રભુમાં મગ્ન થઈને, હૃદયનું આર્જવ ભરીને, અંતરની સચ્ચાઈથી, શુદ્ધ લાગણીના ભાવથી, માગણી કે ફરિયાદ વિના, નિઃસ્વાર્થ સ્નેહથી સભર થઈને, સર્વના કલ્યાણની ભાવના કેન્દ્રમાં રાખીને પ્રાર્થના કરવી જોઈએ. સ્વચ્છ મનથી કરેલી પ્રાર્થના ફળે છે. તાદાત્મ્ય વિનાની પ્રાર્થના ફળતી નથી. પ્રાર્થના આપણું ભીતર અજવાળે અને જગતનું કલ્યાણ, સકળ વિશ્વનું શુભ થાય તેવી ભાવના સાથેની હોવી જોઈએ.

પ્રાર્થના કરવા માટે કોઈ જ વિશેષ જ્ઞાન કે વાક્પટુતા જરૂરી નથી. તેમાં બસ નિર્મળ હૃદય, આત્માથી ઉદ્ભવેલા શબ્દો જ જરૂરી છે. કોઈના પણ માટે કરાયેલા પ્રાર્થના માટેના પ્રામાણિક પ્રયત્નો જ વધુ અસરકારક નીવડે છે. એકવાર ઈશ્વર સાથે એકાકાર થઈ જઈએ પછી કંઈ પણ માગવાની જરૂર રહેતી નથી. બે હાથ જોડી, આંખો બંધ કરી, નિર્મળ અને શાંત ચિત્તે કરાયેલી પ્રાર્થના એ જ સુખ, પ્રેમ અને વિશ્વશાંતિનો એક માર્ગ છે.

કબીર ગાય છે કે,

***'ચલતી ચક્કી દેખકર, દેખ કબીરા રોય !***
***દો પાટન કે બીચમેં, બાકી ન બચા કોય.'***

કબીર કહે છે કે, સંસારમાં ઘંટીના મોહ અને માયાના બે પડમાં માણસ પીસાઈ રહ્યો છે. સંસારનો કોઈપણ માણસ તેમાંથી બચી શક્યો નથી. પણ કેટલાંક એવા છે કે આત્મીય અવસ્થા રૂપી ખીલો પકડીને પરમપિતા પરમેશ્વરના સહવાસમાં રમમાણ રહે છે તે બચી જાય છે. પ્રાર્થના પ્રભુમાં રમમાણ રહેવાની સ્થિતિ છે. પૂ. મોટા કહે છે કે, 'ભગવાનનું સ્મરણ એ એક એવું સાધન છે કે સંસારની અનેક આધિ-વ્યાધિ આવે તેમાં સમતા કેળવી શકાય. એક જ શબ્દના વારંવાર ઉચ્ચારણથી ધૂન પ્રગટે છે. એ જ્ઞાન તંતુને માર્દવતા પ્રગટાવનારી છે. અત્યારના કાળમાં એટલા બધા ઉશ્કેરાયેલા હોય એને શાંત પાડવા ભગવાનનું સ્મરણ એ પ્રયોગાત્મક ક્રિયા છે.' સ્વામી વિવેકાનંદના મતે, 'તમામ પૂજા-ઉપાસનાનો સાર શુદ્ધ થવું, બીજાનું ભલું કરવું.' સામાજિક જીવનપથ પર ઉચ્ચકોટિના દૃષ્ટિબિંદુથી જીવનમાં ન્યાય, નીતિથી સત્યના પથ પર ચાલવા માટે અને આધ્યાત્મિક પથ પર પ્રભુ પ્રત્યે પ્રેમ-ભક્તિ, લાગણી અને ભાવની સાથે વિહરવા પ્રાર્થના અનિવાર્ય છે. શારીરિક-માનસિક સ્વાસ્થ્ય માટે પ્રાર્થના જરૂરી છે. વિશ્વાસ, સદ્ગુણો અને શ્રદ્ધાને પ્રાર્થના પુષ્ટ કરે છે. દુષ્ટતાનો નાશ કરે છે. પ્રાર્થના મન, બુદ્ધિ, શરીરને એકાગ્ર કરે છે. દૂરથી કરાયેલી પ્રાર્થના પણ સંસારમાં વાસ્તવિક પરિવર્તન લાવવા સક્ષમ છે. જીવન પોતાની અહ્મતા અને મમતાને લીધે કજિયા કલહ કરે છે. જો જીવમાં પોતાપણું ને મમતાપણું છોડવા માટે અંતરાત્માથી પ્રાર્થના કરવામાં આવે તો ગ્રજગ્રાહથી છૂટી શકાય છે. દિલથી કરેલી પ્રાર્થના પરમાત્મા સુધી લઈ જાય છે. ભગવાન સાથે તાદાત્મ્ય સંધાતા જીવનમાં પ્રકાશ પથરાય છે. પ્રલોભનો, વિકારો, અહ્મતા, મમતા, મદ, મત્સર, વગેરે પર વિજય અપાવે છે. અંતઃકરણ શુદ્ધ થઈ જાય છે. પ્રભુને પામવાનો પંથ પ્રેમભીનો બને છે. આત્માનો વિકાસ થાય છે. જીવનું પરમ મંગલકારી કલ્યાણ થાય છે. ખલિલ જિબ્રાન કહે છે કે, 'પ્રાર્થના એ હૃદયનું ગીત છે; જે પ્રભુના સિંહાસન સુધી હજારો વિઘ્નો વચ્ચે પણ માર્ગ કરી દે છે.' આમ પ્રાર્થના જ પ્રભુના ચરણે-શરણે જવાનું માધ્યમ છે.

પ્રભુ ! સચ્ચિદાનંદ, સર્વવ્યાપક, સર્વશક્તિમાન, અંતર્યામી છે. તમે શુદ્ધ દિલથી, નમ્રતા અને સમર્પણભાવથી પોકાર કરો એટલે તે આવે છે જ. કોને શું આપવું ? કેટલું આપવું ? ક્યારે આપવું ? તે બધાંની તેને ખબર છે. તેની પાસે માગવાની જરૂર નથી. પણ પ્રાર્થના સાથે તેને સમર્પિત થઈ, તેનામાં એકાકાર થઈ, તેનામય બની જવામાં જે પ્રાપ્તિ છે તે આ જગતમાં મળવી મુશ્કેલ છે. આવો, આપણે સૌ પ્રાર્થનાના માધ્યમથી પ્રભુના રંગે રંગાઈ જઈએ.

***'રંગાઈ જાને રંગમાં, પ્રભુનામ તણાં તું રંગમાં...'***

# ગ્રંથાલય સ્થાપન-વિસ્તરણનો વૈજ્ઞાનિક અભિગમ નવી પેઢીને વાંચન અભિમુખ કરી શકશે

- ડો. નાનક ભટ્ટ
મો. ૯૮૯૮૪૬૩૪૮૯

ભાવનગરની સામાજિક સંસ્થા શિશુવિહાર દ્વારા શ્રી પન્નાબબેન રસિકભાઈ હેમાણીની સહકારથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૮૦ અને જિલ્લા પંચાયત સંચાલિત ૫૪૨ ગ્રામ્ય શાળાઓનાં ૩,૭૯,૧૦૦ બાળકો માટે ૪૬,૪૦,૦૦૦ની કિંમતનાં ૧,૮૬,૬૦૦ જેટલાં બાળપુસ્તકો વર્ષ ૨૦૧૦-૧૧માં ઉપલબ્ધ મૂકવામાં આવ્યાં.

બકોર પટેલ, ગિજુભાઈની વાર્તા, હિતોપદેશ, બિરબરલની ચતુરાઈ, જીવરામ જોશી, પંચતંત્ર, છક્કો-મકો પ્રકારે ૩૬૮ પુસ્તકો શાળાને અર્પણ કરવામાં આવેલ. ગુજરાતના જાણીતા બાળકેળવણીકાર શ્રી પ્રવીણભાઈ શાહ, દમુબહેન મોદી, રક્ષાબહેન દવેની આકરી પરીક્ષામાં પસંદ થયેલા અને બાળકોને વહેમ, અંધશ્રદ્ધા, જંતર-મંતરની ચાલાકીથી દૂર રાખતાં પુસ્તકોનો પુસ્તકાલયમાં સમાવેશ કરવામાં આવેલા.

પ્રવૃત્તિના પ્રારંભે શાળાઓનાં શિક્ષકો માટે એક દિવસીય તાલીમ ગોઠવી તેઓને બાળકોના સામાજીકરણમાં વાર્તાની જરૂરિયાત વિષયે વાત કહેવામાં આવી. પુસ્તકાલય સંચાલનની પદ્ધતિઓના વૈજ્ઞાનિક અભિગમથી વાકેફ કરવામાં આવ્યાં. ત્યારબાદ ગુજરાતના જાણીતા વિકાસચિંતક સાહિત્યકારોનાં વરદ્‌હસ્તે પુસ્તકો આપવામાં આવ્યાં. સાથોસાથ લાભાર્થીઓ, સહભાગી સંચાલકોને માર્ગદર્શન, પ્રેરણા અને ટેકો આપવા પૂ. મોરારિબાપુના સાંનિધ્યમાં ગુજરાત રાજ્યના મા. રાજ્યપાલ શ્રીમતી કમલાજી અને 'વાંચે ગુજરાત'ના રાજ્ય કક્ષાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ગ્રંથમંદિર વિતરણના કાર્યક્રમો સમયાંતરે યોજવામાં આવ્યાં.

શિશુવિહાર સંસ્થાએ પ્રાથમિક શિક્ષકોની માનદ્ સેવા લીધી. નવી પેઢીને વાંચન સાથે જોડવાના પવિત્ર કાર્યનો મહિમા શિક્ષકોથી વધુ કોણ સમજે ? આમ છતાં બાળકો દ્વારા પુસ્તકો વંચાય એટલે તૂટે-ફાટે એવું બનવાનું હતું. આથી આર્થિક જવાબદારીમાંથી શિક્ષકોને બાકાત રાખી વ્યવહારુ અભિગમ દાખવવામાં આવ્યો. એટલું જ નહીં પણ સંસ્થાનો એક કાર્યકર દર મહિને બાળપુસ્તકાલયની મુલાકાત લઈ ફાટેલાં પુસ્તકો રિપેર કરી આપે અથવા તો બદલી આપે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી.

ગ્રંથમંદિરનું કામ-કાજ કેમ ચાલે છે ? બાળકોને કયા પ્રકારના પુસ્તકો વાંચવા વધુ ગમે છે ? બાળક પુસ્તક ઘરે લઈ જાય છે, તો પછી તેના ઘરે દાદા-દાદી, નાનાં-મોટાં બહેનને પુસ્તક વંચાવે છે ? પુસ્તકની સોબતથી બાળકની પોતાના અભ્યાસમાં રુચિ વધી છે ? આ અને આવા અનેક પ્રશ્નોના જવાબ શોધવા યુનિવર્સિટીના લાઈબ્રેરી સાયન્સના વિદ્યાર્થીઓની મદદથી એક સર્વે કરવામાં આવ્યો અને શિક્ષકો સાથે એક દિવસીય પરિસંવાદ યોજવામાં આવ્યો એટલું જ નહીં, પણ ભાવનગર યુનિવર્સિટીના સોશિયોલોજી વિભાગના વિદ્યાર્થીઓને નિમંત્રણ આપી તેમના દ્વારા પુસ્તકાલયની સામાજિક અસર ઉપર વૈજ્ઞાનિક માહિતી તપાસાઈ.

કહેવાય છે કે પુસ્તક સાચો મિત્ર છે. પરંતુ બાળકોએ પુસ્તક સાથે મૈત્રી કેળવી છે કે નહીં તે તપાસવા પ્રાથમિક શાળાનાં બાળકો માટે વાર્તાકથન કાર્યક્રમ, 'મારે વાર્તા કહેવી છે' યોજવામાં આવેલ. વર્ગખંડમાં, શાળાસ્તરે, ત્યારબાદ કેન્દ્રવર્તી શાળામાં, ગ્રામ્ય બાળકો માટે તાલુકા કક્ષાએ અને છેવટે શહેર કક્ષાએ યોજાયેલ પ્રવૃત્તિમાં

૪,૮૦૦ બાળકોએ પોતાનું અને પોતાની શાળાનું નામ ઊજળું કર્યું. 'મારું નામ નિમેશ છે. હું શાળા નંબર ૭ના ધોરણ ૪માં ભણું છું. હું આપને જીવરામ જોશીની વાર્તા કહેવાનો છું.' આમ કહી પોતાની વાર્તા કહેતા શ્રમજીવી વર્ગના બાળકોનાં ઉત્સાહ, હોશ અને આનંદનું દર્શન એક લહાવો બની જતું.

માતૃભાષા સંવર્ધન માટે બાળપુસ્તકાલયના પ્રયોગની અસરકારકતા અંગે શિક્ષકોના પ્રતિભાવ મેળવવામાં આવ્યા ત્યારે ગંભીરસિંહ ચાવડા નામે એક શિક્ષકે કહ્યું, 'અમારા તરવડાના મજૂર વિસ્તારનાં બાળકો મા-બાપનાં દોરવ્યાં અને ક્યારેક પૈસા અને નાસ્તાની લાલચે શાળામાંથી ભાગી દારૂની પોટલીની હેરાફેરી કરી નાખે છે. પણ વાર્તાનાં પુસ્તકોએ જાદુ પાથર્યો છે. બાળકો મા-બાપની લાલચને અવગણીને પણ મંગળવારે અચૂક શાળાએ આવે છે. શાળા પૂરી થાય ત્યાં સુધી શાળામાં હાજરી આપે છે અને વાર્તાની ચોપડી લઈ ઘરે જાય છે.' ચાવડી ગેટની સ્લમ કોલોનીમાં ધોરણ ૭માં ભણતો મનસુખલાલ ભીખાલાલ બારડ પોસ્ટકાર્ડ લખીને અમને જણાવે છે કે 'દર ગુરુવારે મારા બહેન (શિક્ષિકા) મને વાર્તાની ચોપડી ઘરે લઈ જવા માટે આપે છે. હું રંગ-રંગનાં ચિત્રોવાળી ચોપડી લઈને ઘરે જાઉં છું ત્યારે મારી દાદી રાહ જોઈને બેઠી હોય છે. દાદીને હું બધી વર્તા વાંચી સંભળાવું છું.'

બાળપુસ્તકાલયના પ્રયોગથી વાચક બાળકોનાં શૈક્ષણિક સ્તરમાં શો તફાવત આવ્યો તે સમયાંતરે ખ્યાલ આવશે. પરંતુ ભાવનગર જિલ્લાની ૧,૨૮૦ પ્રાથમિક શાળાનાં ૧૮,૭૦૦થી વધુ બાળકો દર મંગળવારે હોંશે-હોંશે બાળપુસ્તકોની આપ-લે કરે છે. તેથી વધુ ઉત્સાહ પ્રેરક બીજું શું હોઈ શકે ?

લોક સહયોગ અને લોક ભાગીદારીથી ભાવનગર જિલ્લાની ૧,૨૮૦ શાળાઓમાં બાળપુસ્તકાલયો સ્થપાયા પછી શિક્ષકો, બાળકો, વાલીઓનાં ૧૧,૦૦૦થી વધુ પોસ્ટકાર્ડ પ્રતિભાવો મળતા માતૃભાષા સંવર્ધનના હેતુને નવું જોમ મળ્યું છે. બાળપુસ્તકોનાં પ્રકાશન સાથે સંકળાયેલ પ્રકાશનોનો એક દિવસીય પરિસંવાદ યોજી બાળસાહિત્યનું વિશેષ સર્જન થાય તેવો પ્રયત્ન પણ હાથ ધરવામાં આવ્યો છે.

ગુજરાત વયસ્કો માટે ઘણું લખે-છાપે છે. પણ કુલ વસ્તીમાં 30% હિસ્સો ધરાવતા બાળકો માટે કંઈ નવું લખાય તેવું જોવા મળતું નથી. આથી ગુજરાત સાહિત્ય પરિષદ અને અકાદમીના ઉપક્રમે બાળસાહિત્ય લેખક મિત્રોની શિબિર યોજાતી રહે તો ગુજરાતી ભાષા સમૃદ્ધિ પામશે.

૧થી ૫ વર્ષની માતૃભાષામાં સંસ્કાર બીજ રોપી દેવા સમક્ષ પુસ્તકાલયો વધારવામાં સાહિત્યકારો રસ દાખવે તો ગુજરાતની આવતીકાલ ઉજ્જવળ રહેશે.

ગ્રંથમંદિરની પ્રવૃત્તિ યોજનાબદ્ધ અને અસરકારક રીતે આકાર આપવામાં આવશે તો બાળકોમાં વાંચન, ચિંતન અને વિચાર-વિસ્તારનું અમૂલ્ય સંસ્કાર સિંચન થવું શક્ય છે. 'વાંચે ગુજરાત' અભિયાનની એકંદર અસર તરીકે રાજ્યમાં લાખો આબાલવૃદ્ધો વાંચતા-વિચારતા થયા છે તે ઊજળી આવતીકાલનું સુભગ દર્શન છે અને વર્ચ્યુઅલ વર્ડના અતિરેકથી નવી પેઢી પુસ્તકોથી દૂર થતી જાય છે. તેવો અભિપ્રાય એક દસકાના પ્રયોગ પછી જરૂરથી આપી શકાય.

---

*બાળક ઠપકામાંથી બચવા માટે જૂઠું બોલવા લલચાય છે.*
*તો તેને આપણે શી રીતે દોષિત ગણી શકીએ ?*

**હરભાઈ ત્રિવેદી**

# કસ્તૂરી : વ્યક્તિ પરિચય - પંડિત શિવકુમાર શર્મા

**હેતલબેન શાસ્ત્રી**
પ્રિન્સિપલ જે. એન. બાલિકા વિદ્યાલય

**"શાસ્ત્રીય સંગીત મનોરંજન માટે નથી. તે તમને આધ્યાત્મિક મુસાફરી કરાવે છે. આ મુસાફરી અનુભવવાની બાબત છે." - પંડિત શિવકુમાર શાસ્ત્રી**

શાસ્ત્રીય સંગીતની દુનિયામાં સંતુરવાદ્યને લોકપ્રિય બનાવવામાં અને વિશ્વ સમક્ષ તેની આગવી ઓળખ ઊભી કરવામાં સંતુરવાદક પંડિત શિવકુમાર શર્માનું ખૂબ મોટું યોગદાન રહેલું છે. ભારતીય સંગીતની દુનિયામાં પંડિત શિવકુમાર શર્માનું પ્રદાન તેમને અમરત્વ તરફ લઈ જાય છે. તા. ૧૩ જાન્યુઆરી ૧૯૩૮માં જમ્મુમાં જન્મેલા શિવકુમાર શર્માનું બાળપણ સંગીતની દુનિયામાં વીત્યું. તેમના પિતા પંડિત ઉમાદત્ત શર્મા સંગીતકાર અને તબલાવાદક હતા. ઉમાદત્ત શર્મા બનારસ ઘરાનાના જાણીતા સંગીતકાર બડે રામદાસજીના શિષ્ય હતા. શિવકુમાર શર્મા પાંચ વર્ષના હતા ત્યારથી તેમને ગાયન અને તબલાની તાલીમ તેમના પિતા દ્વારા આપવામાં આવી. તબલા તેમને ખૂબ પ્રિય હતા. લગભગ ૭-૮ વર્ષની ઉંમરે રેડિયો પર આવતા બાળકો દ્વારા વગાડવામાં આવતા તબલા પ્રસારણના કાર્યક્રમમાં તેઓ ભાગ લેવા જતા હતા. તે સમયે શિવકુમારને સંતૂર સાથેનો પરિચય કરાવનારા તેમના પિતા હતા. બાળક શિવકુમારને આશ્ચર્ય થયું કે મને તબલા ગમે છે તો શા માટે આ નવું વાદ્ય શીખવું ? પરંતુ પિતા આગળ તેઓ બોલ્યા નહીં. કદાચ નિયતિએ તેમના માટે શ્રેષ્ઠ વિચાર કર્યો હશે !

આજના સંતૂર વાદ્યની મૂળ રચના જુદી હતી. આ વાદ્ય કાશ્મીરનું લોકવાદ્ય છે. જેનો ઉદ્‌ભવ પરશિયા (ઈરાન)માં થયેલો મનાય છે. તેને 'શત તંત્રી વીણા' પણ કહેવાય છે. પરંપરાગત આ લોકવાદ્ય 'સૂફી' સંગીત સાથે સંકળાયેલું હતું. શિવકુમાર શર્માએ ૧૩ વર્ષની ઉંમરથી લોકવાદ્ય સંતુર શીખવાની શરૂઆત કરી. જે રીતે ઉસ્તાદ બિસ્મિલ્લાખાને લોકવાદ્ય શરણાઈને ઉન્નત કરીને શાસ્ત્રીય સંગીતની દુનિયામાં લોકપ્રિય કરવાનો શ્રેય તેમના ફાળે કર્યો છે, તે જ રીતે લોકવાદ્ય સંતુરની રચનામાં મોટા ફેરફારો કરીને સંતુરને શાસ્ત્રીય સંગીતની દુનિયામાં લોકપ્રિય કરવાનું શ્રેય પંડિત શિવકુમાર શર્માના ફાળે જાય છે. મૂળ વાદ્ય ૨૫ બ્રિજનું, ૧૦૦ તારનું, સ્ટેન્ડ પર મૂકીને અલગ ટેક્નિકથી વગાડવામાં આવતું હતું. પંડિત શિવકુમારે આ વાદ્યના કદ, તારની સંખ્યા, તેના ગજ માટે વપરાતી સામગ્રીમાં ફેરફારો કર્યા. તેમાં ત્રણ સપ્તકોની સીમા, ૧૨ સ્વરોના પ્રયોગ, સ્ટ્રાઈકરની સાથે આલાપ વગાડવાની વિશેષ પદ્ધતિનો સમાવેશ થાય છે. તેમણે તેનું મૂળ ત્રિકોણકાર સ્ટેન્ડ કાઢીને સંતુરને ખોળામાં મૂકીને અખરોટના લાકડાની બે લાકડીઓ જેને કાશ્મીરની ભાષાાં 'કલમ' કહેવાય છે, તેના વડે વગાડવાની શરૂઆત કરી. આ તાર ધારાવનારું વાદ્ય પોતાનામાં એક વિશેષતા ઊભી કરે છે. સરોદ, સિતાર જેવા તારના વાદ્ય આંગળી વડે વગાડવામાં આવે છે, સારંગીને ગજની સાથે વગાડવામાં આવે છે. સંતૂર વાદ્ય અહીં અલગ પડે છે. પંડિત શિવકુમાર શર્માએ પ્રાચીન સંતુર વાદ્યને આજના આધુનિક સંતુર વાદ્યમાં પરિવર્તિત કરવામાં ખૂબ પરિશ્રમ કર્યો છે.

મહારાજ કરણસિંહ (કાશ્મીર)ના આગ્રહથી, દર વર્ષે મુંબઈમાં આયોજિત થતાં પ્રતિષ્ઠિત હરિદાસ સંગીત પરિષદમાં પંડિત શિવકુમાર શર્માને સંતુરવાદ્ય વગાડવા માટે આમંત્રિત કર્યા. ૧૭ વર્ષના શિવકુમાર માટે આ સન્માનની બાબત હતી. આજથી પહેલા આ પ્રકારનું  વાદ્ય સંગીત પરિષદમાં વગાડવામાં આવ્યું ન હતું. આ એવી સંગીત પરિષદ હતી, જેમાં ઉસ્તાદ બડે ગુલામ અલી ખાન, ઉસ્તાદ આમિરખાન, પંડિત ઓમકારનાથ ઠાકુર, ઉસ્તાદ અલાઉદ્દીન ખાન, ઉસ્તાદ અલી અકબર ખાન, પંડિત

રવિશંકર, સિદ્ધેશ્વરી દેવીજી, ઉસ્તાદ વિલાયત ખાન જેવા દિગ્ગજ સંગીતકારો પરફોર્મન્સ આપતા હતા. આ મંચ પર ૧૯૫૫માં એક ભાવિ મહાન સંગીતકારને ઓળખ મળી. પંડિત શિવકુમાર શર્માના આ વાદ્યએ ટોચના સંગીતકારોનું ધ્યાન આકર્ષિત કર્યું અને ભરપૂર પ્રશંસા મેળવી. કેટલાક સંગીતકારોએ જણાવ્યું કે આ વાદ્ય શાસ્ત્રીય સંગીત માટે ઉપયોગી નથી. જરૂરી ન હતું કે દર વખતે ગુલાબ મળે પરંતુ મહાન યાત્રાની શરૂઆત થઈ ગઈ હતી. આ જ અરસામાં તેમને વી શાંતારામની ફિલ્મ 'જનક જનક પાયલ બાજે'માં બેકગ્રાઉન્ડ સંગીતની રચના કરવાની તક મળી જેમાં ગોપીકૃષ્ણએ 'કથ્થક' નૃત્ય રજૂ કર્યું હતું.

એક ઈન્ટરવ્યૂમાં પંડિત શિવકુમાર શર્માએ જણાવ્યું, તેમના પિતા ઈચ્છતા હતા કે તેઓ નોકરી કરે પરંતુ શિવકુમારની ઈચ્છા જુદી હતી. તેમણે પિતાજીને જણાવ્યું હું મુંબઈ જવા માગું છું. તેમના પિતાજી નારાજ થયા છતાં તેમણે મુંબઈની વાટ પકડી. તેમના પિતાએ તેમને ૫૦૦ રૂપિયા આપ્યા હતા. પંડિત શિવકુમારના એક હાથમાં ૫૦૦ રૂપિયા અને બીજા હાથમાં 'સંતૂર વાદ્ય' હતું. શું કરવું, કેવી રીતે કરવું કશું જ ખબર ન હતી પણ તેમના મનમાં એક નક્કી હતું કે તેમને સંતૂરની આરાધના કરવાની છે અને પિતા પાસે હાથ લાંબો કરવાનો નથી. તેમને એ કહેવામાં જરા પણ અફસોસ નથી કે તેમણે ખૂબ સંઘર્ષ કર્યો છે.

મુંબઈનો કોલાહલ, સાગરની શાંત લહેરો, નીલા આકાશના વિસ્તારામાં તેઓ સંતૂરની સાધના કરવા લાગ્યા. વિદેશોમાં તેમના કાર્યક્રમો થવા લાગ્યા. વિદેશોમાં તેમનો એક ચાહક વર્ગ ઊભો થયો. પ્રખ્યાત વાંસળીવાદક હરિપ્રસાદ ચોરસિયા તેમના અંતરંગ મિત્રો બન્યા. શિવહરિની મુલાકાતનો નવી ફિલ્મ સંગીતનો સિલસિલો શરૂ થયો. સિલસિલા, ફાસલે, ચાંદની, લમ્હે, ડર જેવી ફિલ્મોમાં યાદગાર સંગીત આપ્યું. ૧૯૬૭માં હરિપ્રસાદ ચોરસિયા અને ગિટાર વાદક બ્રીજ ભૂષણ કાબરા સાથે મળીને એક આલ્બમ બનાવ્યો જેનું નામ હતું 'Call of Valley.' જે ભારતીય શાસ્ત્રીય સંગીતના ઈતિહાસમાં ખૂબ પ્રસિદ્ધિ પામ્યો. આ એક એવો ભારતીય સંગીત આલ્બમ હતો કે જે વિદેશોમાં ખૂબ લોકપ્રિય બન્યો. George Harrisan (અંગ્રેજ સંગીતકાર, ગાયક, ગીતકાર, સંગીત અને ફિલ્મના નિર્માતા, Beatles બેન્ડના જાણીતા ગિટારવાદક), Dawid Crosby (અમેરિકન ગાયક, ગીતકાર, સંગીતકાર), Paul McCartney (અંગ્રેજ ગાય, ગીતકાર, સંગીતકાર), Bob Dylan (અમેરિકન ગાયક, ગીતકાર), Roger McGainn (અમેરિકન સંગીતકાર) આલ્બમના પ્રશંસકો હતા. કાબરાજીનું ગિટાર, શર્માજીનું સંતૂર, ચોરસિયાજીની વાંસળી અને મણિકરાવ પોપટકરજીના તબલા વાદને પશ્ચિમના પ્રેક્ષકોને સંગીતનું ઘેલું લગાડ્યું. તેમના પ્રયોગોએ તેમને પ્રખ્યાત સંગીતકારો બનાવી દીધા. સંગીતના વિશ્વમાં આ આલ્બમ સીમા ચિહ્નરૂપ બની ગયો. પ્રખ્યાત તબલાવાદક ઝાકીર હુસેન સાથે તેમની જુગલબંધીએ ઘણા બધા આલ્બમો સંગીતની દુનિયાને આપ્યા. ૧૯૯૬માં ભારતીય અને પાકિસ્તાની સંગીતને રજૂ કરતો આલ્બમ પ્રસિદ્ધ થયો જેમાં હિન્દી ગીતો, શાસ્ત્રીય સંગીત, કવ્વાલી તથા લોકસંગીતનો સમાવેશ થતો હતો. જેમાં પંડિત શિવકુમાર શર્મા સહિત ઘણા સંગીતકારોનો ફાળો હતો. આ ઉપરાંત પંડિત શિવકુમાર શર્માએ જુદા જુદા સંગીતકારો સાથે અલગ અલગ રાગ પર આધારિત કર્ણપ્રિય આલ્બમો રજૂ કર્યા છે જે સદાય આપણી આત્માને નિજાનંદમાં ડૂબેલા રાખશે. જ્યારે જ્યારે સંતૂરના સૂર રેલાશે ત્યારે વાદીઓનું સંગીત આપણા તન મનને ડોલાવશે.

તેમની સંગીતયાત્રા માટે તેમને વિવિધ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. ૧૯૮૬માં સંગીત નાટક એકેડમી એવોર્ડ, ૧૯૯૧માં પદ્મશ્રી એવોર્ડ, ૨૦૦૧માં પદ્મભૂષણ એવોડથી તેમની કલાનું સન્માન ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. સંગીતની દુનિયામાં તેમનું પ્રદાન આવનારી પેઢી માટે હંમેશાં પ્રેરણાદાયી રહેશે. આજે પંડિત શિવકુમાર શર્મા આપણી વચ્ચે નથી છતાંય તેમના સંતૂરના સંગીત થકી આપણી સાથે સદાય જીવંત રહેશે.

# સ્કૂલ બેગ લેસ ડે : એક નુતન અભિગમ

**ડો. સંજય આર. તલસાણીયા**
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભાવનગર
મો. ૭૯૯૦૫૦૯૨૯૩

શિક્ષણ એ માનવીય ચેતનાને પામવાનો રાજમાર્ગ અને પોતાની ઓળખ માટેનું પેરામીટર છે તેમજ વ્યક્તિ વિકાસની સીડી પણ છે, અર્થાત શિક્ષણ એ ઉદ્દીપક છે અને દીપક પણ છે ! શિક્ષણ પામેલ સ્વયં પ્રકાશિત માનવદીપ અનેક વ્યક્તિઓના જીવનમાં અજવાળા પાથરી આપે છે. આ શાશ્વત પ્રકાશ સદીઓથી માનવચેતનાને પ્રકાશિત કરે છે એના આપણે સૌ સાક્ષી છીએ.

સમગ્ર રાષ્ટ્રના શિક્ષણ આલમમાં આજે બહુ ચર્ચિત વિષય એટલે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ! આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં વ્યક્તિ ચેતનાથી લઈ સામાજિક ચેતના, રાષ્ટ્રીય ચેતના અને આંતરરાષ્ટ્રીય ચેતનાના બીજ સુપેરે સંચિત થયા છે. આ વિચાર બીજને શિક્ષણની ફળદ્રુપ જમીનમાં અંકુરિત અથવા તો કહો બીજારોપણ કરવાનો તખ્તો બરાબર ગોઠવાઈ ગયો છે, તજવીજ પણ શરૂ થઈ ચૂકી છે. જયારે એ અમલીકૃત બનશે ત્યારે તેના થકી વિચારક્રાંતિ, સામાજિક અને રાષ્ટ્રીયક્રાંતિ સમાજ અને રાષ્ટ્રમાં વ્યાપશે તેમાં બેમત નથી. આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ શિક્ષકો-વિદ્યાર્થીઓ અને શાળા-કોલેજ માટે જ નથી પરંતુ સમૂડી માનવજાતનાં કલ્યાણ માટે હોય એવું તેના પ્રત્યેક પૃષ્ઠનો અભ્યાસ કર્યા પછી પ્રતીત થાય છે. પ્રત્યેક વિષય, અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને બારીકાઈથી, વિચારીને શિક્ષણ જગતના ચોકમાં પ્રસ્તુત કર્યું હોય એવું આપણને લાગે છે. એમાંનો એક વિષય એટલે સ્કૂલ બેગ લેબ ડે !

૧૯૯૩માં ડૉ. યશપાલ સમિતિ એ બાળકોનાં ભાર વગરનાં ભણતરની પરિકલ્પના સેવી હતી, કામ પણ ઘણું થયું અને તેની જ પુષ્ટિ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સ્કૂલ બેગ લેસ ડેને શિક્ષણવિદોએ જાણીબૂઝી મૂકી હોય એવું સ્પષ્ટ જણાય છે. આ સ્કૂલ બેગ લેસ ડેમાં કઈ-કઈ પ્રવૃત્તિઓ થઈ શકે કે જેથી બાળકોને સાક્ષરીવિષયો કરતાં ચડિયાતું, વ્યવહારું અને અનુભવલક્ષી શિક્ષણ મળી શકે એ જોઈએ...

- વિદ્યાર્થીઓને સ્થાનીય મુલાકાતો કરાવીએ, એ માટે પૂર્વ આયોજન કરીએ.
- રમત-ગમત, લેઝિમ, ડંબેલ્સ વગેરે શીખવી.
- કુસ્તી, લાઠીદાવ, કરાટે વગેરે સ્વ-બચાવની રીતો શીખવીએ.
- ઇંડોર અને આઉટડોર ગેમ રમાડીએ.
- નજીકનાં સ્થળોએ સાયકલ પ્રવાસ, પગપાળા પ્રવાસ આયોજિત કરીએ.
- સર્જનાત્મકપ્રવૃત્તિ તેમજ વેસ્ટમાંથી બેસ્ટ બનાવીએ.
- નજીકનાં નદી, તળાવ, અભયારણ્ય, સ્થાપત્યો, સંગ્રહાલયો વગેરેની મુલાકાત અને તેની જાળવણી અને સ્વચ્છતાનાં કાર્યો કરીએ.
- પર્યાવરણના જતન અને સંવર્ધન માટે બીજ કલેક્શન કરીએ, બીજ બેંક બનાવીએ વન-વગડાના બીજ કે જે લુપ્ત થવાને આરે છે તે એકત્રિત કરી નર્સરી બનાવીએ, તેમજ નજીકની સરકારી નર્સરી, વનવિભાગમાં આપીએ.
- ગીત સંગીતની પ્રેક્ટિસ કરીએ. સંધ્યાગીત, ઋતુગીતો, દેશભક્તિ ગીતો તૈયાર કરીએ કરાવીએ.
- રાસ-ગરબા, ટિપ્પણીરાસ, હુડો, દાંડિયારાસ બહેનો માટે તેમજ ભાઈઓને મોનોએક્ટિંગ, એકપાત્રીય અભિનય વગેરે તૈયાર કરાવીએ.
- જનજાગરણનાં કાર્યોનું આયોજન કરીએ : જેમ કે સ્વસ્થ જીવનશૈલી, સલામતમાર્ગ સપ્તાહ, વ્યસન મુક્તિ વગેરે.
- પશુ-પક્ષી બચાવો, જળ બચાવો, વૃક્ષ બચાવો વગેરે પર્યાવરણલક્ષી કાર્યો કરીએ.
- સામાજિક ચેતનાનાં કાર્યો કરીએ. ખાસ કરીને ગામની શેરીમાં સ્વચ્છતા, મહિલા જાગૃતિ, આરોગ્યલક્ષી અને

શિક્ષણને લગતા સૂત્રો લખીએ.

- કોમ્પ્યુટર દ્વારા પીપીટી બનાવીએ, ચિત્રો, એનિમેશન, આલેખ-કાર્ટુન એનિમેશન ફિલ્મો બનાવતા શીખવીએ.
- બહેનોને સીવણકામ, મેંદી મૂકવી, બટન ટાંકવા તોરણ બનાવવા વગેરે શીખવીએ તો ભાઈઓને સાઈકલ રીપેરિંગ, ફ્યૂઝ બાંધવો,ઇસ્ત્રી કરવી વગેરે લાઈફસ્કીલની પ્રવૃત્તિઓ કરાવીએ.
- ભીંતચિત્ર, ભાતચિત્ર, કેનવાસ ચિત્રો તજજ્ઞના માર્ગદર્શનથી શીખવી.
- બાગ-બગીચાની સફાઈ, શાળા સફાઈ, ગ્રામપંચાયત સફાઈ, દવાખાનાની સફાઈનું આયોજન કરીએ.
- ગામના નજીકના સાંસ્કૃતિક ધરોહરસમા સ્થાપત્યોની મુલાકાત યોજી તેનો ઈતિહાસ જાણીએ અને તેની સફાઈ કરીએ.
- વિજ્ઞાનનાં સાધનોનું નિર્માણ કરીએ, શૈક્ષણિક રમકડાં અને પ્રોજેક્ટ નિર્માણ કરીએ.
- સ્થાનીય વ્યવસાયકારોના ઘરે જઈ વ્યાવસાયિક સમજ વિકસાવીએ, (જેમકે કુંભાર, સુથાર, લુહાર, મોચી, સોની વગેરે)
- સ્વસ્થ જીવનશૈલી અને દેશી ઓસડીયાની વાત વૈદ્યજી પાસેથી સંભળાવીએ.
- વિવિધ દિવસોની ઉજવણીની પૂર્વ તૈયારી જેમકે વન-દિવસ, ગાંધીજયંતી, ગુરુપૂર્ણિમા વગેરે નિમિત્તે બુલેટિન બોર્ડ, ચિત્રો વગેરે તૈયાર કરીએ.
- આપત્તિ વ્યવસ્થાપનની મોકડ્રીલ કરાવીએ.
- પુસ્તકાલયનાં પુસ્તકોની જાળવણી, ગોઠવણી અને વાંચન કરાવીએ.
- દેશી રમતો રમીએ, દેશી સ્થાનીય રમકડાનું નિર્માણ કરીએ.
- વનૌષધિનો પરિચય કરીએ અને સંવર્ધન માટે કાર્ય કરીએ.
- ભિન્ન ભિન્ન શાબ્દિક રમતો રમીએ.
- ગામમાં રહેતા નિવૃત્ત શિક્ષકો, નિવૃત્ત અધિકારીઓ, આર્મીમેનની શૈક્ષણિક મુલાકાત યોજીએ.
- ધ્યાન કેન્દ્રીકરણની પ્રવૃત્તિઓ કરાવીએ જેમકે સોયમાં દોરો પરોવડાવીએ, રેખાચિત્રો બનાવડાવીએ.
- શાળામાં વેશભૂષા યોજીએ.
- ભિન્ન વિષયોનાં એકમોનું નાટકમાં રૂપાંતરણ કરાવીએ.
- વૈદિક ગણિત અને વિભિન્ન કોયડાઓનું જ્ઞાન તેમજ સમજ વિકસાવીએ.
- એજ્યુકેશનલ ગેમ રમીએ.
- ચીટકકામ, કાગળકામ, છાપકામ, માટીકામ વગેરે કલાત્મક વિષયોને વિકસાવવા પ્રયત્ન કરીએ.
- બાળફિલ્મ અને નિદર્શનકરીએ.
- વિદ્યાર્થીઓનાં જુદા-જુદા કલેક્શનોનું પ્રદર્શન યોજીએ જેમ કે કાગળના રમકડા, બાકસની જુદી-જુદી ભાતો,પથ્થરો અને ટિકિટનું કલેક્શન વગેરે.
- એન.એસ.એસ સ્કાઉટ ગાઈડ અને એસ.પી.સી. એટલે કે સ્ટુડન્ટ પોલીસ કેડેરની પ્રવૃત્તિથી અવગત કરીએ.
- શાળામાં નિબંધસ્પર્ધા, કાવ્યપઠન, કાવ્યલેખન, રોલપ્લે, કાવ્યગાન, વક્તૃત્વ સ્પર્ધા યોજી બાળ કલાકારોને પ્રોત્સાહિત અને સન્માનિત કરીએ.
- શાળામાં બાળસંસદનું નિર્માણ અને શાળાપંચાયતની ચૂંટણી યોજીએ. (મહેમાન મંત્રી શિક્ષણ મંત્રી સ્વાસ્થ્યમંત્રી,પ્રવાસ અને પર્યટન મંત્રી)
- ચર્ચા-સંવાદ યોજીએ જેથી વિદ્યાર્થીઓની તર્કશક્તિ,મૌખિક અને મૌલિકઅભિવ્યક્તિનો વિકાસ થઈ શકે કાવ્યલેખન નિબંધલેખન, વાર્તાલેખન કઈ રીતે કરવું તેનું તજજ્ઞ દ્વારા માર્ગદર્શન આપીએ.

આ સર્વે સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ બાળકોની મનપસંદ પ્રવૃત્તિઓ છે જેનું આયોજન સમયાંતરે શાળાકક્ષાએ થાય એ ઇચ્છનીય છે કે જે આપણી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સમાવિષ્ટ છે. જો એ પ્રમાણે કરીએ તો બાળકોનો સર્વાંગી વિકાસ થાય જેમાં શંકાને સ્થાન નથી.

આવો આપણે સૌ શિક્ષકો, બાળકોને ગમતી આ બધી પ્રવૃત્તિઓ યોજી ભણતરના ભારને હળવો કરીએ.

બાળદેવનો જય હો !... શિક્ષણનો જય હો !

# મહાભારતમાંથી વિદ્યાર્થીઓએ અપનાવવા જેવા આઠ ગુણ

**ડો. મિનાક્ષીબેન સી વાણિયા**
શ્રી આર. પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશન,
બોરસદ

ભારતીય સંસ્કૃતિની ધરોહર અને સનાતન ધર્મના ગ્રંથોમાં વેદો, ઉપનિષદો અને રામાયણ તેમજ મહાભારતનો સમાવેશ થાય છે. વિકિપીડિયા અનુસાર મહાભારત એ ઋષિ વેદવ્યાસે લખેલું મહાકાવ્ય છે, જેની ગણના સ્મૃતિ ગ્રંથોમાં કરવામાં આવે છે. મહાભારત ભારતીય સંસ્કૃતિની સૌથી પ્રસિદ્ધ કથા છે. મહાભારતની કથાના કેન્દ્રમાં કુરુવંશ બે ભાઈઓના પુત્રો - પાંચ પાંડવો અને સો કૌરવો- વચ્ચે થયેલા ધર્મ અને અધર્મના યુદ્ધની વાત છે. મહર્ષિ વેદવ્યાસના પ્રિય શિષ્ય વૈશંપાયન દ્વારા જન્મેજયને આ કથા વિસ્તારપૂર્વક કહેવામાં આવી હતી, તેથી તેનું એક નામ જય-સંહિતા તરીકે પણ પ્રસિદ્ધ છે.

**મહાભારતમાંથી વિદ્યાર્થીઓએ અપનાવવા જેવા આઠ ગુણ :**

મહાભારતની વાત આવે એટલે શ્રીકૃષ્ણ અને અર્જુનની - નર અને નારાયણ જોડી યાદ આવે જ. એક જગત ગુરુ અને એક શ્રેષ્ઠ ધનુર્ધર. અર્જુનને શ્રેષ્ઠ શિષ્ય ગણાવાય છે. અર્જુન - કૃષ્ણ સંવાદ ભગવદ્ગીતામાંથી જ ઘણું જીવનભાથું મળે છે.. જીવનના દરેક પ્રશ્નોના ઉત્તર મળે છે. પરંતુ, અર્જુન કૃષ્ણ વિશે ઘણું લખાયું છે; કહેવાયું છે. પ્રસ્તુત લેખમાં મહાભારત વિશે વિસ્તૃત વાત કરવાના બદલે મહાભારતમાંથી વિદ્યાર્થીઓએ અપનાવવા જેવા આઠ ગુણ વિશે ચર્ચા કરવી યથાર્થ દેખાશે.

**૧. એકાગ્રતા :**

અર્જુન પ્રખર બાણાવળી હતો. એની પાછળનું મહત્વનું કારણ તેની એકાગ્રતા હતી. મહાભારતના અનેક પ્રસંગોમાં તેની એકાગ્રતા સ્પષ્ટ દેખાય છે. બે પ્રસંગો તો સર્વવિદિત છે. એક પ્રસંગ મુજબ ગુરુ દ્રોણ બધા રાજકુમારોને પરીક્ષા કરવા માટે એકત્ર કરે છે અને પક્ષીની આંખ વીંધવા માટે જણાવે છે ત્યારે અર્જુન સિવાયના દરેકને ઝાડ, ફળ, ફૂલ, સંપૂર્ણ પક્ષી, આજુબાજુનું બધું જ દેખાય છે. જ્યારે, અર્જુનને દેખાય છે; માત્ર પંખીની આંખ. આ તો પ્રતીકાત્મક છે. અર્થાત બાળપણથી લક્ષ્ય એની નજર સમક્ષ જ હોય છે અને લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પૂરા મન, પૂરી નિષ્ઠા અને ધગશથી અભ્યાસ કરે છે. જ્યારે ગુરુ દ્રોણે ગુરુદક્ષિણામાં અંગૂઠો માગ્યો તે પ્રસંગ પછી અર્જુન એકલવ્યના જેવું જ બાણ ચલાવી શકાય તે માટે સતત મહાવરો કરે છે... બીજો પ્રસંગ જોઈએ તો દ્રૌપદીના સ્વયંવર -મત્સ્યવેધનો પ્રસંગ. ત્રાજવાના બન્ને પલ્લાં પર પગ મૂકી, શરીરનું સંતુલન જાળવવાનું અને પાણીમાં માછલીનું પ્રતિબિંબ જોઈ માછલીની આંખ વીંધવા માટે કેટલી એકાગ્રતાની જરૂર પડે!

**૨. સતત મહેનત અને મહાવરો :**

અર્જુન બંને હાથે ગાંડીવની પણછ ખેંચી શકતા તેથી તે સવ્યસાચી તરીકે પણ ઓળખાતા હતા. આના માટે કેટલી મહેનત અને મહાવરાની જરૂર પડી હશે તે વિચારો. જોયા વિના, માત્ર અવાજના આધારે લક્ષ્ય વીંધી શકવા સમર્થ અર્જુન, આંખે પાટા બાંધીને તથા ગુરુકુળમાં રાત્રે બધા ભાઈઓ સૂઈ જાય ત્યારે તે ઊઠીને અંધારામાં તીર ચલાવવાનો મહાવરો કરતા હતા. શ્રેષ્ઠ ધનુર્ધર અર્જન પૂરી નિષ્ઠા અને લગનથી ગુરુએ જે વિદ્યા શીખવી હોય તેનું સતત દ્રઢીકરણ કરતા હતા.

**૩. ગુરુમાં અપાર શ્રદ્ધા :**

અર્જુન ગુરુ દ્રોણાચાર્ય જે શીખવે એમાં કદાપિ શંકા ન કરતા. ગુરુ પ્રત્યે તેમને અપાર શ્રદ્ધા હતી. દ્રોણાચાર્યને પણ વિશ્વાસ હતો કે અર્જુન એક દિવસ એમને રાજા દ્રુપદે

ભૂતકાળમાં કરેલ અપમાનનો બદલો લેવામાં મદદરૂપ થશે. અને સાચે જ રાજા દ્રુપદ જેવા પરાક્રમી રાજા સામે પ્રતિશોધ લેવા ગુરુ દ્રોણના એક જ વચનથી અર્જુન સાથે પાંડવો તેમજ કૌરવો પણ તૈયાર થઈ જાય છે; પરિણામની પરવા કર્યા વિના. આ છે ગુરુ પ્રત્યે શ્રદ્ધા...

**૪. ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિ આવે, જીવન પૂર્ણ થઈ જતું નથી :**

પાંડવોનું પૂરું જીવન સંઘર્ષમાં વીતે છે. બાલ્યાવસ્થા પછી ગુરુકુળમાં, ગુરુકુળમાંથી પરત ફર્યા બાદ, લાક્ષાગૃહ, વનવાસ અને અજ્ઞાતવાસ... પરંતુ કોઈ હિંમત હારતું નથી. હવે શું થશે? કેમનું કરીશું? એવા કોઈ જ નિરાશાજનક વિચારો વિના કર્મ કર્યે જાય છે. ભરીસભામાં દ્રૌપદીનાં વસ્ત્રાહરણના પ્રસંગમાં જુવો. પાંચાલી આટલું અપમાન સહન કર્યા પછી પણ ખુમારીથી જીવે છે. અપમાનનો બદલો લેવાની પ્રતિજ્ઞા લે છે. પરંતુ, ત્યારબાદનાં બધાં જ ધર્મ કર્મ નિભાવે છે. આજના યુવાનોએ, કિશોરોએ સમજવા જેવું છે. નાનકડી મુશ્કેલી, નાનું અમથું અપમાન કે પછી માતા-પિતાએ ઠપકો આપ્યો. સહન ન થયું અને અંતિમ પગલું ભરી લે છે. ત્યારે, વિચારો કે પાંડવોએ કેટકેટલા અપમાન, અવહેલના, અન્યાય સહન કર્યા હતા!

**૫. શીખવાની કોઈ ઉંમર હોતી નથી :**

દ્રૌપદી-સ્વયંવરમાં ભાગ લેવા જતાં માર્ગમાં અર્જુનને અંગારપર્ણ ગંધર્વ સાથે લડવું પડ્યું. અર્જુન જીત્યા. અંગારપર્ણે અર્જુનને સૂક્ષ્મપદાર્થદર્શક ચાક્ષુષી વિદ્યા આપી. ખાંડવદહન બાદ અગ્નિદેવે ગાંડીવ અને બે અક્ષય ભાથા તથા શ્વેત ઘોડાવાળો કપિધ્વજ આપ્યો. ગુરુકુળ સમયથી કુરુક્ષેત્રના યુદ્ધ સુધી અનેક કથાઓમાં કંઈક શીખતા હોય તેનું નિરૂપણ થયું છે. કુરુક્ષેત્રના યુદ્ધ પહેલા સામે પક્ષે પોતાના સ્વજનોને જોઈને ભાંગી ગયેલા ત્યારે કૃષ્ણએ ધર્મ વિશે શીખવ્યું. આ પણ બતાવે છે કે શીખવાની કોઈ ઉંમર હોતી નથી.

**૬. સફળતા કે સારા કાર્યનો શ્રેય બીજાને આપતા શીખો :**

મહાભારતના ઘણા પ્રસંગોમાં કંઈક સારું થયું હોય એનો શ્રેય બીજાને આપતા બતાવ્યા છે. જે પૈકી એક ઉત્તમ ઉદાહરણ એકલવ્યનું છે કે જેઓએ ગુરુની પ્રતિમા બનાવીને જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. છતાંય, તે એનો બધો જ યશ ગુરુને આપે છે. આજના વિદ્યાર્થીઓ જ્યારે પરીક્ષામાં પ્રશ્ન થોડો પણ ટ્વિસ્ટ થઈને પૂછાય ત્યારે 'શિક્ષકોએ કશું શીખવ્યું ન હતું' એવું દોષારોપણ કરે છે ત્યારે એકલવ્ય આવા વિદ્યાર્થીઓને સ્વ-અધ્યયનનો સુંદર પાઠ શીખવે છે.

**૭. વિદ્યા કે જ્ઞાન માત્ર મૂલ્યાંકનલક્ષી નહીં :**

આજનો વિદ્યાર્થી માત્ર ડિગ્રીલક્ષી અને પરીક્ષાલક્ષી જ તૈયારી કરે છે. પરીક્ષામાં ન પૂછાવાનું હોય તેવું શીખવા માટે તત્પર હોતો નથી ત્યારે અર્જુન, અશ્વસ્થામા, કર્ણ, એકલવ્ય જેવા મહારથીઓને શિષ્ય તરીકે સમજવા જ જોઈએ. અત્રે, બીજી પણ એક ખાસ વાત યાદ કરીએ. પાંડવોના પક્ષે ચાંદમાં એક ડાઘરૂપ ગણાતો પ્રસંગ દુર્યોધન-ભીમનું ગદા યુદ્ધ. બેશક, કૌરવોએ કપટ અને કુકર્મ કર્યું છે. વળી, દુર્યોધનનું શરીર વજ્ર સમાન બન્યું છે પરંતુ, ભીમ દુર્યોધનને કમરથી નીચેના ભાગમાં પ્રહાર કરી ગદાયુદ્ધના નિયમનો ભંગ કરે છે. અહીં સારું ખરાબ કે સાચા ખોટાની વાત નથી. પરંતુ બલરામે આપેલો જવાબ આપણને ચિંતન કરવા પ્રેરે છે. બલરામ ભીમને કહે છે કે વિદ્યાભ્યાસ ટાણે તારું ધ્યાન ખાવાપીવામાં અને આરામમાં વધારે હતું. એ સમયે તેં શીખવામાં ધ્યાન આપ્યું હોત તો ગદા યુદ્ધના નિયમોમાં રહીને પણ આવી વજ્ર જેવી બનેલી કઠોર ચર્મને ભાંગવાનો ઉપાય છે જ. કહેવાનો અર્થ એટલો જ કે ભણવાના સમયે ભણવું અને શક્ય એટલું ઊંડાણપૂર્વક જ્ઞાન મેળવવું નહીં કે માત્ર પરીક્ષાલક્ષી.

**૮. મિત્રને સાચી સલાહ આપો અને સાચા મિત્રોને ઓળખો :**

કર્ણમાં ઘણાં સદ્‌ગુણો હતા. ખુદ ભગવાન શ્રીકૃષ્ણ

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપર)

# શિક્ષણસંસ્થામાં આયોજનનું મહત્વ

- અશોક સોમપુરા

શિક્ષણનો વિકાસ એ માનવ વિકાસની સાથે સાથે રાષ્ટ્ર ઘડતર અને તેની ઉન્નતિમાં ખૂબ જ ઉપયોગી અને અસરકારક ભાગ ભજવે છે. શિક્ષણનાં અનેકવિધ અંગો છે. તેના અનેક પાસાંઓ છે. આ બધાં જ અંગો મૂળભૂત રીતે ગુણવત્તાનું ધ્યાન રાખી કામ કરે તે કામો સવેળા પૂરા થાય તો તેની અસર લાંબેગાળે તેને સ્પર્શતા દરેક અંગોમાં ખૂબ સારી પડતી હોય છે. આજે તો કામ પૂરું થાય તેવી માનસિકતા અને ઉતાવળ થાય છે. તે જરૂરી છે પણ તે પૂરતું નથી. જે કામ તેની ગુણવત્તા સાથે સંપન્ન થાય તે પણ એટલું જ જરૂરી છે. આ માટે આવાં કાર્યો ક્યારે ? કેવી રીતે ? કેટલા દિવસમાં ? કયા સાધને કે માનવશક્તિ સાથે પૂરા કરવાનાં છે તેનો આગોતરો વિચાર-વિમર્શ કરવો જરૂરી છે. આ બાબતને સાદી ભાષામાં આયોજન કે પ્લાનિંગ કહીએ તો તે ખોટું નથી.

આજે આયોજન કે પ્લાનિંગનો વિચાર ખૂબ ઓછો થાય છે. ઘણીવાર સંસ્થાઓ, એકમો કે ક્યાંક સરકારી ખાતાઓમાં પણ આયોજનનો અભાવ ક્યારેક દેખાઈ આવતો હોય છે. આજે આયોજન કે પ્લાનિંગમાં કરવાનાં થતાં કામોમાં આપણી શ્રદ્ધા અને ઉત્સાહ વધારીએ તે જરૂરી છે. આયોજન સાથે કામ પૂરું કરનારાઓને સફળતા મળે છે. શિક્ષણનો સાચો જીવ શિક્ષણ માટે વધારાનાં કામને 'બોજ' ગણતો નથી.

આપણે વિદ્યાર્થી સુધી પહોંચવાનું છે. તે માટે આપણો નિયઃસ્વાધ્યાય હોવો જોઈએ. તેની સાથે આપણે અનુબંધ કેળવી શકીએ તે જરૂરી છે. મહાન ચિંતક ખુશરોએ કહ્યું છે કે દરિયાનું પાણી ચાખીએ તો ખારું લાગશે, પણ ઊંડા ઊતરીએ તો મોતી મળે છે. આથી વિદ્યાર્થી અને અંતે સારા નાગરિકના ઘડતરમાં આયોજન ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે.

શિક્ષણનાં વિવિધ અંગોની સફળતા માટેનાં આયોજનોનાં સ્વરૂપ, કદ અને તેની અનેકવિધ પદ્ધતિ જુદી જુદી હોઈ શકે છે. આને કેન્દ્રમાં રાખી થયેલા આયોજનથી સફળતા મળે છે.

શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જરૂરી આયોજન કરવામાં આવે તો વર્ષ દરમિયાન કામ કરવામાં સફળતા રહે છે. શિક્ષક સજાગ રહે છે. વિદ્યાર્થી પણ તેનાથી પ્રભાવિત થતો રહે છે. ભવિષ્યનાં કામની અગાઉથી જાણ હોવાથી વિદ્યાર્થી પોતે પણ અભ્યાસ, પરીક્ષા, ઈતર પ્રવૃત્તિઓ અને ઘરકામમાં પણ સ્પષ્ટ અને નિશ્ચિત બને છે. સરળતાથી વિવિધ તૈયારી કરવામાં તેને અનુકૂળતા રહે છે.

આવા આયોજન બે પ્રકારનાં હોય છે. અંદરના અને બહારના વિદ્યાર્થીની અંદર જ રહેલું છે. તેને પણ બહાર લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. વિદ્યાર્થી વધુ શીખે અને પોતાના વિચારો નિર્ભયપણે વ્યક્ત કરતો થાય તેવી પ્રવૃત્તિઓનું પણ આયોજનમાં સ્થાન હોવું જોઈએ. જો આવા કામમાં ભાવના ભળે તો સફળતાની મજબૂતાઈ વધે છે. આજે શિક્ષણમાં ચારેકોર અસંતોષ જોવા મળે છે. ત્યારે કામ માટેની આયોજન સાથેની નિષ્ઠા આવવાથી અસંતોષ દૂર કરી શકે છે.

અભ્યાસ અને ઘડતર સાથેના આયોજનમાં ઈતરપ્રવૃત્તિનો ફાળો પણ અગત્યનો છે. ઈતરપ્રવૃત્તિ એ વધારાની કે શિક્ષણ વગરની પ્રવૃત્તિ છે એવી માન્યતા રાખવી યોગ્ય નથી. આયોજનનાં વિવિધ પાસાંની રૂપરેખા નીચે દર્શાવેલ છે.

**વિભાગ- A શૈક્ષણિક કાર્ય :**

**(૧) વર્ગખંડ શિક્ષણ :** વર્ગખંડનું શિક્ષણ સહકારયુક્ત વાતાવરણમાં થાય. પાઠના અધ્યયન પછી હોઈ પ્રશ્નોત્તરી કે ચર્ચામાં વર્ગનો દરેક વિદ્યાર્થી નિર્ભયપણે ભાગે. તેમજ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

વિદ્યાર્થી વર્ગમાં કોઈપણ બાબતે અપમાનિત ન થાય. તાસના આયોજન વ્યવસ્થિત થાય તેની વિચારણા કરવી જોઈએ. તમામ વિષયના અભ્યાસક્રમનું આયોજન કરવું.

(૨) **ઉચ્ચ સિદ્ધિ અભિગમ યોજના :** અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થીઓનો વિકાસ વધારે ગતિ પકડે તેનું આયોજન શાળાકક્ષાએ થવું જરૂરી છે. સાથે સાથે અભ્યાસમાં કચાશ ધરાવતા વિદ્યાર્થીઓની કચાશ દૂર કરવાની વિચારણા-વ્યવસ્થા આયોજનમાં થવી ઘટે. આ માટે દરેક વિષય શિક્ષક આવા અભ્યાસમાં કચાસ ધરાવતા વિદ્યાર્થીઓને પૂરતી દોરવણી સાથે અને જરૂર પડે તો શાળા સમય પછી પણ વધારાના વર્ગનું આયોજન પણ થોડા દિવસ પૂરતું કરી શકાય. અભ્યાસક્રમનાં આયોજન વખતે આની વિચારણા થઈ શકે.

(૩) **પુસ્તકાલય :** શાળાના પુસ્તકાલયનો ઉપયોગ વિદ્યાર્થી દ્વારા ખૂબ ઓછો થતો અનુભવાય છે. શાળાકીય આયોજન વખતે દરેક વિદ્યાર્થીમાં પુસ્તકો માટે રસ-રુચિ વધે તેમજ તે અઠવાડિયામાં એકાદ-બે વખત પુસ્તકાલયની મુલાકાત લે તેવી ગોઠવણીનું આયોજન થાય તે જરૂરી છે. આમ થવાથી તેનામાં જ્ઞાન અને માહિતીનો વધારો થશે. તેની ભાષાશૈલી સમૃદ્ધ થશે. વાંચનની ટેવ પડશે. પરિણામે ઘણીયે વખત પ્રશ્નો કે જુદી જુદી સમસ્યા વખતે તે પોતાના વિચારો રજૂ કરવાની ક્ષમતા કેળવી શકશે. આ શૈક્ષણિક કાર્યનો જ એક ભાગ છે.

(૪) **પ્રયોગશાળા :** પ્રયોગશાળામાં વિદ્યાર્થી સક્રિય રહે તેવું આયોજન જરૂરી છે. પ્રયોગને લગતા સંદર્ભગ્રંથો અને પુસ્તકો હાથવગા રાખી શકાય. પ્રયોગશાળામાં સાધનોની ગોઠવણી સરળ હોવી જોઈએ. સાધનો તેજ ગતિથી સહજ રીતે મળવા જોઈએ. જે તે પ્રયોગના દિવસે, એજ સમયે તેની ગણતરી, તેના ગ્રાફ કે ક્યારેક સરકિટ કાર્ય પૂરા કરવા જોઈએ. મહિનામાં એકાદ વખત વિજ્ઞાન શિક્ષકની સભા યોજી કાર્યનું અવલોકન તેમજ તેમાં કયા સુધારા-વધારાને અવકાશ છે તે નક્કી કરી શકાય.

(૫) **મૌલિકતાનો વિકાસ :** વિદ્યાર્થીમાં મૌલિકતાનો વિકાસ થાય તે માટે સમયાંતરે નિબંધ સ્પર્ધા કે ચિઠ્ઠી ચર્ચાનું આયોજન કરી શકાય. શાળાની વિદ્યાર્થી સભા વખતે વિદ્યાર્થીમાં વક્તૃત્વ ખીલે તેનો પણ આયોજનમાં સમાવેશ થઈ શકે. આમ થવાથી તે વિવિધ જ્ઞાન, માહિતી મેળવતો થશે. તેમજ પુસ્તક કે સંદર્ભગ્રંથનો સહારો લેતો થશે. આ એક પ્રકારનું પરોક્ષ રીતનું શૈક્ષણિક કાર્ય જ છે.

**વિભાગ- B ઈતરપ્રવૃત્તિ :**

(૧) **આપણી ઉપાસના :** સામાન્ય રીતે દરેક શાળાની દિવસનો પ્રારંભ શાળાથી થતી પ્રાર્થનાથી થતો હોય છે. આ ઉપાસના મનનો ખોરાક છે. સાથે સાથે ઉપાસના એ આચાર્ય તાસ બની રહેવો જોઈએ. ઉપાસના પછી આચાર્ય અભ્યાસની સાથે સાથે સાંપ્રત પ્રવાહો, રાજકીય ગતિવિધિ, સામાજિક બનાવોની ચર્ચા કરી શકે. આમ સપ્તાહનાં એકાદ દિવસ માટે કોઈ વર્ગ કે વિદ્યાર્થીને કામગીરી સોંપી શકાય. કયા દિવસે કઈ પ્રાર્થના બોલવી, કયા વર્ગને કામગીરી સોંપવી તેનો પણ આયોજનમાં સમાવેશ કરી શકાય. વર્ગકક્ષા પ્રમાણે દરેક વર્ગને ઉપાસના બાદ સમાચાર વાંચનનો પણ આયોજનમાં સમાવેશ થઈ શકે.

(૨) **સત્રાંત-વર્ષાંત કાર્યક્રમો :** આવા કાર્યક્રમો વિદ્યાર્થીમાં ઉત્સાહ, જિજ્ઞાસા અને રસ-રુચિ વધારે છે. આવી પ્રવૃત્તિમાં ભાગ લેવાથી તેનામાં નવા વિચારો અને તેની માનસિક તાજગીમાં વધારો થાય છે. તે ખુશ રહે છે. સત્રાંત અને વર્ષાંતે પડતા વેકેશનમાં કઈ પ્રવૃત્તિ કરી શકાય તેનું સરળ માર્ગદર્શન આપી શકાય. દિવાળીના તહેવારોમાં ફટાકડા ફોડવા, મીઠાઈઓ ખાવી અને ખર્ચમાં અંકુશ કેવી રીતે રાખવો તેની સમજણ માટેનું આયોજન વિદ્યાર્થીઓને કહી શકાય.

(૩) **શિક્ષક સભાઓ :** સમગ્ર વર્ષ દરમિયાન શિક્ષક સભાનું આયોજન શાળા વિવિધ કાર્ય માટે જરૂરી બને છે. શિક્ષક સભામાં વિષય, વિદ્યાર્થીના અભ્યાસની સ્થિતિ, કચાશ ધરાવતા, નબળું પરિણામ લાવતા, વારંવાર ગેરહાજર રહેતા કે પછી કોઈક સામાજિક પરેશાની ભોગવતા વિદ્યાર્થીની વિગતોની ચર્ચા કરી શકાય.

શાળાની પરીક્ષા ઇતરપ્રવૃત્તિઓ, ઉજવણીઓનો પણ સમાવેશ શિક્ષક સભામાં થાય તેવું આયોજન થઈ શકે. અભ્યાસક્રમનાં કરેલાં આયોજનનું અવલોકન થઈ શકે.

**(૪) વાલીસભા :** વાલી પણ શાળાનું એક અંગ છે. તેની સાથે ને વિદ્યાર્થીના અભ્યાસ, શિસ્ત, વાણી-વર્તન, બીજા વિદ્યાર્થી સાથેનો વ્યવહાર અને તેના પરિણામની વિગતે ચર્ચા થઈ શકે. ઘણી શાળાઓ શાળાકીય પરિણામ વખતે વાલી સાથે આવી ચર્ચા કરે છે. આથી શાળા પોતાની અનુકૂળતા પ્રમાણે વર્ષમાં બે કે ત્રણ વખત આવી સભાઓ યોજવા માટે આયોજન કરી શકે. અભ્યાસક્રમની તાસ પદ્ધતિની ચર્ચાને પણ અવકાશ છે.

**(૫) રમત-ગમત :** શાળામાં વ્યાયામના તાસનું વ્યવસ્થિત આયોજન થાય. વિદ્યાર્થી ગંભીરતાથી રસપૂર્વક વિવિધ રમતોમાં ભાગ લે તે જરૂરી છે. વધુમાં વર્ષમાં એકવાર રમતોત્સવનું આયોજન થાય. તેમાં વ્યક્તિ રમતો, સમૂહ રમતો ઉત્સાહભેર રમાય તેવી ગોઠવણ થવી જરૂરી છે.

**(૬) જાહેર ઉજવણી :** દરેક શાળા સંસ્થા પોતાની અનુકૂળતા હોય તો સમય સંજોગોને ધ્યાનમાં રાખી વિવિધ ઉત્સવો અને તહેવારોની ઉજવણી કરી શકે. આવા આયોજનમાં કોમી અખેલાસનું મહત્વ જાળવી, વાલીઓને પણ આ અંગે વિશ્વાસમાં લઈ આયોજન કરી શકાય.

**વિભાગ- C અન્ય પ્રવૃત્તિઓ :**

શાળાકીય આયોજન વખતે અન્ય વિવિધ પ્રવૃત્તિઓ પણ કરવાની થતી હોય છે. આવી પ્રવૃત્તિઓને બે વિભાગમાં વહેંચી શકાય.

**(૧) જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ :** ● રાષ્ટ્રીય ઘડતર ● નેતૃત્વ વિકાસ ● સાહિત્ય દૃષ્ટિ ● વિજ્ઞાન દૃષ્ટિ ● સંગીત-નાટ્ય કલા ● સમૂહ ભાવના

**(૨) વિદ્યાર્થીની પોતાની સામેલગીરી :** ● રમતના મેદાનની પ્રવૃત્તિ ● વિદ્યાર્થી સંઘની પ્રવૃત્તિ ● ચિત્રકલાની કામગીરી ● પર્યાવરણ મિલકતની જાળવણી ● સફાઈ કામમાં સહભાગી ● વિવિધ હસ્તલિખિત અંકો

**વિભાગ- D અન્ય કામગીરી :**

આયોજન વખતે અન્ય કામગીરીનો સમાવેશ કરવો પડતો હોય છે. જેમ નીચેની બાબતો વિશે વિચારી શકાય.

શાળાકીય પરીક્ષાનાં પરિણામો આપવાની પદ્ધતિ

વિદ્યાર્થીના વર્ગખંડ અને વર્ગખંડ બહારની શિસ્ત માટેના આપણા ખ્યાલો આયોજનોની સાદી રૂપરેખા

અભ્યાસમાં નબળા અને તોફાની વિદ્યાર્થીઓની માવજત અને તેના ઉપાયોની રૂપરેખા

વિદ્યાર્થીને આપવાના પરિણામ પત્રકો, અભ્યાસ પત્રકો, અને અન્ય પત્રકોમાં સમાવિષ્ટ વિગતો, વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે સરળ અને ઉપયોગી બની રહે તેવા આયોજનો.

શાળાના બ્લેકબોર્ડમાં માહિતી, સુવાક્યો, સમાચાર, હવામાન, સામાજિક ગતિવિધિ, વર્તમાન રાજકીય સ્થિતિ અંગેનો ચિતાર ટૂંકમાં લખાય તે માટેની સમજણ અને વર્ગકક્ષાએ તે માટેનું આયોજન.

અભ્યાસક્રમનું વિષયવાર આયોજન થાય. તેમાં તાસ પદ્ધતિ અને શાળાના વિષયવાર સમયપત્રકનું આયોજન થઈ શકે.

પરિવાર-કુટંબના નાના-મોટા સામાજિક પ્રશ્નો, તેમજ મુશ્કેલીઓ અનુભવતા વિદ્યાર્થીઓની સંભાળ માટે આગોતરી વિચારણા થઈ શકે. જરૂર પડે તો આવી બાબતો માટે શિક્ષક સમિતિની રચના કરી શકાય.

સરકારી નિયમો, વાલીઓને જાણકારી અને ખર્ચની જરૂરી મર્યાદાને ધ્યાનમાં રાખી આયોજન કરવું જોઈએ.

વિશેષમાં આયોજનને આખરી ઓપ અપાયા પછી તેની કોપી દરેક શિક્ષક કર્મચારીને આપી શકાય. તેની એક નકલ શાળાના નોટિસ બોર્ડ ઉપર મૂકી શકાય. જેથી વિદ્યાર્થી-વાલી અને અન્યને તેની જાણકારી રહે.

આ બધી જ બાબતોનું ચિંતન-વિચાર-વિમર્શ અને વર્ગીકરણ અને આયોજન સૌ સાથે મળી નિષ્ઠાપૂર્વક કરે. તેમજ તેનો અમલ એક આગવા મિશન સાથે કરવામાં આવે તો... આવતી પેઢી માટે આપણે કંઈક સારું કર્યું છે તેનો સંતોષ મેળવી શકીશું.


# પ્રકાશન વિભાગ




## શિક્ષણપ્રયોગ
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૨૨૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




## ડોલ્ટન યોજના
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૭૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




## વિરલ વિદ્યાપુરુષ
ડો. મોહનભાઈ પંચાલ
કિંમત : ૧૦૦/-
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ





## શિક્ષણ વિચાર
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## જીવનલક્ષી શિક્ષણ
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



## કોઈએ નહોતું કીધું
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૪૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




## સ્મરણયાત્રા
જશીબેન નાયક
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## સપનાં થયાં સાકાર
હરિત પંડ્યા
કિંમત : ૧૨૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## સ્મૃતિ સુમન
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## કાળી વાદળી ઉજળી કોર
જશીબેન નાયક
કિંમત : ૧૬/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



## સ્મૃતિના અસવાર
જશીબેન નાયક
કિંમત : ૪૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## LIGHT IN THE EAST
FREDA WHITLAM
Price : 40/-
Publisher :
Saraswati Vidya Mandal




## સંભારણાં
કિંમત : ૧૭૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ




## સ્મૃતિ ઝરણાં
કિંમત : ૧૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ





## સ્મરણ પુષ્પ
કિંમત : ૯૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ




## સરદાર ગાથા
કિંમત : ૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

ઘરશાળા
જુલાઈ-૨૦૨૨
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૧૫/-● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-



## ઉમાશંકર જોશી

જન્મ : ૨૧ જુલાઈ ૧૯૧૧
અવસાન : ૧૯ ડિસેમ્બર ૧૯૮૮

# વિશ્વમાનવી

કીકી કરું એ નભતારલીની
ને મીટમાં માપું દિગંતરાલને,
માચા વીંધીને જળવાદળીની
અખંડ દેખું પળમાં ત્રિકાલને.

સન્ધ્યા-ઉષાની સજી પાંખજોડલી
યાત્રી બનું ઊર્ધ્વમુખી અનંતનો,
સ્વર્ગંગમાં ઝૂકવું ચંદ્રહોડલી,
સંગી બનું વા ધૂમકેતુ-પંથનો.

વ્યક્તિત્વનાં બંધન તોડીફોડી
વિશ્વાન્તરે પ્રાણપરાગ પાથરું,
પાંખો પ્રકાશે-તિમિરે ઝબોળી
સ્થળે સ્થલે અંતરપ્રેમ છાવરું.

વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી,
માથે ધરું ધૂળ વસુન્ધરાની.

વીસાપુર જેલ, ૩૦-૬-૧૯૩૨



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.